Wednesday 05, August 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઈમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૦૭૬ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## ઉમરગામના વૃદ્ધને ડિજિટલ એરેસ્ટ કરી રૂા. ૨૧.૨૬ લાખ પડાવ્યા

**સાયબર ઠગોએ નિવૃત્ત કોર્ટ રજિસ્ટ્રારને CBI, મુંબઈ ક્રાઈમ બ્રાન્ચ અને EDના નામે બનાવટી લેટરપેડ મોકલી મની લોન્ડરિંગ અને કેસની ધમકી આપી હતી : વલસાડ સાયબર પોલીસમાં ફરિયાદ નોંધાઈ**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૪ :** વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના સરોન્ડા ગામે રહેતા અને વલસાડ કોર્ટના નિવૃત્ત રજિસ્ટ્રાર ઈશ્વરલાલ ભગવાનજી પટેલ ઉં.વ. ૬૨ સાયબર ઠગોની જાળમાં ફસાયા છે. સાયબર ભામટાઓએ નરેશ ગોયલના કરોડોના મની લોન્ડરિંગ કેસમાં નામ હોવાનો અને આધારકાર્ડ પરથી સીમકાર્ડ ખરીદી ગેરકાયદે કામગીરી કરવાનો ડર બતાવી વૃદ્ધને 'ડિજિટલ એરેસ્ટ' કરી રૂ. ૨૧.૨૬ લાખથી વધુની રકમ ટ્રાન્સફર કરાવી લીધી છે. ગત માર્ચ મહિનામાં ઈશ્વરલાલ પટેલના મોબાઈલ પર એક અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનારે દિલ્હી ટેલિકોમ વિભાગ અને મુંબઈ ક્રાઈમ બ્રાન્ચના અધિકારી તરીકે ઓળખ આપી હતી. તેણે જણાવ્યું હતું કે, તમારા આધારકાર્ડ પરથી મુંબઈમાં સીમકાર્ડ ખરીદાયા છે અને તેના દ્વારા ગેરકાયદે જાહેરાતો તથા ફ્રોડ થઈ રહ્યા છે. ત્યારબાદ કાવ્યા શર્મા અને 'પોલીસ ડાયરેક્ટર' તરીકે ઓળખ આપનાર શખ્સોએ વાતચીત કરી હતી.

ઠગોએ વૃદ્ધને વિડીયો કોલ કરી ડરાવ્યા હતા કે મુંબઈની કેનેરા બેંકના એક ખાતામાં મની લોન્ડરિંગના મુખ્ય આરોપી નરેશ ગોયલ તરફથી રૂ. ૫ લાખ જમા થયા છે, જેમાં બે મહિલાઓ અને એક IPS અધિકારી પણ સામેલ છે. સાયબર ઠગોએ વિશ્વાસ જીતવા માટે સુપ્રીમ કોર્ટ, મુંબઈ પોલીસ F.I.R., CBI અને ED ના સિક્કાવાળા બનાવટી આરેસ્ટ વોરંટ અને લેટરપેડ વોટ્સએપ પર મોકલ્યા હતા.

ઠગોએ વૃદ્ધને ધમકી આપી હતી કે આ સંવેદનશીલ કેસ હોવાથી ઘરમાં કે બહાર કોઈને જાણ કરવી નહીં. ઘરની બહાર પોલીસ ચોકી પહેરો ભરી રહી છે તેવું કહી તેમને ચોવીસે કલાક ઓનલાઈન નજર હેઠળ (ડિજિટલ એરેસ્ટ) રાખ્યા હતા. એટલું જ નહીં, વૃદ્ધ પાસે દર કલાકે "I am reporting to Sir Vijay Khanaa we are safe. Jay hind" તેવો મેસેજ પણ બળજબરીથી લખાવતા હતા.

સુપ્રીમ કોર્ટના ઓર્ડર અને RBI ની તપાસના નામે ઠગોએ વૃદ્ધ પાસે રહેલી તમામ ડિપોઝિટ, SBI SIP અને મ્યુચ્યુઅલ ફંડની રકમ બંધ કરાવી પોતાના ખાતામાં જમા કરાવવા દબાણ કર્યુ હતું. ડરના માર્યા વૃદ્ધે પોતાની બેંકમાંથી રૂ. ૨૧,૨૬,૦૦૦ ઠગો દ્વારા આપવામાં આવેલા 'SUZAIN FIRE SERVICES PRIVATE LIMITED' ના કલમબોલી, મુંબઈ સ્થિત એકાઉન્ટમાં RTGS મારફતે ટ્રાન્સફર કરી દીધા હતા.

ત્યારબાદ વધુ રકમ માંગવામાં આવતા અને પોતાની સાથે ઠગાઈ થઈ હોવાનો અહેસાસ થતાં નિવૃત્ત રજિસ્ટ્રારે સમગ્ર મામલે વલસાડ સાયબર ક્રાઈમ પોલીસ મથકે અજાણ્યા ઠગો વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## મરોલીની નિષ્ઠા કેણી પ્રતિભાના જોરે આઈઆઈટી રૂડકી પહોંચી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૦૪ :** મરોલીના માંગેલવાડ વિસ્તારમાં રહેતા માછીમાર સમાજના પરિવારમાંથી આવતી પ્રતિભાશાળી વિદ્યાર્થીની નિષ્ઠા કુમારી ધર્મેન્દ્રભાઈ કેણીએ પોતાની મહેનત અને પ્રતિભાના બળે નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. કોઈપણ પ્રકારના કોચિંગ ક્લાસનો સહારો લીધા વિના સ્વઅભ્યાસ દ્વારા તેમણે સમગ્ર ભારતમાં ૭૦૨મો રેન્ક પ્રાપ્ત કર્યો છે.આ સિદ્ધિના આધારે નિષ્ઠાને ઉત્તરાખંડ સ્થિત IIT રૂડકીમાં કેમિકલ એન્જિનિયરિંગ ના M.Tech. અભ્યાસક્રમમાં પ્રવેશ મળ્યો છે. એનો શ્રેય પરંમ પૂ.પાંડુરંગ શાસ્ત્રીજી આઠવલે સ્વાધ્યાય વિચાર થકી જ પૂર્ણ થયું છે. આ સફળતાએ સમગ્ર માંગેલા સમાજનું ગૌરવ વધાર્યું છે. નિષ્ઠાની આ ઉપલબ્ધિને પગલે માંગેલા સમાજમાં આનંદની લાગણી વ્યાપી છે. સમાજના આગેવાનો, શિક્ષકો અને શુભેચ્છકોએ નિષ્ઠા તેમજ તેમના પરિવારને અભિનંદન પાઠવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી છે. નિષ્ઠાની સફળતા અન્ય વિદ્યાર્થીઓ માટે પણ પ્રેરણારૂપ બની છે.



### આલીપર બ્રિજ નીચે મોટા ખાડાઓથી વાહન ચાલકો પરેશાન

ચીખલી તાલુકામાં પડેલા ભારે વરસાદને કારણે આલીપોર વસુધારા ડેરી સામેના મુખ્ય માર્ગ ઉપર ઠેર ઠેર ખાડાઓનું સામ્રાજ્ય ફેલાવા પામ્યું છે ખાડાઓની ઊંડાઈ હોવાને કારણે લોડિંગ વાહનો પણ નમી જતા હોય છે ત્યારે કોઈ ગંભીર ઘટના બને તે પહેલા તંત્ર દ્વારા મસ મોટા ખાડાઓની મરામત કરાવે તે જરૂરી છે ખાડાઓને કારણે દ્રીચક્રિય વાહન ચાલકોએ પણ ભારે પરેશાની વેઠવી પડે છે.

## વલસાડમાં ઈન્ફલુએન્સરનો ઈન્ફલુઅન્સ ન ચાલ્યો

**નંબર પ્લેટ વગરની કાર લઈ પોલીસ મથકે પહોંચતા દંડ ફટકાયા**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૪ :** વલસાડવાસી નામના ઈન્સ્ટાગ્રામ પેજ સાથે સંકળાયેલા ઈન્ફલુએન્સર એ ખંડણીના કેસ માં પોલીસ મથક માં પોતાની બ્રિઝા કાર માં ડાર્ક ફિલ્મ લગાડવામાં આવી હોવાથી પોલીસે ૧,૦૦૦નો દંડ ફટકાર્યો હતો.

વલસાડવાસી નામના ઈન્સ્ટાગ્રામ પેજ સાથે સંકળાયેલા ઈન્ફલુએન્સર એ ખંડણીના કેસમાં આગોતરા જામીન મેળવ્યા બાદ ગતરોજ વલસાડ રૂરલ પોલીસ સ્ટેશનમાં નિકુંજ મીના પોતાની બ્રેઝા કાર નં. GJ-15-CP-0096 લઈ હાજર થયો હતો. જોકે તેની કાર પર નંબર પ્લેટ ન હોવા તેમજ ડાર્ક ફિલ્મ લગાડવામાં આવી હોવાથી પોલીસે ૧,૦૦૦ નો દંડ ફટકાર્યો હતો.

વલસાડ રૂરલ પોલીસે કોપીરાઈટ ક્લેમના બહાને રૂપિયા ૧૦ લાખની ખંડણી માંગવાના ગંભીર આરોપ અંગે નિકુંજ મીનાની મોડી રાત સુધી પોલીસે પૂછપરછ કરી હોવાનું જાણવા મળ્યું છે.

## વલસાડમાં ખોટા દસ્તાવેજથી બેંક સાથે છેતરપિંડી કરનાર સામે ફરિયાદ

**એસબીપીપી બેંકના ખોટા દસ્તાવેજો રજુ કરી રૂા. ૧૫ લાખની કાર લોન લીધી : શરુઆતમાં માત્ર ૪ હપ્તા ભરી હપ્તા ભરવાનું બંધ કરી દીધુ : બેંકની વારંવાર નોટીસો છતાં આરોપીએ કોઈ પ્રતિસાદ આપ્યો નહોતો**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૪ :** વલસાડ સ્થિત એસ.બી.પી.પી. કો-ઓપરેટિવ બેંક લિમિટેડ ખોટા દસ્તાવેજો રજૂ કરી, બેંકને અંધારામાં રાખી ૧૫ લાખની કાર લોન મેળવી બેંક સાથે વિશ્વાસઘાત અને ઠગાઈ આચરવાના ગંભીર પ્રકરણમાં એક શખ્સ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

વલસાડ તાલુકાના મેહ ગામના સત્સંગ ફળિયામાં રહેતા યશ રશ્મિકભાઈ પટેલ નામના ઈસમે વલસાડ હાલર રોડ સ્થિત એસ.બી.પી.પી. કો-ઓપરેટિવ બેંકમાંથી નવી ટાટા નેક્સોન કાર ખરીદવા માટે ૧૫ લાખ ની કાર લોન મંજૂર કરાવી હતી. આ રકમ બેંક દ્વારા આર.ટી.જી.એસ. મારફતે કાર ડીલર 'સ્ટેલર ઓટો ડ્રાઈવ પ્રા.લી.'ને ચૂકવવામાં આવી હતી. નિયમ મુજબ વાહન ખરીદ્યા બાદ તેના આર.ટી.ઓ. રજીસ્ટ્રેશનમાં બેંકના નામનું હાયપોથીકેશન કરાવવું ફરજિયાત હોય છે. પરંતુ યશ પટેલે વલસાડ આર.ટી.ઓ. માં વાહનનું રજીસ્ટ્રેશન GJ-15-CP-3209 કરાવતી વખતે બેંકનું નામ દાખલ કરાવ્યું ન હતું. ત્યારબાદ, બેંકમાં રજૂ કરવા માટે આર.ટી.ઓ. સ્કેન રિપોર્ટ, ટેક્સ ઈન્વોઈસ અને શો-રૂમ કસ્ટમર રિસિપ્ટની ખોટી ઝેરોક્ષ નકલો તૈયાર કરી હતી. આ બનાવટી દસ્તાવેજોમાં બેંકના નામે ખોટી હાયપોથીકેશનની એન્ટ્રી દર્શાવી, તે અસલ હોવાનો સિક્કો મારી બેંકમાં જમા કરાવી દીધા હતા. શરૂઆતમાં માત્ર ૪ માસિક હપ્તા ૩૯,૧૩૮ નિયમિત ભર્યા બાદ જુલાઈ ૨૦૨૪થી આરોપીએ લોનના હપ્તા ભરવાનું બંધ કરી દીધું હતું. બેંક દ્વારા વારંવાર નોટિસો આપવા છતાં અને વાહન ઈન્સ્પેક્શન માટે રજૂ કરવા જણાવવા છતાં આરોપીએ કોઈ પ્રતિસાદ આપ્યો નહોતો.

બેંકે જ્યારે વલસાડ આર.ટી.ઓ. કચેરી ખાતે રૂબરૂ તપાસ કરી ત્યારે સ્ફોટક ખુલાસો થયો હતો કે આ વાહન ઉપર બેંકનો કોઈ બોજો નોંધાયેલ જ નહોતો.બેંકની મંજૂરી વગર અને લોનની બાકી રકમ ચૂકવ્યા વગર આરોપી યશ પટેલે આ કાર અન્ય ત્રાહિત વ્યક્તિને વેચી મારી બેંક સાથે કરોડોની ઠગાઈ આચરી હતી.આ સમગ્ર મામલે બેંકના ડેપ્યુટી મેનેજર યોગેશ મગનલાલ ભગત (રહે. પારડી) દ્વારા વલસાડ પોલીસ મથકમાં આરોપી યશ રશ્મિકભાઈ પટેલે બેંક સાથે છેતરપિંડી તથા વિશ્વાસઘાત કરવા બદલ પોલીસ ફરિયાદ નોંધાવતા આગળની તપાસ હાથ ધરી છે.

## રાતા ખાડીમાં કોઝવેમાં ડૂબી ગયેલા યુવકની લાશ ત્રીજા દિવસે મળી



**રવિવારે સાંજે મિત્રો સાથે નહાવા જતાં તણાઈ ગયેલા યુવકનો મૃતદેહ પાતળીયા ચેકપોસ્ટ નજીક ખાડીમાંથી મળ્યો**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૪ :** વાપી નજીક રાતા ખાડીમાં રવિવારે સાંજે ન્હાવા પડેલો યુવક તણાઈ ગયો હતો જેની બે દિવસ ભારે શોધખોળ આજે ત્રીજા દિવસે દમણ નજીક પાતળીયા ચેપોસ્ટ નજીક ખાડીમાંથી લાશ મળી હતી. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ વાપી નજીક રાતા ખાડીમાં છીરીનો દીપક પાંડે નામનો ૨૬ વર્ષીય યુવક ખાડીના કોઝવે માં રવિવારે સાંજે ન્હાવા પડ્યો હતો જેમાં અચાનક પાણીનો પ્રવાહ વધતા તણાઈ ગયો હતો. ઘટનાની જાણ વાપી ફાયર બ્રિગેડ વિભાગને થતાં શોધખોળ હાથ ધરી હતી. મોડી સાંજ સુધી કોઈ ભાળ ન મળતા આજે બીજા દિવસે સોમવારે પણ લશ્કર દ્વારા ખાડીમાં શોધખોળ હાથ ધરી પરંતુ બીજા દિવસે પણ મોડી સાંજ સુધી યુવકની કોઈ ભાળ મળી ન હતી. ત્યારે આજે ત્રીજા દિવસે ૪૧ કલાક બાદ આ યુવકની લાશ ઉદવાડાના દમણ નજીક પાતળીયા ચેપોસ્ટ નજીકથી મળી આવી હતી જેને વાપીની લશ્કરની ટીમે બહાર કાઢી પોલીસને સોંપતા પોલીસે અકસ્માત મોત નોંધી તપાસ હાથ ધરી છે.

## SIR અંગે આજે દમણમાં બેઠક

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૦૪ :** દાદરા અને નગર હવેલી અને દમણ-દીવમાં સ્પેશિયલ સમરી રિવિઝન - ૨૦૨૬ હેઠળ મતદાર યાદી સંબંધિત ચાલી રહેલા કાર્યની સમીક્ષા કરવા માટે ૫ ઓગસ્ટના રોજ દમણમાં એક મહત્વપૂર્ણ બેઠક યોજાશે. બેઠકમાં, ચૂંટણી પંચ દ્વારા નિયુક્ત મતદાર યાદી નિરીક્ષક ઓમકાર ગોપાલ મરાઠે રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ અને સામાન્ય નાગરિકો સાથે સીધા વાર્તાલાપ કરીને તેમના સૂચનો અને ફરિયાદો સાંભળશે. ચૂંટણી શાખા તરફથી મળેલી માહિતી મુજબ, આ બેઠક બે તબક્કામાં યોજાશે. પ્રથમ સત્ર બપોરે ૧૨:૩૦ વાગ્યે મોતી દમણ સ્થિત જિલ્લા પંચાયત સભાગૃહમાં યોજાશે, જેમાં માન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષોના અધિકૃત પ્રતિનિધિઓ ભાગ લેશે. ત્યારબાદ, બપોરે ૧ વાગ્યે જનતા સાથે ખુલ્લો સંવાદ યોજાશે, જ્યાં મતદાર યાદી સંબંધિત સૂચનો, ફરિયાદો અને રજૂઆતો સીધા નિરીક્ષક સમક્ષ રજૂ કરી શકાશે.

દમણ જિલ્લામાં SIR-૨૦૨૬ ના કાર્યનું નિરીક્ષણ અધિક મુખ્ય ચૂંટણી અધિકારીના આદેશ હેઠળ નિયુક્ત કરાયેલા મતદાર યાદી નિરીક્ષક ઓમકાર ગોપાલ મરાઠે કરી રહ્યા છે. ચૂંટણી શાખાએ તમામ માન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષોને તેમના અધિકૃત પ્રતિનિધિઓને બેઠકમાં મોકલવા વિનંતી કરી છે.



દાદરા અને નગર હવેલીના માન્ય રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે સિલ્વાસાના જિલ્લા સચિવાલય ખાતે ચૂંટણી પંચ દ્વારા ખાસ સઘન સુધારણા -2026 હેઠળ નિયુક્ત મતદાર યાદી નિરીક્ષક ઓમકાર ગોપાલ મરાઠે, સચિવની અધ્યક્ષતામાં એક બેઠક યોજાઈ હતી. બેઠકમાં ખાસ સઘન સુધારણા-૨૦૨૬ ની પ્રગતિની સમીક્ષા કરવામાં આવી હતીસુધારા કરવાની છેલ્લી તા. ૦૯/૦૮/૨૦૨૬ છે. દાવાઓ અને વાંધાઓનો ઉકેલ ૦૭/૦૯/૨૦૨૬ સુધીમાં લાવવામાં આવશે.

## સાપુતારામાં તા.૮ ઓગસ્ટથી 'મોન્સૂન ફેસ્ટિવલ'

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**આહવા, તા. ૦૪ :** ગુજરાતના એકમાત્ર ગિરિમથક એવા સાપુતારા ખાતે પ્રવાસનની સાથે સાથે, સ્થાનિક રોજગારીને વધુને વધુ પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી પ્રતિવર્ષ ચોમાસાની ઋતુમાં યોજાતા મેઘ મલ્હાર પર્વ નો ૨૦૨૬ નો ઉદ્ઘાટન સમારંભ સંભવિત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે આગામી તા.૮ ઓગસ્ટના રોજ આયોજિત કરાયો છે. ગુજરાત સરકારનાં પ્રવાસન વિકાસ નિગમ દ્વારા આયોજિત આ કાર્યક્રમના આયોજન સંદર્ભે ડાંગ જિલ્લા કલેક્ટર એન.ડી.પરમારના અધ્યક્ષ સ્થાને એક મહત્વની બેઠક યોજાઇ હતી. જેમાં કલેક્ટરએ વિવિધ વિભાગોના અધિકારીઓને, સંબંધિત કાર્યક્રમની આનુષાંગિક કામગીરીથી અવગત કર્યા હતા. સાથે આ કાર્યક્રમને અનુલક્ષી તેનુ સુચારૂ આયોજન ઘડી કાઢવા સૌ લાઈન ડીપાર્ટમેન્ટના અધિકારીઓને આનુષંગિક કામગીરીની ફાળવણી કરી હતી.

દરમિયાન મહાનુભાવ માટે હેલીપેડ તૈયાર કરવા, કાયક્રમના સ્થળે ડોમ/મંડપ/સ્ટેજ અને બેઠક વ્યવસ્થા, કાયદો વ્યવસ્થાની કામગીરી, વાહન પાર્કિંગ અને ટ્રાફિક નિયમનની કામગીરી, ભોજન અને પીવાના પાણીની વ્યવસ્થા, આરોગ્યની ટીમો, સફાઇ સેનીટેશન અને આંતરીક રસ્તા મરામત વિગેરેની કામગીરી બાબતે સંબધિત અધિકારીશ્રીઓને જરૂરી વ્યવસ્થાઓ ઉભી કરવાં સૂચના આપી હતી.

દરમિયાન પ્રવાસન વિભાગના મેનેજીંગ ડિરેક્ટર ડો.વિપિન ગર્ગે પણ ઓનલાઇન બેઠક યોજી સ્થાનિક અધિકારીઓને કાર્યક્રમના આયોજન સંદર્ભે માર્ગદર્શિત કર્યાં હતાં. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી કુલદીપસિંહ ઝાલા, પ્રાયોજના વહીવટદાર ડો.મયુર પરમાર, પ્રાંત અધિકારી યુ.વી.પટેલ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી હિરલ પટેલ, કાર્યપાલક ઈજનેર કેતન કુંકણા સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## ધરમપુરમાં મહેસૂલી કામોના વિલંબ અંગે કોંગ્રેસની રજુઆત



દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૦૪ :** ધરમપુર તાલુકામાં છેલ્લા આશરે એક મહિનાથી પેઢીનામું, વારસાઈ, જાતિના દાખલા સહિત મહેસૂલના વિવિધ કામોમાં વિલંબ થતાં ખેડૂતો, વિદ્યાર્થીઓ અને સામાન્ય ગ્રામજનો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. આ ગંભીર મુદ્દે તાલુકા કોંગ્રેસ પ્રમુખ રાજેશભાઈ પટેલ ની આગેવાનીમાં મામલતદારને આવેદનપત્ર રજૂ કર્યું હતું.

રજૂઆતમાં જણાવાયું છે કે અગાઉ ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી દ્વારા પેઢીનામું, વારસાઈ, જાતિના દાખલા સહિત મહેસૂલને લગતી વિવિધ કામગીરી કરવામાં આવતી હતી. પરંતુ છેલ્લા એક મહિનાથી આ કામગીરી બંધ થઈ ગઈ હોવાનું જણાવાયું છે. ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી અરજદારોને રેવન્યુ તલાટી પાસે મોકલે છે, જ્યારે રેવન્યુ તલાટી પાસે પણ સમયસર કામગીરી થતી ન હોવાથી લોકોના મહત્વના કામો અટવાઈ રહ્યા છે.આ પરિસ્થિતિના કારણે ખેડૂતો, વિદ્યાર્થીઓ, સામાન્ય ગ્રામજનોને પણ પોતાના રોજિંદા મહેસૂલી કામો માટે કચેરીઓના ધક્કા ખાવા પડી રહ્યા હોવાની બાબતે કોંગ્રેસ સમિતિએ લેખિતમાં રજૂઆત કરી હતી સાથે જ ચેતવણી આપવામાં આવી છે કે જો ટૂંક સમયમાં સમસ્યાનો યોગ્ય નિકાલ નહીં આવે તો પ્રાંત કચેરી ખાતે ધરણાંની ચીમકી આપવામાં આવી છે.

## વાપી પંથકમાં પૂરના ૧૦ દિવસ બાદ પણ અનેક પરિવારોની હાલત યથાવત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૪ :** ગત ૨૩ જુલાઈના રોજ સમગ્ર દક્ષિણ ગુજરાત તેમજ વલસાડ જિલ્લામાં પડેલા ભારે વરસાદ અને મધુવન ડેમમાંથી દમણગંગા નદીમાં છોડવામાં આવેલા અંદાજે ચાર લાખ ક્યુસેક પાણીના કારણે વાપી ની દમણગંગા, દારોઠા, કોલક, બિલખાડી સહિત વલસાડ-પારડી પંથકની નદીઓમાં વિકરાળ પૂર આવ્યું હતું. જેના પગલે નદીકાંઠાના અનેક રહેણાંક વિસ્તારો જળબંબાકાર બન્યા હતા.

પૂરના કારણે અનેક પરિવારોના ઘરોમાં પાણી ઘૂસી જતાં ઘરવખરી, ફર્નિચર, ઈલેક્ટ્રોનિક ઉપકરણો સહિતની કિંમતી ચીજવસ્તુઓને ભારે નુકસાન પહોંચ્યું હતું. પૂર દરમિયાન અનેક સેવાભાવી સંસ્થાઓ, એનજીઓ અને વિવિધ સામાજિક સંગઠનો રાહત અને બચાવ કામગીરી માટે આગળ આવ્યા હતા.

જોકે, સ્થાનિક લોકોમાં એવી ચર્ચા ચાલી રહી છે કે દમણગંગા નદીકાંઠાના ઉમરગામ તાલુકાના બોરી, કચ્છીગામ, વલવાડા, કરમબિલ્લી, નાહોલી, પુનાટ સહિત વાપીના કેટલાક વિસ્તારોમાં મદદ અપાઈ પરંતુ જેમને જરૂરી છે તેઓને સહાય મળી નથી જેવા કે ભારે નુકસાન છતાં પૂરતી રાહત સામગ્રી અને સેવા પહોંચી ન હતી. પરિણામે અનેક અસરગ્રસ્ત પરિવારોને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

ભારે વરસાદ અને પૂરને દસ દિવસથી વધુ સમય વીતી ગયો હોવા છતાં અનેક પરિવારો હજુ પણ સામાન્ય જીવન તરફ પરત ફરી શક્યા નથી. નુકસાનગ્રસ્ત ઘરોની સફાઈ, ઘરવખરીની પુનઃવ્યવસ્થા અને રોજિંદા જીવનને ફરી ગતિ આપવા લોકો સતત સંઘર્ષ કરી રહ્યા છે. સ્થાનિકોમાં અસરગ્રસ્ત વિસ્તારોમાં વધુ અસરકારક રાહત અને પુનર્વસન સહાય વહીવટી તંત્ર દ્વારા સર્વે કરી પહોંચાડવામાં આવે તેવી માંગ થઈ રહી છે.

પૂર બાદ ૧૦ દિવસ બાદ પણ અનેક પરિવારો સામાન્ય જીવન તરફ ફરી શકયા નથી.

**નેમિનાથ ટ્રેડર્સ**




ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી

Mo. No. 9825190301 / 9825390301

સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)

Email : neminathtradersvapi@gmail.com

CBSE AFFILIATED - 430373

RAJHANS EDUCATION TRUST'S

**VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)**

ADMISSIONS OPEN
Academic Session
2026-2027
Nursery to Std. 10


12th Year Anniversary

SPECIAL OFFERS

% Early Bird Discount
Till 31st March

FREE Textbooks
From Nursery to Std 10

Special Concession
On Admission Fees



Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10



Admission forms available All working days
At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328

ENROLL NOW

School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191

Wednesday 05, August 2026
દમણગંગા ટાઈમ્સ
DAMANGANGA TIMES

# સ્થાનિક સમાચારો

●આહવા ● સાપુતારા ● વાંસદા ● ચીખલી ● ખેરગામ ● ગણદેવી ● બીલીમોરા



### ગણેશ મહોત્સવની તૈયારી

ચાતુર્માસના પ્રારંભ સાથે વિવિધ લોકપ્રિય વ્રતો તહેવારો શરૂ થાય છે. દેવોના મહાદેવ શિવજીના શ્રાવણ માસની સમાપ્તિ બાદ ૧૪ સપ્ટે.થી પ્રારંભ થતી મહાદેવપુત્ર ગણેશજીની આરાધનામાં વલસાડ ખેરગામ માર્ગે ગોરવાડા ખાતે પરંપરાગત ઉજવાતા ગણેશોત્સવમાં - ગોરવાડાના રાજાના આગમનની પુર્વ તૈયારીમાં વિરાટ મંડપ થઈ રહ્યો છે જેમાં સિંહાસને બિરાજેલા ગણપતિ બાપાની પ્રતિમાની ગોરવાડા નવ યુવક મિત્ર મંડળ સ્થાપના કરશે.હાલમા ઠેર ઠેર ગણેશોત્સવ માટે યુવાનો મંડી પડ્યા છે.

## વાંસદામાં નવસારી જિલ્લા કક્ષાનું સ્વતંત્ર પર્વ ઉજવાશે

**કલેક્ટરએ જિલ્લાના તમામ નાગરિકોને રાષ્ટ્રીય પર્વની ઉજવણીમાં ઉત્સાહભેર જોડાવાની કરી અપીલ**



**નવસારી, તા.૦૪ :** આગામી નવસારી જિલ્લા કક્ષાની ૧૫મી ઓગસ્ટની ઉજવણીના આયોજન અર્થે જિલ્લા કલેકટર મનિષ ગુરવાનીના અધ્યક્ષ સ્થાને કલેક્ટર કચેરીના સભાખંડમાં બેઠક યોજાઈ હતી. દર વર્ષની જેમ આ વર્ષે ૧૫મી ઑગસ્ટ એટલે કે, ૮૦મા સ્વતંત્રતા દિનની જિલ્લા કક્ષાની ઉજવણીનો કાર્યક્રમ વાંસદા તાલુકાના ગાંધી મેદાન ખાતે યોજાશે. રાષ્ટ્રીય પર્વની ગૌરવપુર્ણરીતે સંપન્ન થાય તે માટે વિવિધ સમિતિની રચના કરવામાં આવી છે.

બેઠકમાં જિલ્લા કલેકટર મનીષ ગુરવાનીએ જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય પર્વ સ્વાતંત્ર્ય દિન એ આપણી દેશભક્તિ અને આન-બાન-શાનનું પ્રતીક છે. આ ઉજવણી ઉત્સાહસભર, સુચારૂ અને સુનિશ્ચિત આયોજન સાથે થાય તે અત્યંત જરૂરી છે. કલેક્ટરએ ધ્વજવંદન મંડપ, પરેડ ગ્રાઉન્ડની તૈયારીઓ, બેઠક વ્યવસ્થા, પ્રોટોકોલ, સાઉન્ડ સિસ્ટમ, સાંસ્કૃતિક કાર્યક્રમો, સુશોભન, પાર્કિંગ, સલામતી અને ટ્રાફિક વ્યવસ્થા અંગે ઝીણવટભરી સમીક્ષા કરી હતી. રાષ્ટ્રીય પર્વની ઉજવણીમાં સૌ સહભાગી બનીએ તેમજ વધુમાં વધુ બાળકો અને જિલ્લાના નાગરિકો આ પર્વની ઉજવણીમાં જોડાઈ તે પ્રકારનું આયોજન કરવા સંબધિત અધિકારીઓને જણાવ્યું હતું. કલેક્ટરએ જિલ્લાના તમામ નાગરિકોને રાષ્ટ્રીય પર્વની ઉજવણીમાં ઉત્સાહભેર જોડાવાની અપીલ કરી હતી.

કલેકટર મનીષ ગુરવાનીએ કહ્યું કે, ખાસ કરીને ફલડ દરમિયાન જે તે વિભાગના અધિકારી-કર્મચારીઓએ ઉત્કૃષ્ઠ કામગીરી કરી હોય તેઓને સન્માનિત કરવા માટેના નામો મોકલી આપવા તમામ વિભાગનો અધિકારીઓને સુચનાઓ આપી હતી. આ બેઠકમાં જિલ્લા પોલીસ અધિક્ષક રાહુલ પટેલ , નિવાસી અધિક કલેકટરશ્રી જે.એન. લિખિયા તથા જિલ્લા વહીવટી તંત્રના સંબંધિત અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## નવનાથ ધામ દ્વારા પૂર અસરગ્રસ્ત વિસ્તારોમાં અનાજ કિટ અને સાડીઓનું વિતરણ કરાયું



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**બીલીમોરા, તા.૦૪ :** છેલ્લા કેટલાક દિવસોથી વરસી રહેલા અવિરત વરસાદને કારણે બીલીમોરા શહેર અને ગણદેવી તાલુકાના અનેક વિસ્તારોમાં જનજીવન અસ્તવ્યસ્ત બન્યું છે. આવી વિકટ પરિસ્થિતિમાં શ્રી નવનાથ ધામ, બીલીમોરાના છોટેદાદાના માર્ગદર્શન હેઠળ મા વિમલા અખૂટ અન્નક્ષેત્ર ટ્રસ્ટ દ્વારા અવિરત માનવસેવા પ્રવૃત્તિઓ ચલાવવામાં આવી રહી છે. અત્યાર સુધીમાં ૫૦,૦૦૦થી વધુ ફૂડ પેકેટનું સફળ વિતરણ કર્યા બાદ, પૂજ્ય છોટેદાદા સ્વયં રવિવારે અસરગ્રસ્ત વિસ્તારોમાં પહોંચ્યા હતા. ગુરુદેવ બ્રહ્મલીન પૂજ્ય સાનેદાદાની ૧૦૮મી જન્મ જયંતી નિમિત્તે ભાઠા ગામના ઘોડા ફળિયા અને વાંગરી ફળિયાના પૂરપીડિત પરિવારોને આશ્વાસન આપીને આશરે ૩૦૦ જેટલી અનાજ કિટ તેમજ સાડીઓનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે છોટેદાદાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે નવનાથ ધામ બહુજન હિતાય, બહુજન સુખાયના સિદ્ધાંત પર કાર્ય કરે છે. સેવા જ સાચો ધર્મ છે અને સંકટની આ ઘડીમાં એક પણ જરૂરિયાતમંદ પરિવાર ભૂખ્યો ન રહે તે માટે ટ્રસ્ટ સતત કટિબદ્ધ રહેશે. આ ભગીરથ રાહતકાર્યમાં ટ્રસ્ટના કાર્યકરો, સ્વયંસેવકો, દાતાઓ અને સ્થાનિક આગેવાનોએ સક્રિય યોગદાન આપ્યું હતું. સંકટ સમયમાં મુશ્કેલીમાં મુકાયેલા લોકોની વહારે આવીને અવિરત માનવસેવા બદલ સ્થાનિક રહીશોએ પ.પૂ. છોટેદાદા તથા ટ્રસ્ટનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

## ડાંગનાં શબરી ધામ ખાતે પંચ-દિવસીય કુમારીકાઓ માટેનો વ્રત ઉત્સવ સંપન્ન

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**સાપુતારા, તા.૦૪ :** આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગર દ્વારા માન્યતા પ્રાપ્ત ડાંગની શિવાશ્રય તેજસ્વીની કન્યા છાત્રાલય, વાસુણાખાતે વૈદિક પરંપરા અને શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે અલુણા વ્રત તથા જયાપાર્વતી વ્રતની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. શબરી માતાની પવિત્ર અને સનાતન ભૂમિ પર આયોજિત આ વ્રત ઉત્સવમાં છાત્રાલયની કન્યાઓએ સતત પાંચ દિવસ સુધી સંયમ અને નિષ્ઠાપૂર્વક ઉપવાસ-વ્રત કર્યા હતાં. આ વ્રતનો મુખ્ય હેતુ દીકરીઓમાં બુદ્ધિ, જ્ઞાન, પ્રેમ, તેજસ્વીતા અને શક્તિ જેવા સદ્ગુણોનું સિંચન કરવાનો તથા ભારતીય સંસ્કૃતિના મૂલ્યોનું જતન કરવાનો હતો. વ્રતના અંતિમ દિવસે રાત્રિ દરમિયાન જાગરણ ઉત્સવનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં



બ્રહ્મવાદીની પૂજ્ય હેતલ દીદી તથા ધનસુખભાઈ (જયાલક્ષ્મી તેજસ્વીની સંસ્કૃતિ પરિવાર)ના ગરિમામય સાનિધ્યમાં ભજન, કીર્તન અને સત્સંગનો ત્રિવેણી સંગમ રચાયો હતો. ભક્તિમય વાતાવરણમાં દીકરીઓ અને ગ્રામજનો ભાવવિભોર બન્યા હતા. વહેલી સવારે શાસ્ત્રીય પરંપરા મુજબ પુરોહિત મુલજીભાઈ દ્વારા જવારા પૂજન તેમજ પંચાયતન પૂજા વિધિવત રીતે સંપન્ન કરાવવામાં આવી હતી. ત્યારબાદ તમામ દીકરીઓ ભાવપૂર્વક ગામના નદી કિનારે પહોંચી હતી, જ્યાં જવારાનું વિસર્જન કરી શાસ્ત્રોક્ત રીતે પારણાં કરીને વ્રતની પૂર્ણાહુતિ કરી હતી. આ સમગ્ર આયોજનથી કન્યાઓમાં ભારતીય વૈદિક સંસ્કૃતિ, ધાર્મિક નિષ્ઠા અને સંસ્કારોનું પ્રબળ સિંચન થયું હતુ.

## ચીખલી ખાતે તાલુકા ફરિયાદ નિવારણ કાર્યક્રમ ૨૫ ઓગષ્ટના રોજ યોજાશે

**નવસારી, તા.૦૪ :** લોકાભિમુખ વહીવટના ભાગરૂપે તથા લોકોની ફરિયાદોનો સ્થાનિક કક્ષાએ ત્વરિત અને અસરકારક નિકાલ થઈ શકે તે હેતુસર દર માસના ચોથા મંગળવારે તાલુકા કક્ષાએ ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજવામાં આવે છે.

જે અંતર્ગત ઑગસ્ટ-૨૦૨૬ માસનો તાલુકા ફરિયાદ નિવારણ કાર્યક્રમ મામલતદાર કચેરી, ચીખલી ખાતે તા.૨૫/૦૮/૨૦૨૬ના ચોથા મંગળવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે યોજાશે.

જાહેર જનતાને વિનંતી કરવામાં આવે છે કે તેઓ પોતાની ફરિયાદ અરજીઓ સાથે સંબંધિત પુરાવાઓ તથા સંપર્ક માટેનો મોબાઈલ નંબર દર્શાવી અરજીના મથાળે ફરિયાદ નિવારણ ઑગસ્ટ ૨૦૨૬ લખી, ફરિયાદનો વિષય તેમજ સંબંધિત કયા ખાતાના અધિકારી દ્વારા ફરિયાદનો નિકાલ થવાનો છે તેની વિગતો સ્પષ્ટ રીતે દર્શાવી મામલતદાર, ચીખલીના સરનામે ૧૦/૦૮/૨૦૨૬ સુધીમાં ટપાલ દ્વારા અથવા રૂબરૂ રજૂ કરે.

અરજીઓના આધારે રજૂ થયેલી ફરિયાદો અંગે સંબંધિત વિભાગો દ્વારા યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવશે, તેમ મામલતદાર, ચીખલી દ્વારા જણાવવામાં આવ્યું છે.

## નવસારી કૃષિ યુનિવર્સિટી દ્વારા નોવેલના એમઓયુની હેટ્રિક

**નેપાળની કંપની સાથે ધરાવતા નોવેલ ઓર્ગેનિક લિક્વિડ ન્યુટ્રીઅન્ટ માટે ટેકનોલોજી ટ્રાન્સફરના કરાર કર્યા**

**નવસારી, તા.૦૪ :** નવસારી કૃષિ યુનિવર્સિટી ખાતે નેપાળની કંપની મોર્ડન એગ્રીકલ્ચર એન્ડ હબ્સ બિઝનેસ ફાર્મ દ્વારા કેળાના થડમાંથી સંશોધન પામેલા અને આંતરરાષ્ટ્રીય પેટન્ટ ધરાવતા નોવેલ ઓર્ગેનિક લિક્વિડ ન્યુટ્રીઅન્ટ માટે ટેકનોલોજી ટ્રાન્સફરના કરાર કરવામાં આવ્યા હતાં.



કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડો. આર એમ નાયક દ્વારા વિધિવત એગ્રીમેન્ટ ઉપર સહી કરી નેપાળના ટોપલાલની પ્રોપરાઈટરશીપમાં ચાલતી કંપની સાથે કરાર કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે કૃષિ યુનિવર્સિટીના સંશોધન નિયામક ડો. ટી. આર. અલ્હાવત, સંશોધન વૈજ્ઞાનિક ડો. વી આર નાયક અને સહ સંશોધન વૈજ્ઞાનિક ડો. ચિરાગ દેસાઈ હાજર રહ્યા હતાં. આ સમગ્ર ઈન્ટરનેશનલ કરારની કામગીરીમાં દિલ્હી આઈસીએઆરના એગ્રીઈનોવેટ દ્વારા પ્રક્રિયામાં સહાયકની કામગીરી પૂરી પાડવામાં આવી હતી. એગ્રીમેન્ટ બાદ ડો. ચિરાગ દેસાઈ દ્વારા નેપાળની કંપનીના નિમણૂક પામેલા અધિકારીને કેળાના થડમાંથી નોવેલ બનાવવાની નોંન ડિસ્ટક્લોઝર ટ્રેનીંગ આપી હતી.

આ અગાઉ યુનિવર્સિટી દ્વારા નોવેલ માટે આફ્રિકાની એક કંપની અને અમેરિકાની એક કંપની સાથે એમઓયુ કર્યા હતાં. આમ નવસારી કૃષિ યુનિવર્સિટી દ્વારા આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ત્રીજુ એમઓયુ કરવામાં આવ્યા જેનો ફાયદો નેપાળમાં કૃષિ ક્ષેત્રો ક્રાંતિ લાવવામાં મદદરૂપ થશે.

## નવસારી ખાતે પૂરગ્રસ્ત પરિવારોને પીડીલાઈટ ઈન્ડ. લિ. દ્વારા ગાદલાંનું વિતરણ કરાયું



**નવસારી, તા.૦૪ :** નવસારી જિલ્લામાં પૂરથી અસરગ્રસ્ત પરિવારોને જરૂરી રાહત સામગ્રી ઉપલબ્ધ કરાવવાના પ્રયાસોના ભાગરૂપે પીડીલાઈટ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ દ્વારા રેલ રાહત કોલોની અને બાલાપીર દરગાહ વિસ્તારમાં રહેતા પૂરગ્રસ્ત પરિવારોને ગાદલાંનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે કંપનીના પ્રતિનિધિઓએ અસરગ્રસ્ત પરિવારોને ગાદલાં અર્પણ કરી તેમની હાલની પરિસ્થિતિ અંગે માહિતી મેળવી હતી. પૂર બાદ સામાન્ય જનજીવન પુનઃસ્થાપિત કરવામાં આવી રહેલા પ્રયાસોમાં આ પ્રકારની સહાય અસરગ્રસ્ત પરિવારો માટે ઉપયોગી સાબિત થઈ રહી છે. પીડીલાઈટ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડની આ સામાજિક જવાબદારી અંતર્ગત કરવામાં આવેલી પહેલથી જરૂરિયાતમંદ પરિવારોને દૈનિક જીવનમાં જરૂરી સુવિધા પ્રાપ્ત થઈ છે. મુશ્કેલ સમયમાં કંપનીએ માનવતાનો અભિગમ અપનાવી સમાજ પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. સ્થાનિક રહેવાસીઓએ કંપનીના આ સહયોગ બદલ આભાર વ્યક્ત કર્યો હતો અને આવી સેવાકીય પ્રવૃત્તિઓ સમાજમાં સહભાગિતા અને માનવતાની ભાવનાને વધુ મજબૂત બનાવે છે તેમ જણાવ્યું હતું.



કલવાડાથી અટગામ જતા સુંદર સ્મશાનભૂમિ અને હાઈસ્કૂલના પ્રવેશદ્વાર પછી શાંતિ રેસીડેન્સી આગળ ડાબી બાજુ વિવિધ જગ્યાએથી કચરાના ઢગ ખડકાય છે. દુકાનદારો પ્લાસ્ટિકના થેલામાં કચરો ભરી અહીં નાખી જાય છે. જેનો તેઓએ નિકાલ કરવો જોઈએ પણ અહીં પથરાતા વેરવિખેર પણ થાય છે અને દુર્ગંધ પણ ફેલાવે છે. વલસાડ તા. માજી પં. પ્રમુખ, સરપંચો, આગેવાનો આ કચરા નિકાલની યોગ્ય વ્યવસ્થા કરે તેવું રાહદારીઓ ઈચ્છે છે.

## બીલીમોરામાં ગુપ્તા હોસ્પિટલ દ્વારા પુરગ્રસ્ત વિસ્તારોમાં નિ:શુલ્ક તબીબી સેવા આપી

**બીલીમોરા, તા. ૦૪ :** બીલીમોરા અને આસપાસના વિસ્તારોમાં ધોધમાર વરસાદ બાદ સર્જાયેલી પૂરની સ્થિતિમાં લોકોની મદદે ગુપ્તા હોસ્પિટલ આગળ આવી છે. પાણી ઓસર્યા બાદ રોગચાળો ન ફેલાય તે માટે હોસ્પિટલ દ્વારા ઓપરેશન સારવાર શરૂ કરવામાં આવ્યું છે, જેના અંતર્ગત ડૉ દિવ્યાંગ પટેલ (ફ્ઝ) ડૉ. શહાદત (RMO), નર્સિંગ સ્ટાફ અને એમ્બ્યુલન્સ સાથે સજ્જ ટીમે ઓરિયામોરા, વાઘરેચ અને તલોધ જેવા વિસ્તારોમાં વિનામૂલ્યે મેડિકલ કેમ્પ યોજ્યા હતા.આ કેમ્પમાં ૫૦૦થી વધુ જરૂરિયાતમંદ લોકોએ ઘરઆંગણે જ નિશુલ્ક સારવાર, દવાઓ, લોહીની તપાસ અને એક્સ-રે સુવિધાનો લાભ લીધો હતો. આગામી દિવસોમાં



મેંધર-ભાટ, ઊંડાચ, કલમઠા, મોરલી, ભાઠા અને સરીબુજરંગ ગામોમાં પણ આ સેવા પૂરી પાડવામાં આવશે.

પાંચ દાયકાથી ગણદેવી-બીલીમોરા અને નવસારી જિલ્લામાં ઓર્થોપેડિક સર્જન ડૉ. સુકેશ ગુપ્તા, ડૉ. દિવ્યાંગ પટેલ (મેડિસિન) અને સ્પેશિયાલિસ્ટ ડોક્ટરોની ટીમ સાથે જટિલ સર્જરી તથા ઈમરજન્સી માટે ગુપ્તા હોસ્પિટલ એક વિશ્વાસપાત્ર કેન્દ્ર બની રહી છે. તબીબી સેવાઓ ઉપરાંત સામાજિક જવાબદારીના ભાગરૂપે હોસ્પિટલ પરિવારે શૈક્ષણિક ક્ષેત્રે મદદરૂપ થવા માટે ૩૦થી વધુ શાળાઓમાં ૨૨,૦૦૦થી વધુ નોટબુકોનું નિશુલ્ક વિતરણ કર્યું છે.

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૦૫-૦૮-૨૦૨૬, **વાર :** બુધવાર **તિથિ :** અષાઢ, સાતમ, **સૂર્યોદય :** ૦૬ : ૧૬ **સૂર્યાસ્ત** ૦૭ :૧૫, **ચંદ્રોદય** - ૧૧:૨૮ **ચંદ્રાસ્ત** - ૧૨:૦૬ **ચંદ્ર રાશિ :** મેષ, **નક્ષત્ર** - અશ્વિની

### આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** આજે આર્થિક રીતે સારો દિવસ રહેવાની શક્યતા છે. રોકાણમાંથી લાભ મળી શકે છે અથવા કોઈ અટકેલ પૈસા પાછા મળી શકે.
**વૃષભ(બ.વ.ઉ) :** કાર્યક્ષેત્રમાં તમારી મહેનતનું ફળ મળશે. ઉચ્ચ અધિકારીઓથી પ્રશંસા મળી શકે છે.
**મિથુન(ક.છ.ઘ) :** આજે સ્વાસ્થ્ય અંગે ખાસ સાવચેતી રાખવાની જરૂર છે. થાક, માથાનો દુખાવો અથવા તણાવ અનુભવાઈ શકે. નકામી દોડધામ વધી શકે છે.
**કર્ક(ડ.હ) :** નવા કાર્યની શરૂઆત માટે આજે શુભ સમય છે. કોઈ નવું પ્રોજેક્ટ અથવા વ્યવસાય શરૂ કરવા માટે યોગ્ય દિવસ છે.
**સિંહ(મ.ટ.) :** વિરોધીઓ સક્રિય થઈ શકે છે, એટલે સાવધાન રહેવું જરૂરી છે. કાર્યસ્થળે રાજકારણથી દૂર રહો.
**કન્યા(પ.ઠ.ણ.) :** વિદ્યાર્થીઓ માટે દિવસ ખાસ અનુકૂળ છે. અભ્યાસમાં ધ્યાન કેન્દ્રિત રહેશે અને સારા પરિણામ મળી શકે.
**તુલા (ર.ત.) :** નોકરીમાં બદલાવના સંકેત દેખાઈ શકે છે. નવી તક મળી શકે છે, જે ભવિષ્ય માટે ફાયદાકારક રહેશે.
**વૃશ્ચિક(ન.ય.) :** યાત્રા માટે સારો દિવસ છે અને તેમાંથી લાભ મળી શકે છે. કામમાં ભાગ્યનો સાથ મળશે. અટકેલા કામ પૂર્ણ થઈ શકે છે.
**ધન(ભ.ધ.ફ.ઢ.) :** અચાનક ધન લાભ થવાની શક્યતા છે. કોઈ સારા સમાચાર મળી શકે. પરંતુ વાહન ચલાવતી વખતે ખાસ સાવધાની રાખવી. ઉતાવળથી બચવું જરૂરી છે.
**મકર(જ.ખ) :** પરિવાર સાથે સમય પસાર કરવાથી મન પ્રસન્ન રહેશે. સંતુલન જાળવવું મહત્વપૂર્ણ છે.
**કુંભ(ગ.શ.સ.) :** શત્રુઓ પર વિજય મળશે અને લાંબા સમયથી ચાલતા વિવાદોમાં રાહત મળશે. કાનૂની બાબતોમાં સકારાત્મક પરિણામ મળી શકે છે.
**મીન(દ.ચ.ઝ.થ.) :** રચનાત્મક કાર્યોમાં રસ વધશે. કલા, સંગીત અથવા લખાણમાં સફળતા મળી શકે. સંતાન તરફથી ખુશખબર મળી શકે છે. પરિવાર સાથે આનંદમય સમય પસાર થશે.

## દમણ રેડિયો

**102.3 FM**

બુધવાર

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫ઃ૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

## સુડોકુ નં.૬૪૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | | | | 6 | | | | 4 |
| 5 | | 7 | | | | 2 | | 1 |
| | | | 3 | | 2 | | | |
| 7 | | 4 | 8 | | 9 | 6 | | 3 |
| | | 1 | | | | 9 | | |
| 3 | | 5 | 1 | | 6 | 4 | | 7 |
| | | | 2 | | 5 | | | |
| 4 | | 9 | | | | 7 | | 8 |
| 8 | | | | 9 | | | | 5 |

અહીં એક ચોકઠું આપ્યું છે
જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.
(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.
(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.
(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો
(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

**સુડોકુ નં.૬૪૪નો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | 9 | 3 | 1 | 6 | 2 | 5 | 4 | 8 |
| 5 | 1 | 8 | 9 | 4 | 7 | 2 | 6 | 3 |
| 2 | 6 | 4 | 3 | 8 | 5 | 1 | 9 | 7 |
| 6 | 2 | 9 | 8 | 3 | 1 | 7 | 5 | 4 |
| 3 | 5 | 1 | 7 | 2 | 4 | 9 | 8 | 6 |
| 8 | 4 | 7 | 6 | 5 | 9 | 3 | 2 | 1 |
| 1 | 3 | 2 | 4 | 9 | 6 | 8 | 7 | 5 |
| 4 | 8 | 5 | 2 | 7 | 3 | 6 | 1 | 9 |
| 9 | 7 | 6 | 5 | 1 | 8 | 4 | 3 | 2 |

# સ્થાનિક સમાચારો

● વલસાડ ● પારડી ● ધરમપુર ● કપરાડા ●વાપી ● ઉમરગામ ●દમણ ● સેલવાસ

Wednesday 05, August 2026

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES


## ધરમપુર નગારિયામાં પુલના એપ્રોચનો ભાગ ધસતાં જોખમી ખાડો પડયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૦૪ :** ધરમપુર નગારિયા વિસ્તારના આર્ચ દવાખાના પાસે નવા પુલના આગમન ને અડીને રોડનો ભાગ ધસી જતાં મોટો ખાડો પડી ગયો છે. ભારે વરસાદ બાદ સર્જાયેલી આ સ્થિતિને એક પખવાડિયું વિતવા આવ્યું છતાં સમારકામ ન થતાં સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ રોડ સાથે નગરપાલિકાની પાઈપલાઈન પણ ધસી ગઈ છે, જેના કારણે રસ્તાની સ્થિતિ સતત બગડી રહી છે. આ માર્ગ પરથી દરરોજ મોટી સંખ્યામાં વાહનો અને રાહદારીઓ પસાર થતાં હોવાથી ગમે ત્યારે ગંભીર અકસ્માત સર્જાય તેવી ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે.

રાત્રિના સમયે પૂરતા બેરિકેડ અને ચેતવણીના બોર્ડ ન હોવાથી જોખમ વધુ વધી ગયું છે. નગરપાલિકા તંત્ર કોઈ અગટીત ઘટના બને તે પહેલા સમારકામ કરશે કે કેમ તે જોવુ રહ્યું.

## ભીલાડમાં ઘરેલુ હિંસા અધિનિયમ-૨૦૦૫ અંગે જાગૃતિ સેમિનાર યોજાયો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૦૪ :**ઉમરગામ તાલુકાના ભીલાડ સ્થિત આટ્ર્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે નારી વંદન ઉત્સવ અંતર્ગત મહિલા સુરક્ષા દિવસની ઉજવણી નિમિત્તે ઘરેલુ હિંસા અધિનિયમ-૨૦૦૫ અંગે જાગૃતિ સેમિનાર યોજાયો હતો. જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, વલસાડના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, શિક્ષકો તેમજ વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં જિલ્લા મહિલા અને બાળ અધિકારી શ્વેતાબેન આર. દેસાઈએ મહિલાઓના રક્ષણ, સશક્તિકરણ અને સમાનતા માટે અમલમાં રહેલા વિવિધ કાયદાઓ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. દહેજ પ્રતિબંધક સહરક્ષણ અધિકારી કમલેશ ગીરાસેએ ઘરેલુ હિંસા અધિનિયમ-૨૦૦૫ની મહત્વપૂર્ણ જોગવાઈઓ સમજાવી મહિલાઓ સામે થતા શારીરિક, માનસિક, આર્થિક અને સામાજિક અત્યાચારના વિવિધ સ્વરૂપો અંગે જાગૃતિ ફેલાવી હતી.

ડિસ્ટ્રિક્ટ મિશન કો-ઓર્ડિનેટર જીગ્નેશભાઈ પટેલે વ્હાલી દીકરી યોજના, ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના સહિત મહિલાઓ માટેની વિવિધ સરકારી કલ્યાણકારી યોજનાઓ વિશે માહિતી આપી હતી. જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના પેરા લીગલ વોલન્ટિયર જીસીલભાઈએ મહિલાઓને તેમના કાનૂની અધિકારો તથા નિઃશુલ્ક કાનૂની સહાય મેળવવાની પ્રક્રિયા અંગે માર્ગદર્શન આપ્યું હતું.

પી.આઈ. બી. કે. પટેલે પોક્સો એક્ટ, ફેમિલી લૉ તેમજ મહિલાઓ અને બાળકોના રક્ષણ માટેના મહત્વપૂર્ણ કાયદાઓ અંગે સમજણ આપી હતી. ઉપરાંત, સખી વન સ્ટોપ સેન્ટરના કાઉન્સેલર સ્નેહાલીબેન પટેલ અને પોલીસ સ્ટેશન બેઝ્ડ સપોર્ટ સેન્ટર, વાપીની કાઉન્સેલર નેહાબેન પટેલે મહિલાઓને ઉપલબ્ધ કાઉન્સેલિંગ, સુરક્ષા અને સહાય સેવાઓ અંગે વિગતવાર માહિતી આપી હતી.

## વાપીની એમ. જે. ફુલે પ્રા. શાળામાં શૈક્ષણિક કીટનું વિતરણ કરાયું




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૪ :** વાપીની એમ. જે. ફૂલે પ્રાથમિક અને માધ્યમિક શાળામાં ગ્રોવેલ ઈન્ડિયા લિમિટેડના સામાજિક ઉત્તરદાયિત્વ (CSR) અંતર્ગત બાલવાટિકાથી ધોરણ-૧૦ સુધીના તમામ વિદ્યાર્થીઓને અભ્યાસ માટે જરૂરી શૈક્ષણિક સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું. પ્રવેશોત્સવ નિમિત્તે કંપની દ્વારા વિદ્યાર્થીઓને સ્કૂલ બેગ, પાણીની બોટલ, નોટબુક, કમ્પાસ બોક્સ, પેન સહિત અન્ય જરૂરી શૈક્ષણિક વસ્તુઓ ભેટ સ્વરૂપે આપવામાં આવી.

કાર્યક્રમમાં કંપનીના પ્લાન્ટ હેડ રાજેન્દ્ર ગૂંડપ, જનરલ મેનેજર રાજેન્દ્ર , પ્રોડક્શન મેનેજર સચિન દળવી, પંકજ પાટીલ, સુરજ ચૌહાણ, એચ.આર. મેનેજર, સેફ્ટી વિભાગના રહીમ કેસવાની, એચ.આર. વિભાગના શ્રીમતી ઉષાબેન દેસાઈ તેમજ વિમલ શાહ અને સંદીપભાઈ સહિત ગ્રોવેલ ઈન્ડિયા લિમિટેડની ટીમ ઉપસ્થિત રહી હતી.

શ્રી રાજેન્દ્ર ગૂંડપે પોતાના ઉદ્બોધનમાં વિદ્યાર્થીઓને મન લગાવી અભ્યાસ કરવા અને જીવનમાં શિક્ષણનું મહત્વ સમજાવી તેમનો ઉત્સાહ વધાર્યો હતો. પંકજ પાટીલ અને સુરજ ચૌહાણે પણ વિદ્યાર્થીઓને શાળાનું મહત્વ સમજાવતાં મોબાઈલના અતિરેક ઉપયોગથી દૂર રહી વાંચનની ટેવ વિકસાવવા પ્રેરણા આપી હતી.

આ પ્રસંગે સામાજિક કાર્યકર્તા ગોરખ મહાજન અને દિનેશભાઈ ગુંડની શાળા પ્રત્યેની સતત સહયોગભાવનાની પણ પ્રશંસા કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે શાળાના આચાર્ય વંદનાબેન તથા સમગ્ર શિક્ષકગણે ગ્રોવેલ ઈન્ડિયા લિમિટેડના અધિકારીઓ અને તેમની ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

## નારગોલ ભંડારી સમાજ મહિલા મંડળના પ્રમુખ વરાયા




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૦૪:** ભંડારી સમાજ નારગોલના મહિલા મંડળ સમિતિની મુદત પૂર્ણ થતાં ગત તા. ૨૭/૦૭/૨૦૨૬ના રોજ ભંડારી સમાજ નારગોલની સામાન્ય સભા યોજાઈ હતી. સભા સમાજના પ્રમુખ યતીનભાઈ ભંડારીના અધ્યક્ષસ્થાને મળી હતી. સભામાં ઉપસ્થિત મોટી સંખ્યામાં સમાજની બહેનોએ સર્વાનુમતે નવા હોદ્દેદારોની નિમણૂક કરી હતી. નવનિયુક્ત હોદ્દેદારો ૧. પ્રમુખ ભારતીબેન દિનેશભાઈ કડુ ૨. ઉપપ્રમુખ સંગીતાબેન પ્રકાશભાઈ પટેલ ૩. ઉપપ્રમુખ અંકિતાબેન કમલેશભાઈ રાઉત ૪. મહામંત્રી હાર્દિકાબેન મહેશભાઈ રાઉત૫. સહમત્રી ૬સુલોચનાબેન જયવંતભાઈ ભંડારી ૬. ખજાનચી નીતાબેન રસિકભાઈ પટેલ ૭. સહખજાનચી તૃપ્તિબેન જીતેનભાઈ પટેલ ૮. ઓડિટર ૬સંગીતાબેન જયેશભાઈ રાઉત ૯. સલાહકાર ૬હંસાબેન પ્રવીણભાઈ પટેલ૧૦. સલાહકાર મંજુલાબેન રામચંદ્રભાઈ રાઉતહોદ્દેદારોની વરણી બાદ પૂર્વ પ્રમુખ હંસાબેન પ્રવીણભાઈ પટેલ દ્વારા નવનિયુક્ત પ્રમુખ ભારતીબેન કડુને પુષ્પગુચ્છ આપી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. તેમણે નવી ટીમને સમાજની મહિલાઓના ઉત્કર્ષ માટે ઉત્તમ કામગીરી કરવાની શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે નારગોલ ગ્રામ પંચાયતના સરપંચ સ્વીટી યતીન ભંડારી ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને તમામ નવનિયુક્ત હોદ્દેદારોને શુભેચ્છા પાઠવી હતી. બેઠકમાં મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો હતો કે, હવેથી મહિલા મંડળમાં કુંવારી દીકરીઓને પણ સમાવેશ કરીને તેમને તાલીમ અને જાગૃતિ આપવા માટે કન્યા શક્તિ બ્રિગેડની રચના કરવામાં આવશે. બેઠકના અંતે આગામી શ્રાવણ માસમાં જગદંબાધામ ખાતે યોજાનાર શ્રી શિવ મહાપુરાણ કથાની તૈયારીઓ અંગે ચર્ચા કરી જરૂરી આયોજન અંગે નિર્ણયો લેવામાં આવ્યા હતા. સભાને મહામંત્રી કિશોરભાઈ રાઉત દ્વારા આભારવિધિ સાથે સંપન્ન કરવામાં આવી હતી.

## પારનેરાની શાળામાં ૨૫૦ વૃક્ષોનું વાવેતર કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૪ :** અતુલ ફાઉન્ડેશનના સંજીવની ૨૦૨૬ કાર્યક્રમ અંતર્ગત અટાર અને પારનેરા ગામની શાળામાં ૨૫૦ વૃક્ષોનું વાવેતર કરાયુ અતુલ ફાઉન્ડેશન દ્વારા તા. ૧૫ જુલાઈથી ૩૦ જુલાઈ, ૨૦૨૬ દરમિયાન આયોજિત સંજીવની ૨૦૨૬ કાર્યક્રમ અંતર્ગત ૨,૦૦,૦૦૦ વૃક્ષો વાવવાનાં લક્ષ્યાંક સાથે પર્યાવરણ સંરક્ષણ અને હરિયાળા ભવિષ્ય નિર્માણ માટે વિવિધ સ્થળોએ વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

આ રીતે બંને શાળાઓમાં કુલ ૨૫૦ વૃક્ષોનું અતુલ કંપનીનાં જનરલ મેનેજર ગૌતમભાઈ દેસાઈની હાજરીમાં વાવેતર કરીને અતુલ ફાઉન્ડેશન દ્વારા પર્યાવરણ પ્રત્યેની સામૂહિક જવાબદારીનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું છે. અતુલ ફાઉન્ડેશને સૌને વધુમાં વધુ વૃક્ષો વાવવા અને તેનું જતન કરીને હરિયાળા તથા સ્વચ્છ પર્યાવરણના નિર્માણમાં સહભાગી બનવા અનુરોધ કર્યો છે.

## વલસાડના ધારાસભ્ય અને જિ.પં. પ્રમુખ દ્વારા વૃક્ષારોપણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૪ :** અતુલ ફાઉન્ડેશન દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ તા. ૧૫ જુલાઈ થી ૩૦ જુલાઈ, ૨૦૨૬ દરમિયાન આયોજિત સંજીવની-૨૦૨૬ અભિયાન અંતર્ગત પર્યાવરણ સંરક્ષણ અને હરિયાળા ભવિષ્યના સંકલ્પ સાથે વિવિધ સ્થળોએ વૃક્ષારોપણના કાર્યક્રમો યોજાયા હતા. જેમાં વલસાડનાં ધારાસભ્ય ભરતભાઈ પટેલ, ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ, કપરાડાનાં ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી, ઉમરગામનાં ધારાસભ્ય રમણભાઈ પાટકર અને વલસાડ જિલ્લા પંચાયતનાં પ્રમુખ હેતલબેન પટેલ દ્વારા એમના નિવાસસ્થાને પોતાના ઘરનાં સભ્યો સાથે અતુલ કંપનીનાં જનરલ મેનેજર ગૌતમભાઈ દેસાઈની હાજરીમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

બધા જ ધારાસભ્યો અને જિલ્લા પંચાયતનાં પ્રમુખે આ હરિત યાત્રા સતત આગળ વધતી રહે અને વધુ ને વધુ લોકોને પ્રકૃતિનાં સંરક્ષણ માટે પ્રેરણા આપે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. તેમજ સંજીવની અભિયાન સાથે જોડાયેલા તમામ સહભાગીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા અને સૌ નાગરિકોને વધુમાં વધુ વૃક્ષો વાવવા તેમજ તેનું જતન કરીને હરિયાળું, સ્વચ્છ અને સ્વસ્થ પર્યાવરણ નિર્માણમાં સક્રિય રીતે સહભાગી બનવા અપીલ કરી હતી.

## વાપીની મહેશ્વરી સેવા સમિતિ દ્વારા વિદ્યાર્થીઓને પુસ્તકોનું વિતરણ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૪ :** તાજેતરમાં પૂરને કારણે અસરગ્રસ્ત બનેલા ઉમરગામ તાલુકાના ગામોમાં મહેશ્વરી સેવા સમિતિ દ્વારા માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું છે.

સમિતિ દ્વારા આજે કાંચપાડા, હુમરાન અને ભાટી કરંબેલી ગામના ૪૦૦ થી વધુ વિદ્યાર્થીઓને શૈક્ષણિક પુસ્તકોનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. પૂરના કારણે ઘણા વિદ્યાર્થીઓના પુસ્તકો અને અભ્યાસ સામગ્રીને નુકસાન થયું હતું. આથી બાળકોના અભ્યાસમાં ખલેલ ન પડે તે માટે સમિતિએ તાત્કાલિક ધોરણે આ મદદ પહોંચાડી છે.

વિતરણ કાર્યક્રમ દરમિયાન ગામના આગેવાનો, શિક્ષકો અને વાલીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓને નવા પુસ્તકો મળતા તેમના ચહેરા પર ખુશી જોવા મળી હતી. મહેશ્વરી સેવા સમિતિ, ટીમ ઉમરગામના સભ્યોએ જણાવ્યું કે મુશ્કેલ સમયમાં સમાજના બાળકોને શિક્ષણથી વંચિત ન રહેવા દેવા એ જ અમારો મુખ્ય ઉદ્દેશ છે. આગામી સમયમાં પણ જરૂરિયાતમંદ લોકોને આવી જ મદ કરવાનું અમે ચાલુ રાખીશું.

## વલસાડના અગ્રવાલ સમાજ દ્વારા ગાદલા વિતરણ કરાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૪ :**વલસાડ જિલ્લા અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં તાજેતરમાં આવેલા વિનાશક પૂરના કારણે ભારે તારાજી સર્જાઈ હતી. પૂરના પાણી ઘરોમાં ફરી વળતાં અનેક પરિવારજનોની ઘરવખરી અને જરૂરી સામાન પલળીને બરબાદ થઈ ગયો હતો. આવી કટોકટીની ઘડીએ પૂરપીડિતોની વહારે આવીને અગ્રવાલ સમાજ, વલસાડ દ્વારા માનવતાવાદી કાર્ય કરવામાં આવ્યું છે.

અગ્રવાલ સમાજ વલસાડના પ્રમુખ મુકુલરાજ અગ્રવાલની રાહબરી અને માર્ગદર્શન હેઠળ સમાજના હોદ્દેદારો અને કાર્યકરો દ્વારા પૂરગ્રસ્ત વિસ્તારોમાં રાહત કામગીરી હાથ ધરવામાં આવી હતી. પાણી ઓસર્યા બાદ પૂરપીડિતોને આરામદાયક ઊંઘ મળી રહે અને તેઓ પોતાના જીવનની નવી શરૂઆત કરી શકે તે હેતુથી અસરગ્રસ્ત પરિવારજનોને ગાદલાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

પ્રમુખ મુકુલરાજ અગ્રવાલે જણાવ્યું હતું કે, કુદરતી આપદાના સમયે સમાજના જરૂરિયાતમંદ લોકોની મદદ કરવી એ આપણી પ્રાથમિક ફરજ છે. પૂરના કારણે લોકોનું મોટાપાયે નુકસાન થયું છે, ત્યારે આ નાનકડો સહયોગ તેમના જીવનને ફરી પાટા પર લાવવામાં મદદરૂપ બનશે.

શહેર તેમજ આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં જરૂરિયાતમંદ પૂરપીડિતો સુધી પહોંચીને ગાદલાઓનું વિતરણ કરાતાં અસરગ્રસ્તોએ અગ્રવાલ સમાજ અને પ્રમુખ મુકુલરાજ અગ્રવાલ નો આભાર વ્યક્ત કર્યો હતો.

## ચણવઈમાં ખેડૂતો માટે તાલીમ યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૪ :** જિલ્લા વહીવટી તંત્રના માર્ગદર્શન હેઠળ નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી - વલસાડ દ્વારા સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર ફલોરીકલ્ચર એંડ મેંગો, ચણવઇ ખાતે વલસાડ જિલ્લાના ખેડૂતો માટે એક મહત્વપૂર્ણ તાલીમ યોજાઇ હતી. જેનો મુખ્ય આશય ખેડૂતોને આંબાવાડીઓને વૈજ્ઞાનિક પદ્ધતિએ પુનઃ સ્થાપન હતો. ઉલ્લેખનિયછે કે, તાજેતરમાં તા. ૨૨/૦૭/૨૦૨૬ અને તા. ૨૩/૦૭/૨૦૨૬ ના રોજ થયેલ અતિ ભારે વરસાદને કારણે પુરની સ્થિતિ ઉભી થઈ હતી, જેના કારણે જિલ્લાની નદીઓ, કોતર અને ખાડી વિસ્તારમાં આવેલ ખેડૂતોની આંબાવાડીઓને નુકશાન થયું હતું.

જિલ્લા વિકાસ અધિકારી અતિરગ ચપલોતે તાલીમમાં જણાવ્યું હતું કે, કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીએ ખેડૂતોને થયેલા નુકશાનની પ્રત્યક્ષ પરિસ્થિતિ જોઈ હતી અને તુરંત જ ખેડૂતોને મદદ પહોંચાડવા સૂચના આપી હતી. તેમના માર્ગદર્શનમાં આ પ્રત્યક્ષ તાલીમનું ત્વરિત આયોજન કરવામાં આવ્યું છે. આ તાલીમ દ્વારા ખેડૂતો પણ એકબીજાને સહભાગી થઈ આંબાવાડી અને આંબા કલમોને ઉગારી શકશે. ખેડૂતોને બનતી સહાય કરવા રાજ્ય સરકાર તમામ પ્રયત્નો કરી રહી છે. આ તાલીમમાં વલસાડ જિલ્લાના ૧૨૦ થી વધુ ખેડૂતોએ ઉપસ્થિત રહ્યા હતા.

તજજ્ઞ તરીકે કૃષિ પ્રાયોગિક કેન્દ્ર, પરિયા ખાતેથી ડૉ. ચિરાગ આર. પટેલ, ડૉ. નિરવ ગજરે અને ડૉ. આશિષ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે નુકસાન પામેલા આંબાના ઝાડની માવજત કરવા, રોગ-જીવાત નિયંત્રણ અને વૈજ્ઞાનિક ઢબે બગીચાને ફરીથી કઈ રીતે નવપલ્લવિત કરવો તે અંગે ખેડૂતોને વિસ્તૃત અને પ્રત્યક્ષ તાલીમ પૂરી પાડી હતી. તાલીમમાં જિલ્લા ખેતીવાડી અધિકારી, નાયબ બાગાયત નિયામક, પ્રોજેક્ટ ડાયરેક્ટર (આત્મા) તેમજ બાગાયત અને ખેતી વિભાગના તમામ કર્મચારી અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ બાગાયત ખાતાની નર્સરી અને સેન્ટર ઓફ એક્સેલન્સ ખાતે ઉત્પાદિત પ્લાંટીંગ મટીરીયલ્સમાં એટ સોર્સ સહાય યોજના અંતર્ગત જે ખેડૂતો નુકસાનગ્રસ્ત વિસ્તારમાં નવી કલમો વાવેતર કરવા માંગતા હતા તેમને સહાયનો લાભ આપી આંબા કલમો પુરી પાડવામાં આવી છે.

તેમજ વહિવટી તંત્ર દ્વારા અસરગ્રસ્ત ખેડૂતોને વધુ માર્ગદર્શન મળે તે માટે કર્મચારી/અધિકારીઓ તથા કૃષિ વૈજ્ઞાનિકો ની ટીમ બનાવવામાં આવી છે જે અસરગ્રસ્ત ખેડૂતોની આંબાવાડી ની મુલાકાત લઈ માર્ગદર્શન આપવાનું આયોજન કરવામાં આવ્યું છે.

## પાટીગામે આદિવાસી પરંપરા મુજબ 'દિયાડો' વિધિ સંપન્ન કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીવલ, તા. ૦૪ :** નાનાપોંઢા તાલુકાના પાટી ગામમાં સ્વર્ગસ્થ ખાલપભાઈ પટેલના અવસાન બાદ તેમના પરિવારજનો દ્વારા આદિવાસી સમાજની પરંપરાગત મૃત્યુોત્તર વિધિ દિયાડો યોજવામાં આવી હતી. આ પ્રસંગે ગામના વડીલો, સગા-સંબંધીઓ અને સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને સ્વર્ગસ્થ આત્માને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

દિયાડો આદિવાસી સમાજની વર્ષો જૂની પરંપરા છે, જે મૃત્યુ બાદ નિર્ધારિત સમયે ધાર્મિક અને સામાજિક વિધિ તરીકે કરવામાં આવે છે. આ વિધિ દરમિયાન પરંપરાગત રીતરિવાજોનું પાલન કરવામાં આવે છે તેમજ તૂર સહિતના પરંપરાગત વાજિંત્રોના સ્વર સાથે પૂર્વજોના સ્મરણ અને આત્માની શાંતિ માટે પ્રાર્થના કરવામાં આવે છે. આ -સંગ સમાજના લોકો માટે માત્ર ધાર્મિક વિધિ જ નહીં, પરંતુ સાંસ્કૃતિક એકતા અને પરંપરાના જતનનું પણ પ્રતિક માનવામાં આવે છે.વિધિ દરમિયાન ઉપસ્થિત વડીલોએ જણાવ્યું હતું કે આદિવાસી સમાજની પ્રાચીન પરંપરાઓ અને સંસ્કૃતિને જીવંત રાખવી એ દરેક પેઢીની જવાબદારી છે. આધુનિક સમયના બદલાતા જીવનપ્રવાહ વચ્ચે પણ આવી પરંપરાઓ સમાજની ઓળખ અને સાંસ્કૃતિક વારસાને જાળવી રાખવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. પાટી ગામમાં યોજાયેલ દિયાડો વિધિ શ્રદ્ધા, આસ્થા અને પરંપરાગત રિવાજો સાથે સંપન્ન થઈ હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન સમાજના લોકોએ એકતા, સહભાગિતા અને પૂર્વજો પ્રત્યેની કૃતજ્ઞતાની ભાવના વ્યક્ત કરી હતી. આ પ્રસંગે આદિવાસી સંસ્કૃતિની આગવી ઓળખ અને પરંપરાગત જીવનમૂલ્યોની સુંદર ઝલક જોવા મળી હતી.

## પંડોરમાં જાયન્ટસ ગૃપ ઓફ વાપી દ્વારા રાહત કિટનું વિતરણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૪ :** તાજેતરમાં વાપી તથા આસપાસના વિસ્તારોમાં આવેલા ભારે વરસાદ અને પૂરના કારણે અનેક પરિવારો મુશ્કેલીમાં મુકાયા છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને જાયન્ટ્સ ગ્રુપ ઓફ વાપી દ્વારા પડોર ખાતે પૂરગ્રસ્ત અને જરૂરિયાતમંદ પરિવારોને રાહત કિટનું વિતરણ કરવામાં આવ્યું. આ સેવા કાર્યમાં જાયન્ટ્સ ગ્રુપ ઓફ વાપીના તમામ સભ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને નિઃસ્વાર્થ સેવાભાવ સાથે જરૂરિયાતમંદ પરિવારો સુધી રાહત સામગ્રી પહોંચાડી. કાર્યક્રમમાં એસ.સી.એમ. . બાલા શેટ્ટી, પૂર્વ પ્રમુખ ચારુશીલાબેન ભટ્ટ, પૂર્વ પ્રમુખ. હિરેન ગોર તેમજ જાયન્ટ્સ ટીમના સભ્યો અને દાતાઓએ હાજરી આપી આ સેવાયજ્ઞને સફળ બનાવ્યો. જાયન્ટ્સ ગ્રુપ ઓફ વાપીના પ્રમુખ રિતેશ રાવલએ જણાવ્યું કે, આપત્તિના સમયમાં સમાજના દરેક વ્યક્તિ સુધી મદદ પહોંચાડવી એ આપણી સૌની સામૂહિક જવાબદારી છે. જરૂરિયાતમંદોના ચહેરા પર સ્મિત લાવવાનો આ નાનકડો પ્રયાસ છે.

## કપરાડા-નાનાપોંઢામાં પુરગ્રસ્તોને શૌર્ય રક્ષા ટ્રસ્ટ દ્વારા રાશન-કપડાનું વિતરણ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૪ :** વલસાડ જિલ્લામાં તાજેતરમાં આવેલા પૂરથી પ્રભાવિત પરિવારોને મદદરૂપ થવા માટે વાપીની શૌર્ય રક્ષા ચેરિટેબલ ટ્રસ્ટ અને જીજાઉ મહિલા સંગઠન તેમજ સંજયભાઈ શિંદે ટીમના સંયુક્ત પ્રયાસથી રાહત સામગ્રી એકત્ર કરીને વિતરણ કરવામાં આવી રહી છે. આ સેવા કાર્ય અંતર્ગત આજે પૂરગ્રસ્ત વિસ્તારોમાં જરૂરતમંદ પરિવારોને રાશન, રસોડાના વાસણો અને કપડાનું વિતરણ કરવામાં આવ્યું.

આયોજકોએ જણાવ્યું કે આ સેવા કાર્યને સફળ બનાવવા માટે તમામ સહયોગીઓ, સ્વયંસેવકો અને દાનદાતાઓનો હૃદયપૂર્વક આભાર. તેમના સહયોગથી જ મોટી સંખ્યામાં પરિવારો સુધી મદદ પહોંચાડી શકાઈ.આ સેવા કાર્યમાં રામચંદ્ર તાત, અંતેશ્વર બિરાદર, હનુમંત રાઉત, ધનંજય જાધવ, રાજેશ ચૌહાણ અને કુશલભાઈ વડુ, એક્સ પેરા મિલિટ્રી સહિતના અગ્રણીઓ જોડાયા હતા. તો શૌર્યરક્ષા ચેરિટેબલ ટ્રસ્ટના સંસ્થાપક અશ્વિની રાણે, સંપદા સિંકર, પ્રદીપ સિંકર, પ્રિયંકા,, વંદના ચૌધરી, જીજાઉ મહિલા સંગઠનના માયાતાઈ શિંદે અને શ્રીમતી દીપા તાઈ સોનવણેના નેતૃત્વમાં મહિલાઓએ પણ આ સેવાકાર્યમાં સક્રિય ભાગ લીધો. ટ્રસ્ટ અને સંગઠનના સંયુક્ત ઉપક્રમે નાનાપોંઢાના, વડખંભા, બાબર ખડક સહિત અનેક પૂરગ્રસ્ત ગામોમાં જરૂરતમંદ પરિવારોને રાશન, રસોડાના વાસણો અને કપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. હજુ જરૂરિયાત મુજબ સેવા કર્યા ચાલુ છે.

## વાપી પંથકમાં વરસાદે વિરામ લેતાં ખેડૂતો ડાંગરની રોપણીમાં વ્યસ્ત

(દમણગગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૪ :** વાપી શહેર તથા તેની આસપાસના નામધા, ચંડોર, કુંતા, વડોલી, વટાર, મોરાય, સલવાવ, બલિઠા, છરવાડા, છીરી, રાતા, કોચરવા, પંડોળ, અંબાચ, નાની તંબાડી, મોટી તંબાડી, લવાછા અને કરવડ જેવા ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા ત્રણેક દિવસથી વરસાદે વિરામ લેતાં ખેડૂતો ડાંગરની રોપણીના કામમાં વ્યસ્ત બન્યા છે. વાપી પંથકમાં મુખ્યત્વે આકાશી વરસાદ આધારિત ડાંગરની ખેતી મોટા પ્રમાણમાં થતી હોવાથી પૂરતો વરસાદ થતાં ખેડૂતોમાં રાહતની લાગણી જોવા મળી રહી છે.ચોમાસાની શરૂઆતમાં જ જેમની પાસે પિયતની સગવડ હતી તેવા ખેડૂતો ડાંગરની વાવણી અને રોપણીનું કામ સમયસર શરૂ કરી ચૂક્યા હતા. જોકે આકાશી વરસાદ પર નિર્ભર નાના ખેડૂતોને પૂરતો વરસાદ ન મળતાં રોપણીનું કામ શરૂ કરવામાં મુશ્કેલી પડી રહી હતી. આ અંગે વાપીના ખેડૂત આગેવાન રમણભાઈ પટેલ અને શશીકાંતભાઈ પટેલના જણાવ્યા મુજબ હાલમાં છેલ્લા ત્રણ દિવસથી મોટા પાયે ડાંગરની રોપણી ચાલી રહી છે અને આગામી પાંચ સાત દિવસમાં મોટાભાગના વિસ્તારોમાં રોપણીનું કામ પૂર્ણ થઈ જશે તેવી ખેડૂતો આશા વ્યક્ત કરી રહ્યા છે.

# વિશેષ વાંચન

Wednesday 05, August 2026
દમણગંગા ટાઇમ્સ

# જુલાઈ માસના વરસાદમાં શહેરો અને ગામડાઓ ડૂબ્યા એ કુદરત નહીં પણ માનવસર્જિત!

**આરંભના વરસાદમાં જ ઠેર ઠેર તારાજી સર્જાઈ એ વિકાસના હડકવાનું પરિણામ : વરસાદી પાણીના નિકાલનું જ નિકંદન નીકળી ગયુ હોય ત્યારે વરસાદને દોષ ન દેવાય : વાપીમાં નાળલેન્ડની ૨૧ એકર જમીન રાજ્યના મુખ્ય સચિવે જી.આઈ.ડી.સી.ને ખેરાત કરેલી : બાકી હતુ તે બિલ્ડરોએ પુરુ કરી નાખેલું : ટુકવાડાગામની દુર્દશા માટે પણ પાણીનો અવરોધ ખલનાયક : દાદરા નગર હવેલીનો લાયન સફારી પાર્ક એટલે સિંહોનું કબ્રસ્તાન : છેલ્લા સિંહ 'અશોક'ના મોત બાબત અધિકારીઓ મૌનિબાબા: ગીર અભ્યારણ્યમાં માર્ગ ઉપર એકી સાથે ૧૨ સિંહોનો અડ્ડો : વાહનચાલકોએ વાહન થોભાવી વિડીયો ઉતાર્યા**

### દમણગંગાના તીરેથી



**- પ્રવિણસિંહ પરમાર**
(વરિષ્ઠ પત્રકાર, વાપી)
મો. નં. ૯૮૨૫૧ ૫૦૯૯૯

ચાલુ વર્ષ જુલાઈ માસમાં પડેલાં વરસાદે ગુજરાતના નાના-મોટા શહેરો અને ગામડાઓમાં જે તારાજી સર્જી તેને આપણે કુદરતી આફતમાં ખપાવીશું તો તે આત્મા સાથેની છેતરપિંડી જ ગણાશે. આ વરસાદે ઠેર ઠેર જે જળબંબાકાર સર્જ્યો તે માનવસર્જિત જ છે.

છેલ્લા કેટલાક વર્ષોથી સરકારને વિકાસનો હડકવા લાગેલો છે. વર્ષોવર્ષ ગામડા અદ્રષ્ય થતાં જાય છે. નાના મોટા શહેરો ગામડાને અજગરની જેમ ગળી રહ્યા છે. શહેરીકરણના પાગલપણાએ આડેધડ બાંધકામોને વેગ આવેલો છે. આ બાંધકામોએ દરેક જગ્યાએ વરસાદી પાણીના વહેણોની ઘોર ખોદી નાંખેલી છે. પ્લાનથી વિપરિત બાંધકામો જાણે જન્મસિદ્ધ હક્ક બની ગયેલો છે. ગેરકાયદે બાંધકામોનો પણ રાફડો ફાટેલો છે. બાંધકામોના ક્ષેત્રમાં તો જેની લાઠી તેની ભેંસ જેવો માહોલ ઉભો થયેલો છે. અધુરામાં પુરુ સરકાર પણ ગેરકાયદે બાંધકામો પર હથોડો ઝિંકવાના બદલે તેને ઈમ્પેકટ ફી ના નામે નિયમિત કરી ડેવલપરો અને બિલ્ડરોને જાણે પ્રોત્સાહન આપે છે !

આ વર્ષના વરસાદે ગામો અને શહેરોને ડુબાડયા તે કુદરતી વહેણનું રામ બોલો ભાઈ રામ કરનારાઓએ કરેલા પાપનું જ પરિણામ છે.

વરસાદી પાણીના ભરાવાના કારણે આખું જન જીવન ઠપ થઈ જાય તેને આપણે કોની શરમ કહીશું ? ચાલુ વર્ષે જુલાઈમાં પડેલા વરસાદમાં ગુજરાતમાં આશરે ૪૦ માણસોનું રામ નામ સત્ય થઈ ગયું. સખ્યાબંધ મુંગા જીવો જળસમાધિ લઈ લીધી. રાષ્ટ્રીય ધોરી માર્ગો, રાજય ધોરી માર્ગો અને અન્ય જીલ્લા પંચાયતના માર્ગો છાણના લિપણની જેમ ધોવાઈ ગયા. રેલ્વે વ્યવહાર પણ ઠપ થઈ ગયો. શહેરો અને ગામડાઓ સરોવર બનતા, હોડીના સહારે, ફસાયેલા લોકોને ઉગારવાની નોબત, ખેતી પણ નાશ પામી વિનાશક વિકાસની જ નિપજ છે. આ વરસાદમાં ઊંચા પુલો પણ ડુબી ગયા. જયારે ઊંચા પુલો જ પાણીમાં ગરક થઈ જતાં હોય ત્યારે લોલેવલ બ્રિજોની હાલત અંગે કલ્પના જ કરવી રહી !

વાપીમાં પણ દમણગંગા, કોલક અને બિલખાડીએ ખાનાખરાબી કરવામાં કંઈ બાકી ન રાખ્યું. ટુકવાડાની કરોડપતિઓની વસાહત અવધ યુટોપિયા પણ પુરી ડુબી ગઈ. અન્યત્ર પણ કોલક નદીના પાણીએ ભારે નુકશાન પહોચાડયું. આ સ્થિતિ દર વર્ષે સર્જાવાની છે એ નક્કી માનવું. કરોડોના બંગલામાં સુતા હોઈએ અને વરસાદી પાણી પોતાનો પોલાદી પંજો ફેલાવી નિવાસસ્થાનોને ડુબાડી દે એ હવે સામાન્ય બની રહેવાનુ છે.

વર્ષો અગાઉ વાપી નગરપાલિકા હસ્તની ૨૧ એકરજેટલી નાળલેન્ડ (કુદરતી પાણીના વહેણની જમીન) જે પુર્વમાં જીઆઈડીસીને લાગીને હતી તે ગુજરાતના જે તે સમયના મુખ્ય સચિવે એક આદેશ દ્વારા જીઆઈડીસીને ખેરાત કરી હતી.નગરપાલિકાના ચીફ ઓફિસરના આ સામેના વાંધાને પણ ગુણકારવામાં આવ્યો ન હતો. કેમ કે આદેશ મુખ્ય સચિવ જેવી મોટી ટોપીનો હતો.

બાકીના વરસાદી પાણીના કુદરતી પ્રવાહોની ઠાઠડી બિલ્ડરોએ કાઢી નાંખી. ચાલુ વર્ષે વાપીએ વરસાદી પાણીમાં ડુબકી મારી તે સ્થાપિતહિતોની ચેષ્ઠાનું જ પરિણામ છે.

વાપીનો બીજો માથાનો દુ:ખાવો છેલ્લા ચાર વર્ષથી ગોકળ ગાયની ગતિથી ચાલતા ફોરલેન રેલ્વે ઓવરબ્રીજનો બની રહેલ છે. ચોમાસામાં તો હાલત ખુબ દયનીય બની રહેતી હોય છે કેમ કે, વાપી પૂર્વથી પશ્ચિમમાં સરળ યા તો સીધા પહોચવાનો કોઈ વિકલ્પ જ નથી. ચોમાસામાં બલિઠાનો રે્લવે અન્ડરબ્રિજ પાણીમાં ડૂબ્યો હતો અને જે ટાઈપ નો જુનો અન્ડરબ્રિજ તો થોડા વરસાદમાં ન ડુબે તો જ આશ્ચર્ય! રાહદારીઓ માટેના રેલ્વે અન્ડરબ્રિજને પણ ડુબવાનો ચેપ લાગેલો છે. એટલે ત્રણે રેલ્વે અન્ડરબ્રિજ ચોમાસામાં શોભાના ગાઠિયા બની રહે છ. જે ટાઈપનો રેલ્વે ઓવરબ્રીજ તૈયાર છે પણ રેલ્વેના કાર્યક્ષેત્રનું કામ બાકી છે એટલે તે પણ શોભાનો ગાઠિયો જ બની રહેલ છે.

આ રેલ્વે ઓવરબ્રિજ આવતા ચાર મહિના સુધી ચાલુ થવાનો નથી. બીજી વાત ફોરલેન ઓવરબ્રિજની કામગીરીને કારણે વાહન ચાલકોને હેરાનગતિ ન થાય એ માટે રેલ્વે ફાટકનો સારો એવો વિકલ્પ શરુ કરાયો હતો. પરંતુ અક્કલને ગોખલામાં મુકી આ રેલ્વે ફાટક બંધ કરવાના રેલ્વેના નિર્ણયને જીલ્લા શાસને અને વાપી મહાનગરપાલિકાના શાસકોએ પણ ઠેકો આપતાં આ વિકલ્પનું પણ ઉઠામણું થઈ ગયેલું છે. મતલબ, ફાટક કાયમ માટે બંધ છે.

વાપી સાથે દાદરા નગર હવેલીના સાંસદ, દમણ-દીવના સાંસદ અને વલસાડ-ડાંગના સાંસદ પણ સંકળાયેલા છે. પરંતુ કેન્દ્રને સ્પર્ષતા રેલ્વેના અને નેશનલ હાઈવેના પ્રશ્નો ઉકેલવામાં આ સાંસદોનુ કોઈ પ્રદાન હોવાનું જણાતુ નથી.

હવે ગુજરાત સરકારને લાગ્યુ કે ચોમાસામાં ડામરના માર્ગો અલોપ થઈ જાય છે. એટલે મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાના માર્ગોને કોંક્રીટના જ બનાવવા, ઠીક છે વાત આવકાર્ય છે પણ આપણે ત્યાં ભ્રષ્ટાચારનો ભોરિંગ હંમેશા ફેણ ઉચી જ કરી રહેલો હોય છે. એટલે કોંક્રીટના માર્ગો બનાવવામાં ધોરણ નહી જળવાય તો ઉલ માંથી ચુલમાં પડયા જેવું થશે !

સિમેન્ટ કોંક્રિટના માર્ગો શરુઆતમાં ખર્ચ મોંઘા પે પરંતુ જાળવણી નહીવત હોવાના કારણે તે લાંબા ગાળા સસ્તા પડે છે. જો મેલીમથરાવટી વગર કોંક્રીટનો માર્ગ બનાવાય તો ૪૦ વર્ષ સુધી આ માર્ગને વાંધો ન આવે. પણ આપણે ત્યા માર્ગ બનાવનાર અને વર્ક ઓર્ડર આપનાર સાથેની મીલીભગત ચાલતી હોવાથી કોંક્રિટ નો માર્ગ કેટલો ટકશે તેની કોઈ ગેરંટી નહીં!

## દાનહના અપશકુનિયાળ લાયન સફારી પાર્કના સિંહ 'અશોક'ની ચિર વિદાય...

જાણવા મળ્યા પ્રમાણે હાલમાં જ દાદરા નગર હવેલીના વાસોણા ગામમાં આવેલાં લાયન સફારી પાર્કના સિંહ 'અશોક'નું મૃત્યુ થયું છે.

સિંહ 'અશોક'ના મોત બાબતમાં વનવિભાગ અને સફારી પાર્કન પશુચિકિત્સકે હોઠે ખંભાતી તારા મારી દીધેલા હોવાના કારણે આ સિંહાના મૃત્યુ માટેના કારણો માટે અનુમાન જ થઈ રહ્યું છે. આ સિંહ વયોવૃદ્ધ તો ગણાય. પણ વયના કારણે મરી જાય એમ નહોતું. આ લાયન સફારી પાર્ક અંગે એવી ચર્ચાઓ પણ થઈ રહી છે કે અગાઉના વન અધિકારી દિલીપસિંહ માંગરોળા સફારી પાર્ક અને તેમાં રહેલા સિંહોની ખુબ કાળજી લેતાં હતાં. દિલીપસિંહ માંગરોળા નિવૃત્ત થયા પછી વન વિભાગ અને પશુચિકિત્સક સફારી પાર્ક ના સિંહોની અપેક્ષિત કાળજી લેતાં ન હોવાની પણ ચર્ચા છે. રેંજ ફોરેસ્ટ ઓફિસરે નિયમિત લાયન સફારી પાર્કની મુલાકાત લેવી જોઈએ તેનો સંપૂર્ણ અભાવ હોવાનો મત વ્યકત થઈ રહ્યો છે. રાત્રી દરમ્યાન પણ સફારીની વીઝીટ કોઈ લેતા નથી.

દાદરા નગર હવેલી, દમણ - દીવ અને લક્ષ્યદ્વીપના પ્રશાસક પ્રફુલભાઈ પટેલે સફારી લાયન્સ પાર્કના સિંહો સંદર્ભમાં લાપરવાહી બતાવનાર અધિકારીઓનું ઉત્તર દાયિત્વ નક્કી કરી શિક્ષાત્મક પગલાં લેવા જોઈએ. એવો લોકમત છે. વાસોણા લાયન્સ સફારી પાર્કના સિંહ 'અશોક'ના મૃત્યુ બાદ આ પાર્કમાં હવે એકમાત્ર 'ગિરિજા' નામની સિંહણ જ રહી છે. અને તે પણ વયોવૃદ્ધ હોઈ સફારી પાર્ક બંધ કરવાની નોબત આવવાની છે. નિવૃત્ત વન અધિકારી દિલીપસિંહ માંગરોળાની ખોટ હવે જ વર્તાશે.

આપણે દાદરા નગરહવેલીના આ અપશકુનિયાળ લાયન સફારી પાર્કના મોતને વરેલા કમનસીબ સિંહો પર એક નજીક કરીએ તો આશરે ૫૦ એકરમાં પથરાયેલ વાસોણા ગામના લાયન્સ સફારી પાર્ક આજથી ચોવીસ વર્ષ ઉપર તા. ૪-૯-૨૦૦૨ના દિને ખુલ્લો મુકાયો હતો. શરુઆતમાં તા. ૨-૩-૧૯૯૯માં જન્મેલી 'સોનલ' સિંહણને જુનાગઢના સક્કરબાજ પ્રાણીબાગમાંથી લાવવામાં આવેલ. સોનલ સાથે સિંહ 'કુશ' અને 'સિંહણ સીલ્કી'ની જોડી પણ સામેલ કરવામાં આવી હતી. 'અ હોમ, અવે ફ્રોમ હોમ, એ સિયાટિક લાયન' ના સુત્ર સાથે આ સફારી પાર્કનો આરંભ થયેલો. દાદરા નગરહવેલીના વન વિભાગના વન્યપ્રાણી વિભાગ દ્વારા ઈકો ટુરિઝમને પ્રોત્સાહન મળે અને લોકોમાં વન્ય પ્રાણી સંદર્ભમાં તાદાત્મ્ય સધાય એ હેતુને નજર સામે રાખી વાસોણામાં લાયન્સ સફારી પાર્ક શરુ કરવામાં આવ્યો હતો. વનખાતાની એવી ધારણા પણ હતી કે આ સફારી પાર્કમાં સિંહ અને સિંહ વચ્ચેના પ્રેમના પ્રતીક જેવા સિંહબાળો પણ પાર્કમાં જન્મે. પરંતુ કમનસીબે થયું ઉલટું. સિંહની વસતીમાં વધારો થવાના બદલે જે હતાં એ સિંહો જાનલેવા બિમારીમાં પટકાવાઈ ઉપર પહોંચાડવા માંડયા!

વાસોણાને આ લાયન સફારી પાર્ક શરુ થયાના ચાર જ વર્ષમાં 'કુશ' સિંહ તા. ૨૩-૬-૨૦૦૬ના દિને તાવમાં પટકાયો. તેને ખુબ ઘાતક રકતપેથોજનની બિમારી લાગી હતી. તા. ૩૦-૭-૨૦૦૬ના દિવસે 'કુશ' સિંહે ભરજુવાનીમાં હંમેશ માટે આંખ મીંચી દીધી.

એ પહેલાં વર્ષ ૨૦૦૫માં 'સીલ્કી' સિંહને ટોક નામનો ઘાતક રોગ થતાં બે મહિનાની ઘનિષ્ઠ સારવાર બાદ સીલ્કી પણ પ્રભુને પ્યારી થઈ ગઈ હતી.

સિંહો માટે કબ્રસ્તાન બની રહેલ લાયન્સ સફારી પાર્કમાં કુશ અને 'સીલ્કી'ની કાયમી વિદાય બાદ જુનાગઢના સક્કરબાગ પ્રાણી બાગમાંથી 'ધર્મા' નામના સિંહને સફારી પાર્કમાં લાવવામાં આવ્યો. આ સિંહ લંગડો હતો પણ 'ધરમની ગાયના દાત કયાં જોવા' ની કહેત મુજબ લંગડા સિંહને પણ સ્વીકારી લેવાયો. આ 'ધર્મા' સિંહ પણ સફારી પાર્કમાં મરવા જ આવ્યો હોય એમ તે પણ ડિસ્ટેમ્પર નામના રોગમાં પટકાયો અને ૨૧-૦૪-૨૦૦૮ના દિને તે લાંબા ગામતરે પહોંચી ગયો.

જૂન ૨૦૧૦માં જુનાગઢથી 'વિરલ' નામના સિંહને લાવવામાં આવ્યો તે પણ વર્ષ ૨૦૧૩માં અકાળે મૃત્યુ પામ્યો. મરણ પામેલા સિંહોની જગ્યા પુરવા જુનાગઢથી 'મહીન' નામના સિંહને લાવવામાં આવ્યો. ટુંકી માંદગી બાદ આ સિંહે પણ તા. ૮-૫-૨૦૧૮ના રોજ સફારી પાર્ક અને દુનિયાને અલવિદા કરી દીધી.

મહીન સિંહ સાથે 'ગિરિજા' નામની સિંહની જોડી જુનાગઢથી લાવવામાં આવી હતી. આ બન્નેના પ્રેમ સંબંધના પરિણામે ગિરિજાએ સફારી પાર્કમાં સિંહબાળને જન્મ આપ્યો હતો.

પરંતુ આ ખુશી ટુંક જીવી નીવડી હતી. સિંહબાળ અગમ્ય કારણોસર મોતને ભેટયું હતું.

વાસોણાના લાયન સફારી પાર્કમાં આરંભથી જેનું આગમન થયલું એ 'સોનલ' સિંહણ સફારી પાર્કમાં ૨૦ વર્ષનું આયુષ્ય ભોગવી ૧૧-૬-૨૦૧૯ના દિવસે રાતે ૧૧-૫૫ કલાકે અંતિમ શ્વાસ લીધો હતો.

### લો, ગુજરાતના ગીર લાયન અભ્યારણ્યમાં જાહેર માર્ગ પર ૧૨ જેટલાં સિંહોએ અડ્ડો જમાવ્યો!

ગુજરાતમાં હાલમાં જ એસિયાટિક સિંહોનું એકમાત્ર નિવાસસ્થાન એવા ગીર અભયારણ્યમાં જામવાળા માધુપર માર્ગ ઉપર પુખ્ય વયના અને સિંહબાળો મળી ૧૨ જેટલાં સિંહો રસ્તા ઉપર આરામ ફરમાવતા જોઈ વાહનચાલકોએ પોતાના વાહનોને અટકાવીદીધા હતાં. અને વિડીયો વાયરલ કર્યા હતાં.

વન અધિકારીઓએ આવા સંજોગોમાં વાહન ચાલકોને સિંહોથી અંતર જાળવવાની, સિંહ નજીક ન જવાની, આ વન્યપ્રાણીને હરાન ન કરવી અને સિંહો પાછળ પાછળ ન જવાની વિનંતી કરી છે. વન્ય અધિકારીઓએ આ પ્રસંગે કોઈ અઘટિત બનાવ બન્યો ન હોવનું જણાવ્યું હતું. વાહન ચાલકો પણ માર્ગ વચ્ચે એક ડઝન સિંહોના ટોળાને જોઈ ભારે રોમાંચિત થયા હતાં.

# સામર્થ્ય વિનાનું રાષ્ટ્ર દુર્બળ થઈ જતું હોય છે

### વાસ્તવિકતા



**સ્વામી સચ્ચિદાનંદ**

(ગતાંકથી શરુ)

વિજ્ઞાનનું મૂળ જિજ્ઞાસા અને આવશ્યકતામાં છે. વર્તમાન વિજ્ઞાનની શરૂઆત પશ્ચિમમાંથી થઈ હતી. (પ્રાચીન વિજ્ઞાનની વાત નથી.) વરાળથી કીટલીનું ઢાંકણ ખખડતું જોઈને વરાળયંત્ર શોધાયું યંત્રોની શોધથી ચીલાચાલુ કાર્યક્ષમતા અનેકગણી વધી ગઈ. યંત્રોની શોધથી પશ્ચિમ વિશ્વ ઉપર છવાઈ ગયું. વિશ્વની સૌથી અલ્પસંખ્યક પ્રજા હોવા છતાં જોત-જોતામાં તે સૌથી સમૃદ્ધ, શક્તિશાળી બની ગઈ. જે લોકો યંત્રો શોધતા ન હતા કે યંત્રોના વિરોધી હતા, તે પછાત થઈ ગયા. દરિદ્ર થયા, શક્તિહીન થયા અને ગુલામ થયા. સ્ટીમ એન્જિન પછી ઓઈલ એન્જિન પણ તેમણે જ નિર્મિત કર્યું. પૃથ્વીના પેટાળમાંથી ઓઈલ શોધનારા પણ એ જ હતા. ઓઈલ એન્જિન પછી ઈલેક્ટ્રોનિક શોધો પણ તેમણે જ કરી જીવનનાં તમામ ક્ષેત્રોમાં આ બધાં યંત્રો આજે પ્રચલિત થયાં છે. આ યંત્રો વિનાનું જીવન પછાત જીવન થઈ ગયું કહેવાય છે. આ બધાં યંત્રોની શોધોથી માનવજાતને અનહદ લાભ થયો છે. હવે કારમી મજૂરી રહી નથી. યંત્રો બધું કરે છે. માણસ માત્ર બટનને દબાવે છે. અથવા નજર રાખે છે. યંત્રોનો વિરોધ એ પ્રગતિનો વિરોધ છે. યંત્રવિરોધીઓ ગમે તેટલા ધમપછાડા કરે પણ તેમનું કશું ઊપજતું નથી. કારણ કે યંત્રોની સગવડો સૌને ગમે છે. યંત્રોથી બેકારી સર્જાય છે. તે વાત પૂરી સાચી નથી. વિશ્વસ્પર્ધામાં જો તમે આધુનિકતમ યંત્રોનો સ્વીકાર ન કરો તો તમારા ઉદ્યોગો પડી ભાંગી શકે છે. પ્રજા પૂરેપૂરી બેકાર થઈ જાય છે. વિશ્વસ્પર્ધામાંથી હટી શકાય નહિ, હટો તો આદિવાસી જેવા થઈ જાવ. જ્યાં પ્રચુર યંત્રો કામ કરે છે, ત્યાં જ સમૃદ્ધ રોજીઓ હોય છે. જ્યાં યંત્રો હોતાં નથી ત્યાં માણસ સસ્તો હોય છે. માંડ પેટ ભરી શકતો હોય છે. જુઓ વનવાસી ક્ષેત્રો. યંત્રો વિજ્ઞાનથી બનતાં હોય છે અને વિકસતાં હોય છે. વિજ્ઞાન ઉપર પૂર્ણવિરામ મૂકી દે છે તે પછાત થઈ જાય છે. રાષ્ટ્રની મહત્તાનું માપ તેના વૈજ્ઞાનિકોથી કરી શકાય. વિજ્ઞાન મારક છે તો તારક પણ છે જ. તેનો ઉપયોગ કરતાં આવડે તો તારક છે નહિ તો મારક પણ થઈ શકે છે. વિજ્ઞાન મહાશક્તિ છે. તે સંહારક પણ થઈ શકે છે અને ઉત્પાદક પણ થઈ શકે છે. વિજ્ઞાનની ઉત્પાદકતા આપે તે ધર્મ કહેવાય વિજ્ઞાનની સંહારકતા આપે તે અધર્મ કહેવાય. વિજ્ઞાનનો ત્યાગ કરવાથી સંહારકતાથી બચી શકાતું નથી. આવા વિજ્ઞાન-ત્યાગીઓ સંહારકતાનું પહેલું નિશાન બનતા હોય છે. તેમની દુર્બળતા દુશ્મનોને આમંત્રે છે. સંહારકતાને સંહારક્ષમતાથી રોકી શકાય છે. આવી ક્ષમતા જ ન હોય તેવા લોકોના ઉપદેશોથી સંહાર અટકતો નથી. વિજ્ઞાન વરદાન છે. અભિશાપ નથી, કદાચ કોઈ હાનિ થઈ હોય કે થતી હોય તો તેને વિજ્ઞાનથી જ દૂર કરી શકાય. વિજ્ઞાનનો અવરોધ કરીને નહિ. વિજ્ઞાન અને યંત્રોનો વિરોધ જીવનને અવરોધનારું તત્ત્વ બની શકે છે. ક્યાં યંત્રોનો વિરોધ કરશો? ગણાવો. ૨૭. વૈજ્ઞાનિકો પેદા કરવા એ સૌથી ઉત્તમ સિદ્ધિ કહેવાય અતિધાર્મિક, ગ્રંથબદ્ધ, વ્યક્તિબદ્ધ ધર્મો કે સમાજો, વૈજ્ઞાનિકો ઉત્પન્ન કરી શકતા નથી. તેથી પછાત બને છે. પ્રતિભાની હત્યા કરનારા પણ વૈજ્ઞાનિકો ઉત્પન્ન કરતા નથી. તેમની પ્રતિભા કાં તો અકાળે મરી જાય છે. કાં પછી વિદેશોમાં ચાલી જાય છે. વીણી-વીણીને પ્રતિભાને શોધવી તથા પૂજવી જોઈએ. જીવનના પ્રત્યેક ક્ષેત્રના પ્રત્યેક શિખર ઉપર પ્રતિભાને સ્થપાય. જડતાને નહિ. વિજ્ઞાનવિરોધી દર્શનો, વિચારો, જીવનપદ્ધતિ, કોઈ પણ રાષ્ટ્રને સમર્થ થવા દેતાં નથી. તેથી તેમનો ત્યાગ કરવો જરૂરી છે. સામર્થ્ય વિનાનું રાષ્ટ્ર આપોઆપ દુર્બળ થઈ જતું હોય છે. સામર્થ્ય વિનાની પ્રજા આધ્યાત્મિકતાનો દાવો ન કરી શકે. કદાચ કરે તો તે આધ્યાત્મિકતા સાચી ન હોય. કાલ્પનિક જ હોય. વિજ્ઞાન અને વૈજ્ઞાનિક શોધોમાં રોકાયેલા યુવાનો સાચા તપસ્વીઓ છે. તેમની તપસ્યાનું ફળ આ લોકમાં સૌને અહીં જ મળે છે. કોરી ધાર્મિક તપસ્યા કદાચ પરલોકમાં ફળ આપે. અહીં નહિ. અતિધર્માંધ વિજ્ઞાનવિરોધી થઈ જતા હોય છે. કારણ કે તે વૈજ્ઞાનિક સત્યોને સહી શકતા નથી. મારી દૃષ્ટિએ વિજ્ઞાનથી ભૌતિક સુખો તો પામી જ શકાય છે. પણ સાથેસાથે ઈશ્વરની સમીપમાં પણ જઈ શકાય છે. બે સત્યોને પરસ્પરમાં વિરોધ ન હોય. જગત સત્ય છે. મિથ્યા નથી. તે પરમેશ્વરની કૃતિ હોવાથી તેને મિથ્યા કહેવાય નહિ. મિથ્યા કહેવાથી મિથ્યા થઈ જતું નથી. મિથ્યા કહેવાથી જીવનનો કોઈ પ્રશ્ન ઉકેલાતો નથી. જગત, સત્ય, શિવ, સુન્દરમ્ પણ છે. જગત માત્ર દુ:ખમય નથી પણ સુખમય પણ છે. એકલું સુખ કે એકલું દુ:ખ ક્યાંય હોતું જ નથી. જ્યાં હોય ત્યાં આ બન્ને સાથે જ હોય. માત્ર ઓછાં–વધારે હોય પણ સાથે જ હોય જગત અને સંસાર એક જ છે. સંસાર અસાર પણ છે અને સારવાળો પણ છે. અસાર એ અર્થમાં કે જો તમને બધાં સ્વાર્થી જ માણસો મળ્યાં હોય તો તેમના માટે કરેલું બધું તપ પરિણામશૂન્ય થઈ જાય છે. સારમય એટલા માટે કે સંસારમાં જ પ્રભુભક્તિ, માનવસેવા, રાષ્ટ્રસેવા, લોકકલ્યાણ, જ્ઞાન-વિજ્ઞાનની પ્રાપ્તિ વગેરે બધું જ આ સંસારમાં થઈ શકે છે. **(વધુ આવતા અંકે)**

### પૂ. તાઈજીના શતાબ્દી વર્ષ દિવ્ય ઉત્સવ : ૨૦૦૦ દંપતી પૂજારીઓએ અંગીરા વૃક્ષમંદિરમાં બાલતરુઓની પ્રાણપ્રતિષ્ઠા કરી

# કવાંટમાં અઢી લાખ વનવાસીઓની ભાવવંદના અને અંગીરા વૃક્ષમંદિરની પ્રાણપ્રતિષ્ઠા





પરમ પૂજનીય પાંડુરંગ શાસ્ત્રી આઠવલે (પરમ પૂજનીય દાદાજી) પ્રેરિત સ્વાધ્યાય પરિવાર દ્વારા, પૂજનીય તાઈજીના શતાબ્દી વર્ષ નિમિત્તે ૩ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ છોટાઉદેપુર જિલ્લામાં કૃતિભક્તિ અને દૈવી સંબંધના બે ભવ્ય ઐતિહાસિક આયોજનો એક જ દિવસે સંપન્ન થયા. પ્રથમ ચરણમાં કૈડાવાંટ ગામે ૨૦ ગામના સ્વાધ્યાયીઓએ સેંકડો બાલતરુઓની પ્રાણપ્રતિષ્ઠા કરી, અને ત્યારબાદ કવાંટ ખાતે ૨.૫ લાખથી વધુ વનવાસી ભાઈ-બહેનોએ એકત્રિત થઈ પૂજનીય દીદીજીના (જયશ્રી તળવળકર) પાવન સાંનિધ્યમાં ભાવવંદના કરી હતી.

કાર્યક્રમના પ્રથમ ચરણમાં, કૈડાવાંટ ખાતે નિર્મિત વૃક્ષમંદિરમાં પૂજનીય દીદીજીનું આગમન થતાં જ, ૨૦ ગામના દંપતી પૂજારીઓએ પોતાના પારંપરિક 'ટીમલી' નૃત્ય દ્વારા અત્યંત ઉષ્માભેર સ્વાગત કર્યું. ત્યારબાદ ૨,૦૦૦ જેટલા પૂજારી દંપતીઓએ ફૂલ, અક્ષત અને કળશ સાથે વૈદિક મંત્રોચ્ચાર, 'ગણપતિ અથર્વશીર્ષ', 'નારાયણોપનિષદ' અને 'શ્રી સૂક્તમ'ના પારાયણ સાથે સેંકડો બાલતરુઓની પ્રાણપ્રતિષ્ઠા કરી ભગવાનને સ્થિર કર્યા. દીદીજીએ આ પાવન વેળાએ કહ્યું કે, તમે જે વૃક્ષમંદિર ના મહાન પ્રયોગનો સંકલ્પ કર્યો હતો તેની પૂર્ણાહુતિ હું પૂજા અને પ્રાણપ્રતિષ્ઠાથી કરું છું.

ત્યારબાદ એ જ દિવસે કવાંટ ખાતે તાપીથી દાહોદ વિસ્તારના ૨.૫ લાખથી પણ વધુ વનવાસી કૃતિશીલો એકત્રિત થયા હતા. પૂજનીય દીદીજીએ સૌનું અભિવાદન ઝીલી ભાવપૂર્ણ દૃષ્ટિથી સૌને વધાવ્યા હતા. પ્રાર્થના અને મારાં મનનો નાચે મોર દીદી આવે છે. જેવા ભાવગીતોથી આરંભાયેલા આ ઉત્સવમાં, ૨૦,૦૦૦ યુવાનો, દંપતીઓ અને બાળકોએ વનવાસી બોલીના ગીત 'આવે રે મુંબઈથી દીદી ઝોપેં મોર બોલ્યો રે' પર સામૂહિક નૃત્ય કરી વાતાવરણને હર્ષોલ્લાસથી ભરી દીધું અને ઉમંગપૂર્વક ભાવવંદના કરી.

આ વિશાળ જનમેદનીને સંબોધતા પૂજનીય દીદીજીએ અત્યંત આત્મીયતાથી આશીર્વચન પાઠવ્યાં ˋતમે આપણાં વૈશ્વિક પરિવારના પરમ પૂજનીય દાદાજીના લાડકા અને ગમતા વિશેષ દિકરાઓમાં જેમણે વિશેષ પ્રેમ પ્રાપ્ત કરેલો છે તેવા દીકરાઓ છો! મારા માટે વિશેષ આનંદની વાત એ છે કે તાઈજીની વર્ષગાંઠ નિમિત્તો મારા ભાઈઓ અને બહેનોને મળું છું. હું આ બાબતમાં પરમ પૂજનીય દાદાજી કરતાં વધારે ભાગ્યશાળી છું.

વનવાસીઓને દૈવી સંબંધનું ગૌરવ આપતા તેમણે ઉમેર્યું, ˋહું તમને Main Stream થી અલગ કરવા નથી માંગતી. તમે ક્યાં રહો છો? કેવી રીતે રહો છો? તેની મને ખબર નથી મને એટલી ખબર છે કે તમે પરમ પૂજનીય દાદાજીના છો અને તમે મારા ભાઈ બહેનો છો.

વૃક્ષમંદિર અને કૃષિ સંસ્કૃતિની મૂળ સંકલ્પના સ્પષ્ટ કરતા તેમણે કહ્યું, ˋઆ કોઈ વૃક્ષારોપણનો કાર્યક્રમ નથી આ અમારું વૃક્ષમંદિર છે. ભગવાન ! અમે તમને અહીં વૃક્ષ ના સ્વરૂપમાં દેખીએ છીએ- ખુલ્લા આકાશ નીચે જોઈશું... કૃષિ સંસ્કૃતિ એટલી ભગવાન ઉપરનો પ્રેમ અને ભગવાન ઉપર ૧૦૦ ટકાનો વિશ્વાસ. ભગવાન ૨ દાણાના ૨૦૦ દાણા કરીને આપે છે તે ખેડૂતનો વિશ્વાસ છે. વધુમાં તેઓએ કહ્યું વીસ ઘરથી ગામમાં ઐક્ય આવે , વીસ ગામથી પ્રાંતમાં ઐક્ય આવે અને પ્રાંતોના ઐક્યથી રાષ્ટ્ર-નિર્માણ થાય છે. તેથી વૃક્ષ મંદિર એ ઐક્ય નિર્માણ કરવાનો પ્રયોગ છે.

માનવીય સંબંધોની વર્તમાન સ્થિતિ પર ટકોર કરતાં દીદીજીએ માર્મિક વાત કહી આજે માણસ ફાયદો, મનોરંજન, ઉપયુક્તતા કે તાત્વિક દૃષ્ટિથી સંબંધ બાંધવાનું પસંદ કરે છે પરંતુ ભક્તિની દૃષ્ટિથી સંબંધ બાંધીને બધામાં એક જ Divinity છે એ વિચારથી આપણે connect થઈ શકીએ છીએ! આજે માણસ માણસ વચ્ચે ÒNetwork ConnectivityÓ જ નથી રહી તેમાં ભગવાનનું Network નાખશો તો બધુ જ 'Connect' થઈ જશે ˋ!

સ્વાધ્યાયના વિચારની તાકાત વિશે તેમણે જણાવ્યું, વિશ્વભરમાં જીવન પરિવર્તનની ક્રાંતિ કરવા માટે મૂઠીભર લોકો જ પૂરતાં છે, જેમ ૫ લીટર દૂધનું દહીં કરવા માટે ૫ કિલો દહીં ના જોઈએ ! એક વાટકી જ પૂરતી છે ! 'ભગવાન મારુ જીવન ચલાવે છે તો મારે તેને શક્તિ- સમય અને નિપુણતા આપવા જોઈએ, તે આપ્યા વગર જે ખાય છે તે ચોર છે '

અંતે પૂજનીય દીદીજીએ વૃક્ષ મંદિર નું નામાભીધાન કર્યું 'અંગીરા વૃક્ષમંદિર'. અંગીરા ઋષિ નો વૈદિક ઈતિહાસ સમજાવતા કહ્યું કે તેઓ પહેલા મન્વંતર ના સપ્તર્ષિમાં અગ્ર સ્થાન ધરાવે છે, તે બ્રહ્માજીના માનસપુત્ર છે. તે દિવ્ય જ્ઞાનના શિક્ષક છે. તે Humanity અને Divinity ના મધ્યસ્થ છે. અગ્નિ શબ્દ અંગીરા પરથી આવ્યો છે .

# પારડી તાલુકા વિશેષ

- પારડી
- ઉદવાડા
- વાઘછીપા
- પરીયા

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : ૯૮૭૯૩૭૪૬૦૫

## વેલવાગડમાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટ પાસેનો રસ્તો બિસ્માર



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૪ :** પારડી તાલુકાના પરીયા વેલવાગડ રોડ પર બુલેટ ટ્રેન પ્રોજેક્ટની કામગીરી ચાલી રહી છે. જયાં હાલ ચોમાસાના પ્રથમ વરસાદમાં જ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ નીચેના રસ્તાઓની હાલત દયનિય બની ગઈ છે. પારડી દમણી ઝાંપા, પરિયા, અંબાચ થઈ વાપી અને સેલવાસને જોડતા મુખ્ય માર્ગ પર હાલ વાહનચાલકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. એક તરફ બુલેટ ટ્રેનનું કામકાજ ચાલી રહ્યું છે, તો બીજી તરફ તેની નીચે આવેલા રસ્તાઓ પહેલા જ વરસાદમાં ધોવાઈ જતાં રોડ પર મોટા-મોટા ખાડાઓ પડી ગયા છે. દમણી ઝાંપાથી વાપી અને સેલવાસ તરફ જતો આ એક અત્યંત મહત્વનો માર્ગ છે. અહીંથી દરરોજ નોકરિયાત વર્ગ, શ્રમિકો અને શાળાએ જતા વિદ્યાર્થીઓ પસાર થાય છે સ્થાનિક જયેશભાઇ પટેલે જણાવ્યું કે પરિયા, સેલવાસ અને વાપી જેવા ઔદ્યોગિક વિસ્તારોને જોડતો આ રોડ હોવાથી અહીં ભારે વાહનોની સતત અવરજવર રહે છે. પરિણામે દર ચોમાસે આ રસ્તાની સ્થિતિ બદતર બની જાય છે. ચોમાસામાં રસ્તો બગડતા કલાકો સુધી ટ્રાફિક જામ સર્જાય છે. ટુ-વ્હીલર અને બાઇકચાલકો માટે આ રસ્તો જીવલેણ બન્યો છે. અત્યાર સુધીમાં અનેક વાહનો પલટી મારી ચૂક્યા છે. રાત્રિના સમયે યોગ્ય લાઈટિંગ ન હોવાને કારણે અકસ્માતનો ખતરો બેવડાઈ જાય છે અહીંથી રોજ નોકરી માટે જવું ખૂબ જ જોખમી બની ગયું છે. બાળકો શાળાએ જાય છે ત્યારે સતત ડર રહે છે. વારંવાર રજૂઆતો કરવા છતાં તંત્ર દ્વારા માત્ર કાગળ પર જ કામ થાય છે, ખાડાનું યોગ્ય પુરાણ થતું નથી અનેક રજૂઆતો છતાં પણ પરિસ્થિતિ જસની તસ છે. સ્થાનિક રહીશો અને વાહનચાલકોની એક જ માંગ છે કે સરકાર અને સંબંધિત તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે આ ખાડાઓનું યોગ્ય પૂરાણ કરવામાં આવે અને રાત્રિના સમયે લાઈટની વ્યવસ્થા કરવામાં આવે, જેથી કરીને કોઈ મોટો અકસ્માત સર્જાય તે પહેલાં લોકોની સુરક્ષા સુનિશ્ચિત થઈ શકે.



## પારડી પ્રાંત કચેરીમાં કમ્પાઉન્ડની લાંબી દિવાલ ધરાશાયી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૪ :** પારડી પંથકમાં પડેલા ભારે વરસાદના કારણે નાગરિકોને ભયંકર નુકસાન થયું છે વાવાઝોડા સાથે આવેલા વરસાદના કારણે દરેક વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ ગયા હતા.

ત્યારે લોકોને નુકસાની વચ્ચે વહીવટી તંત્ર પણ નુકસાનીમાં સામેલ છે પારડી મામલતદાર કચેરી અને પારડી પ્રાંત કચેરીની કમ્પાઉન્ડ વોલ દિવાલ બે ઝાડ સાથે ધરાસાઈ થઈ ગઈ હતી લગભગ ૭૦ થી ૮૦ ફૂટ કરતા વધારે દિવાલ તૂટીને પડી જતા નુકસાન થયું છે સદ નસીબે આ દિવાલ જ્યારે તૂટી ત્યારે કોઈ વાહનના હતું એટલે અકસ્મિક ઘટના ટળી ગઈ હતી.

આ દિવાલ તૂટ્યા ને ૦૭-૦૮ દિવસ થઈ ગયા પરંતુ હજી દીવાલ એમને એમ તૂટી પડી છે કોઈ રીપેર કામ શરૂ કરવામાં આવ્યો નથી પારડી પ્રાંત કચેરી અને મામલતદાર કચેરી કે જે સરકારી કચેરી હોય અને જરૂરી ડોક્યુમેન્ટ કચેરીઓમાં રહેતા હોય છે ત્યારે કચેરીના સામે તૂટેલી દિવાલ ઝડપથી બનાવી દેવામાં આવે એ ખૂબ જ સેફટી ની દ્રષ્ટિએ જરૂરી છે.

## પારડીમાં ફલાય ઓવરબ્રિજ નીચેથી ગંદકીની સફાઈ કરાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)



**પારડી, તા. ૦૪ :** છેલ્લા આઠ દિવસથી પડી રહેલા ભારે વરસાદના કારણે પારડી માં આવેલ નેશનલ હાઈવે નંબર ૪૮ ના ફલાય ઓવર બ્રિજ નીચે ગંદકી સર્જાઈ હતી જે ગંદકી પારડી નગરપાલિકાના આરોગ્ય વિભાગના કર્મચારીઓએ આજે સાફ કરતા બ્રિજ નીચે ચોખ્ખું થઈ ગયું હતું. વહેલી સવારના આરોગ્ય વિભાગના ચેરમેન કિરણભાઈ પટેલ અને એમની આરોગ્ય વિભાગની ટીમ જીસીબી લઈને પારડી ચાર રસ્તા બ્રિજ વલસાડી ઝાપા દમણી ઝાપા બ્રિજ નીચે પહોંચ્યા હતા અને વરસાદ દરમિયાન સર્જાયેલી ગંદકીની સાફ-સફાઈ કરી હતી જંતુનાશક દવા નો છંટકાવ કર્યો હતો. પાલિકાના અભિયાન થકી બ્રિજ નીચેથી પ્રસાર થતા નાગરિકોને રાહત મળી છે ગંદકીના કારણે લોકો પરેશાની અનુભવી રહ્યાં હતા પરંતુ પાલિકાએ સ્વયંભુ સાફ-સફાઈ હાથ ધરતા લોકોને રાહત મળી છે. પાલિકાના સ્વચ્છતા અભિયાન થકી પારડીમાં સુંદર વ્યવસ્થા ગોઠવાઈ રહી છે અને સ્વચ્છતા જોવા મળી રહી છે.

## મોતીવાડાની લિટલ ફ્લાવર્સ સ્કુલમાં ફાયર સેફટીની તાલીમ યોજાઇ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૪ :** ૩ ઓગસ્ટ ૨૦૨૬ નારોજ લિટલ ફલાવર્સ સ્કૂલ મોતીવાડા ઉદવાડા ખાતે ફાયર એન્ડ ઇમરજન્સી ડિપાર્ટમેન્ટના નિષ્ણાતો દ્વારા વિદ્યાર્થીઓ અને સ્ટાફ માટે ફાયર સેફટી અગ્નિશામક તાલીમ અને માર્ગદર્શન સત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ તાલીમ કાર્યક્રમમાં ફાયર વિભાગના ટ્રેનર્સ દ્વારા આગ લાગવાના સંજોગોમાં રાખવાની સાવચેતીઓ અને અગ્નિશામક સાધનોનો ઉપયોગ કેવી રીતે કરવો તેની લાઈવ ડેમો પ્રત્યક્ષ પ્રદર્શન આપીને સમજણ આપવામાં આવી હતી.

શાળાના પ્રિન્સિપાલ, સમગ્ર શૈક્ષણિક સ્ટાફ તેમજ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર આ તાલીમમાં ભાગ લીધો હતો અને આપત્તિ વ્યવસ્થાપન વિશે ઉપયોગી જ્ઞાન મેળવ્યું હતું.

## ઉમરસાડી માછીવાડ ટીચર્સ બેનિ. સો.ની વાર્ષિક સામાન્યસભા મળી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)



**પારડી, તા. ૦૪ :** પારડી તાલુકાના ધી ઉમરસાડી માછીવાડ ટીચર્સ બેનિફિશિયન્ટ સોસાયટીની વાર્ષિક સામાન્ય સભામાં વય મર્યાદાને કારણે નિવૃત્ત થયેલા પાંચ શિક્ષકઓનું સન્માન કરવામાં આવ્યું હતું ધી ઉમરસાડી માછીવાડ ટીચર્સ બેનિફિશિયન્ટ સોસાયટીની ૪૬મી વાર્ષિક સાધારણ સભા તથા વય મર્યાદાને કારણે નિવૃત્ત થયેલા સભ્ય શિક્ષકઓનું સન્માન સમારોહ ઉમરસાડી માછીવાડ ગામના સાંસ્કૃતિક હોલમાં રાખવામાં આવ્યો હતો કાર્યક્રમની શરૂઆત ધી ઉમરસાડી માછીવાડ ટીચર્સ બેનિફિશિયન્ટ સોસાયટીના સભ્ય ઈશ્વરભાઈ એમ. ટંડેલનું અકાળે નિધન થતાં એમની દિવ્ય આત્માની શાંતિ માટે બે મિનિટનું મૌન ધારણ કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

ત્યારબાદ ઉપસ્થિત મહિલા ટીચર્સના કંઠે સુંદર પ્રાર્થના પ્રસ્તુત કરી ૪૬મી વાર્ષિક સામાન્ય સભાની શરૂઆત કરવામાં આવી હતી. સેક્રેટરી કાન્તિલાલ ટંડેલે સભા સમક્ષ વાર્ષિક અહેવાલ વાંચી સંભળાવ્યો હતો જેમાં કોઈપણ પ્રકારની ક્ષતિ ન જણાતા અહેવાલને સર્વાનુંમતે બહાલી આપવામાં આવી હતી.

ત્યારબાદ વય મર્યાદાને કારણે નિવૃત્ત થયેલા ભરતભાઈ જી. ટંડેલનું જીવન ચરિત્રની ઝાંખી નુતનબેન ટંડેલે કરાવી હતી અને સન્માન પત્રનું વાંચન મુકેશભાઈ ટંડેલે સરળ ભાષામાં કર્યું હતું. બીજા સભ્ય અશોકકુમાર એન. ટંડેલનું સમગ્ર જીવનનો ચિતાર અને શિક્ષક વ્યવસાય દરમિયાન કરેલી સિદ્ધિ અને વિદ્યાર્થીઓને પોતાના બાળકો સમજીને જે રીતે સિંચન કરી પ્રગતિ વિકાસના પંથે લઈ ગયા એ બદલ ગીતાબેન ટંડેલના મુખેથી સાંભળવા મળ્યું હતું અને સન્માનપત્રનું વાંચન જયેશભાઈ ટંડલે કર્યું હતું. જયંતીભાઈ ટંડેલનો સમગ્ર જીવનનો ચિતાર અને નોકરી દરમિયાન થયેલી મુશ્કેલીઓનો સામનો કેવી રીતે કર્યો એ વિશે હિતેશભાઈ ટંડેલ, વર્ષાબેન દલાલ, પ્રા. જીતેન્દ્રભાઈ ટંડેલ, રામચંદ્રભાઈ ટંડેલ, કર્યું હતું

ભરતભાઈ જી. ટંડેલ, અશોક એન. ટંડેલ, જયંતિભાઈ આર. ટંડેલ, મહેશભાઈ એન. દલાલ અને સ્વ. ઈશ્વર એમ. ટંડેલની જગ્યાએ આવેલા એમનો ચિ. કિસ્મત ટંડેલને ઉપસ્થિત શિક્ષક ભાઈઓ બહેનોના વરદ હસ્તે કપાળે તિલક, શ્રીફળ, બુકે, સન્માન પત્ર, સ્મૃતિ ભેટ અને શાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવ્યા હતા. વય મર્યાદાને કારણે નિવૃત્ત થયેલાતમામશિક્ષકોને પ્રતિસાદ આપતાં જણાવ્યું હતું કે ધો ૩ના અભ્યાસ માટે એમની પાસે ભણવા માટે પાઠય પુસ્તક ન હતાં.

આ સમગ્ર વાર્ષિક સાધારણ સભાનું સંચાલન જયેશભાઈ એન. ટંડેલે કર્યું હતું. અંતે રાષ્ટ્રગાન કરી સભા બરખાસ્ત કરવામાં આવી હતી.

## પારડી કોલેજની બાજુમાં મકાન ધરાશાયી થતાં સ્થાનિકો વ્હારે આવ્યા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૪ :** પારડી કોલેજની બાજુમાં આવેલા વિસ્તારમાં રહેતા ચંપાબેન અર્જુનભાઈ પટેલનું મકાન ભારે વરસાદના કારણે અચાનક વચ્ચેના ભાગેથી ધરાશાયી થઈ ગયું હતું. ત્યારે વોર્ડ નંબર એકના સદસ્ય અને એમની ટીમે રેસ્ક્યુ કરી અમને બચાવી લીધા હતા ઘટનામાં મકાનના પતરા તૂટી પડતાં ઘરવખરી અને અન્ય ચીજવસ્તુઓને ભારે નુકસાન થયું હતું પારડી વોર્ડ નંબર એકના પારડી નગરપાલિકાના સદસ્ય સદસ્ય શિરીષભાઈ પટેલ અને બાલાખાડીના યુવાનો

સુર્યા પ્રીતેશ ધવલ નિતિન સાગર હિરેનરુચિતકૃણાલ પ્રણવ પટેલતુષાર ક્રિષ્ના પિનશુ અનુરાગજેનીલવિનયજીગ્નેશસાવન હિત નેહલ ની ટીમ તાત્કાલિક ચંપાબેન ના ઘરે પહોંચી ગઈ હતી અને ત્યાં જઈને જોતા

બનાવ સમયે ચંપાબેન પોતાના પુત્ર અને પુત્રી સાથે મકાનમાં હાજર હતા. જોકે સદનસીબે ત્રણેયનો ચમત્કારિક બચાવ થતાં મોટી જાનહાનિ ટળી હતી તમામ યુવાનોએ રેસ્ક્યુટ ચલાવ્યો હતો અને ત્રણે જણા ને બચાવી લીધા હતા મકાન ધરાશાયી થતાં જ જોરદાર અવાજ સાંભળી આસપાસના રહેવાસીઓ તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા અને બચાવ કામગીરી હાથ ધરી હતી. સ્થાનિક લોકોની સમયસરની મદદથી પરિવારના સભ્યોને સલામત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા.

ઘટનાના પગલે વિસ્તારમાં થોડા સમય માટે ભયનો માહોલ સર્જાયો હતો. ભારે વરસાદને કારણે નબળાં મકાનોમાં રહેતા લોકોમાં પણ ચિંતા વ્યાપી છે. સ્થાનિકોએ તંત્ર દ્વારા અસરગ્રસ્ત પરિવારને તાત્કાલિક સહાય અને નુકસાનનું સર્વેક્ષણ કરી યોગ્ય વળતર આપવા માંગ કરી છે.

<u>જમીન માપણીમાં લોકોને પડતી મુશ્કેલીઓ દુર કરવા માટે</u>

## પારડી મા.મ. કચેરીમાં નવી જમીન દફતર નિરીક્ષણ કચેરી શરુ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)



**પારડી, તા. ૦૪ :** પારડી તાલુકાના નાગરિકો માટે સરકાર દ્વારા એક મહત્ત્વપૂર્ણ અને સરાહનીય નિર્ણય લેવામાં આવ્યો છે. જમીન માપણી અને તેને લગતી કામગીરી માટે સ્થાનિક લોકોને પડતી મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને પારડી ખાતે જમીન દફતર નિરીક્ષક કચેરી કાર્યરત કરવામાં આવી છે. આ અંગે માહિતી આપતાં પારડી ખાતે નિમણૂક પામેલા જમીન દફતર નિરીક્ષક સુમિત્રાબેન ચૌધરીએ જણાવ્યું હતું કે હાલમાં સરકાર એ ખૂબ જ સુંદર નિર્ણય લીધો છે, જેથી પારડી તાલુકાના આજુબાજુના નાગરિકોને માહિતી આપતા કહ્યું કે પારડી મામલતદાર કચેરી ખાતે બીજા માળે જમીન દફતર નિરીક્ષક કચેરી ચાલુ થયેલ છે. જેથી લોકોએ વલસાડ કે વાપી સુધી જવું પડશે નહીં. જમીન માપણીને લગતી કામગીરી પારડી કચેરીએ જ કરવામાં આવશે. આ નવી કચેરી શરૂ થવાથી હવે પારડી તાલુકા અને આજુબાજુના ગ્રામજનોએ જમીન માપણી કે દફતરને લગતા કામો માટે વલસાડ અથવા વાપી સુધી ધક્કા ખાવા નહીં પડે.

મામલતદાર કચેરીમાં બીજા માળે જ આ સુવિધા ઉપલબ્ધ થતાં સ્થાનિક લોકોનો સમય અને નાણાં બંનેની બચત થશે. સીટી સર્વે પ્રોપર્ટી કાર્ડ મેળવવા માટે હવે પારડી ખાતે જ તમામ સુવિધા મળી રહેશે.

## પંચલાઈ સાઇતીર્થમાં ગુરુ પૂર્ણિમાં અને તીર્થધામ પરિક્રમાનું આયોજન કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૪ :** પારડી તાલુકાના પંચલાઈ સ્થિત સાઈતીર્થ ધામ ખાતે ગુરુપૂર્ણિમા મહોત્સવ તથા તીર્થધામ પરિક્રમાનું અત્યંત ભવ્ય અને ભક્તિમય વાતાવરણમાં આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા હતા.

પારડી પંચલાઈ સાંઈધામ ના સતિષભાઈ પટેલે જણાવ્યું કે ગુરુપૂર્ણિમા નિમિત્તે શોભાયાત્રા, પરિક્રમા, પાદુકા પૂજન અને વિશાળ મહા-સાદ નું આયોજન થયું છે. શિરડીમાં જે રીતે શિસ્તબદ્ધ દર્શન થાય છે, તેવું જ મિની શિરડી જેવું વાતાવરણ આજે પંચલાઈમાં જોવા મળ્યું છે. પંચલાઈ સાઈતીર્થ ધામમાં ગુરુપૂર્ણિમાના પવિત્ર દિવસે સવારથી જ ભક્તો ઉપસ્થિત રહી કાર્યક્રમમાં ભાગ લઇ ધન્યતા અનુભવી હતી.

## દરિયાઈ સુરક્ષા દિવાલથી ઉદવાડા, ઉમરસાડી અને કોલક ગામોમાં લોકોનું સ્થળાંતર ટળ્યું







**પારડીનો પત્ર**

**કુલદિપસિંહ રાજપુત, પારડી**

છેલ્લા ૧૫ દિવસમાં પારડી તાલુકાના ગામડાઓમાં જે વરસાદ પડ્યો છે એ વરસાદના કારણે લોકોએ પોતાના ઘરે પાણી ભરાવાના કારણે પોતાની ચીજ વસ્તુઓ તો ગુમાવી છે સાથે ખેડૂતોની ખેતીને પણ નુકસાન થયું છે વેપારીઓને અને ઉધોગપતિઓને પણ પાણીના ભરાવાના લીધે નુકસાન થયું છે એવો વરસાદ પડ્યો કે લોકો હેરાન પરેશાન થઈ ગયા અને લોકોનું જીવન સંકટમાં મુકાઈ ગયું હતું. લોકોને એમ થતું હતું કે હવે શું થશે? ક્યાં જવું ક્યાં ન જવું એવી પરિસ્થિતિ સર્જાઈ હતી દરેક ગ્રામ પંચાયતો એ ગામડાઓમાં અને નગરપાલિકાએ સિટીમાં જરૂરી ચીજ વસ્તુઓ અને બનતી સહાય કરી પણ હજી લોકો વરસાદ ભૂલી શક્યા નથી આવો વરસાદ લોકોનું એમ માનવું છે કે પહેલી વખત પડ્યું છે કે લોકોના ઘરો સુધી પાણી પહોંચી ગયું અને લોકોના જીવ જોખમમાં મુકાયા હતા આ તમામ ઘટનાઓ લોકોને જીવનભર યાદ રહેશે તો બીજી તરફ આપણે કાંઠા વિસ્તારની વાત કરીએ તો પારડી તાલુકાના કાંઠા વિસ્તારમાં ઉદવાડા ગામ ઉંમર સાડી કોલક પલસાણા વગેરે ગામડાઓમાં વરસાદી પાણી ભરાયા હતા. પરતુ જાણવા જેવી બાબત તો આ છે કે વરસાદી પાણીથી લોકો બચી ગયા અને એમને સહાય પણ મળી પરંતુ દરિયાના પાણીમાંથી બચી ગયા એ બહુ મોટી વાત છે કારણ કે દરિયો પણ પોતાના રૌદ્ર રૂપમાં હતો. ખાસ બાબત જાણવા જેવી એવી છે કે ઉદવાડા ગામ ઉમરસારી માછીવાડ કોલક ગામ આ તમામ ગામડા જે દરિયા કિનારા ના લગોલગ આવેલા ગામડા છે જો દરિયો જરા પોતાની સીમા તોડીને બહાર આવે તો આ ત્રણે ગામના અસ્તિત્વ સામે ખતરો આવી શકે છે પરંતુ ધન્યવાદ તો લોકો સરકારનો કરી રહ્યા છે કે સરકારે આ ત્રણ ગામને બચાવવા માટે કરોડો રૂપિયાના ખર્ચે પથ્થરની દીવાલ બનાવી છે જે પથ્થરની દીવાલ અડીખમ ઉભી છે અને દરિયાના મોજાને ટક્કર આપી રહી છે ઉદવાડા ગામ જે પારસીઓનું ગામ છે અને વર્લ્ડ હેરિટેજ તરીકે આ ગામ વિકસિત થયું છે આ ગામને વિકસિત કરવા માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી જ્યારથી રાજચરણમાં આવ્યા ત્યારથી એમના પ્રયત્ન રહ્યા છે પારસી અધિવેશન પણ લાંબા સમયથી અહીં યોજાઇ રહ્યા છે જે માટે સરકારે દરેક પ્રયત્ન કર્યા છે કે પારસીઓનો બચાવ થાય અને ઉદવાડા ગામ વધુ ને વધુ વિકસિત થાય એ માટેના પ્રયત્ન હંમેશા કેન્દ્ર સરકાર અને રાજયની ભુપેન્દ્ર પટેલ સરકારના રહ્યા છે ખાસ બાબત તો આ છે કે પારડીના લોકપ્રિય ધારાસભ્ય અને નાણામંત્રી કનુભાઈ દેસાઈ કે જેમણે કાંઠા વિસ્તારને બચાવવા માટે પોતાની તાકાત લગાવી દીધી છે અને લગભગ છ થી સાત વર્ષ પહેલા જ્યાં ઉદવાડા ગામ અને કોલક ગામ તથા ઉમરસારી ગામ દરિયામાં સંપૂર્ણપણે જઈ રહ્યા હતા અને વરસાદ દરમિયાન દરિયો ગામમાં આવી જતો હતો અને ગામના ઘરોને નુકસાન થતું હતું. લોકોએ સ્થળાંતર કરવાની પરિસ્થિતિ સર્જાતી હતી ઉદવાડા ગામ અને ઉમરસાડી ગામ કોલક ગામ ના લોકો સ્થળાંતર કરતા હતા અને તેમના જીવપણ અધ્ધર થઈ જતા હતા પરંતુ આ પરિસ્થિતિ સંપૂર્ણ અટકી ગઈ છે જેનું કારણ છે કે દિવાલ મજબૂત બનાવી દેવામાં આવી છે પથ્થરો નાખી દેવામાં આવ્યા છે જેથી કિનારા પર દરિયાનું ધોવાણ અટકી ગયું છે અને ઉદવાડા ગામમાં તસવીરોમાં તમે જોશો કે બિલ્ડીંગ એકદમ દરિયા કિનારા પર છે પરંતુ પ્રોટેક્શન દિવાલ ના લીધે બિલ્ડીંગનો બચાવ થયો છે અને રહીશોને બચાવ થઈ રહ્યો છે પ્રધાનમંત્રી નરેન્દ્ર ભાઈ મોદી કે જેમની દીર્ઘદ્રષ્ટિ દરિયા કિનારે રહેતા માછીમાર ભાઈ બહેનો માટે આદિવાસી ભાઈ બહેનો માટે અને અન્ય જાતિના ભાઈ બહેનો માટે પહેલાથી જ છે કે એમનો બચાવ કઈ રીતે થઈ શકે એમણે પોતાનો મૂળ વતન છોડીને બીજે ના જવું પડે એટલા માટે એમણે કરોડો રૂપિયાના ખર્ચ છે પ્રોટેક્શન વોલ જ્યારે એવો મુખ્યમંત્રી હતા ત્યારે કરાવી હતી ત્યારબાદ સરકાર બદલાઈ ધારાસભ્ય બદલાયા અને કનુભાઈ આવ્યા બાદ દરિયા કિનારે સંપૂર્ણપણે રક્ષણ કઈ રીતે થઈ શકે એ માટેની સંપૂર્ણ પોલિસી બનાવી પથ્થરની દીવાલ બનાવી દેવામાં આવી જેથી લોકોનો બચાવ થયો છે સાંસદ ડોક્ટર કે સી પટેલ એમના પણ હાથ પ્રયત્ન રહ્યા હતા કનુભાઈ સાથે મળીને તેઓએ પ્રોટેક્શન દિવાલ બનાવવા માટે સંપૂર્ણ તાકાત લગાવી હતી અને આજે બંને જણાની મહેનત માછીમાર ભાઈઓને કામ લાગી રહી છે હાલના સાંસદ ધવલભાઈ પટેલ એવો પણ લોકોની સેવા માટે પ્રયત્નશીલ છે અને માછીમાર ભાઈઓના પ્રશ્નોના નિકાલ માટે કામ કરી રહ્યા છે અધિકારીઓએ પણ કલેકટર કે અન્ય માર્ગ મકાન વિભાગના કર્મચારીઓ તેઓએ પણ સખત મહેનત કરી છે જેથી આજે કાંઠા વિસ્તારને બચાવી લેવામાં આવ્યા છે ગામના સરપંચ ધર્મેન્દ્રભાઈ પટેલ ઉપસરપંચ સરોશભાઈ ઈરાની અને ગ્રામ પંચાયતની સંપૂર્ણ ટીમ હાલના પુરમાં સખત મહેનત કરીને લોકોની મદદ કરી છે સંપૂર્ણ મોનેટરિંગ રાખ્યું અને લોકોને નુકસાન ન થાય એ માટે કામગીરી કરી છે આ વિસ્તારના જિલ્લા પંચાયતના સભ્ય અને કારોબારી અધ્યક્ષ પ્રજ્ઞેશભાઈ પટેલ અને એમની ટીમ આ ત્રણે ગામડાઓમાં રાત દિવસ એક કરી રેસ્ક્યુ ચલાવ્યું છે આમ આ સંપૂર્ણ બાબતમાં માત્ર એટલું જ કહેવું છે કે દરિયા ધોવાણ અટક્યું છે અને દિવાલને લીધે લોકો બચી ગયા છે એમના ઘર બચી ગયા છે સ્થળાંતર કરવાની પરિસ્થિતિ સર્જાઇ નથી એટલા માટે સરકારનો જેટલો આભાર વ્યક્ત કર્યો હતો એટલો કાઠા વિસ્તારના લોકો માટે ઓછો છે કારણ કે સરકારે કરોડો રૂપિયા માત્ર ત્રણ ગામ માટે ખર્ચ કરી કાંઠા વિસ્તારના લોકોને બચાવી લીધા છે દરિયાઈ ધોવાણને અટકાવી લીધો છે.

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES




દમણગંગા ટાઇમ્સ

EDITORIAL: DAMANGANGA TIMES

Wednesday 05, August 2026


## સંસદના પ્રાંગણમાં તમાશો : સનાતનનું અપમાન

પેપર લીકના મુદ્દે લોકસભામાં ધાંધલ-ધમાલ અને ખરડો પસાર થયા પછી રાબેતા મુજબ કાર્યવાહી શરૂ થઈ રહી છે, ત્યારે વિરોધ પક્ષના નેતાએ અયોધ્યામાં દેવદ્રવ્યની ચોરીના મુદ્દે દેશ અને દુનિયાનું ધ્યાન આકર્ષવા માટે નવો કીમિયો અજમાવ્યો છે. હકીકતમાં સનાતન ધર્મની મજાક-હાંસી ઉડાવવા માટે એક તમાશાનું આયોજન થયું હતું. રાજેશ રંજન નામના અપક્ષ સંસદસભ્ય - જેઓ પપ્પુ યાદવ તરીકે જાણીતા છે - તે ભગવા વસ્ત્ર ધારણ કરીને સાધુ-સંતની ભૂમિકામાં સંસદના દ્વારે બેઠા હતા અને રાહુલ ગાંધી - પ્રિયંકા તથા મલ્લિકાર્જુન ખડગે સહિત કોંગ્રેસી તથા અન્ય સભ્યો તમાશો જોઈ રહ્યા હતા. રાહુલ ગાંધીએ દાન-પેટીમાં ભેટ ચડાવી અન્ય સભ્યો એમને અનુસર્યા પછી સાધુવેશમાં બેઠેલા પપ્પુ યાદવે (પૂજારી) દાનપેટીની રકમ કાઢીને ખિસ્સા ભરીને ભાગવા લાગ્યા - ભાગે છે એવું નાટક કર્યું અને લોકોએ એમને પકડ્યા... તમાશો જે લોકોએ ટીવી ઉપર ધ્યાનથી જોયો હોય તો - શ્રીરામના ફોટાવાળું પુસ્તક હાથમાં હતું તે બાજુમાં પછાડીને ખિસ્સાં ભરતા હતા. પપ્પુ યાદવનું મૂળ નામ ઘણા જાણતા જ હશે - આ તમાશો દાનની રકમ ચોરવા ઉપરાંત સનાતન ધર્મની મજાક ઉડાવવા માટે હતો. સેક્યુલરવાદીઓ અન્ય કોઈ ધર્મનાં વસ્ત્રો પહેરીને આવા ઢોંગ - ધતૂરા કરવાની હિંમત કરે ખરા? આ તમાશાની ટીકા થઈ રહી છે અને લોકસભાના સ્પીકર સંસદસભ્ય પપ્પુ યાદવને બોલાવીને વાત કરનાર છે એવા અહેવાલ છે, પણ બોલાવીને સ્પીકર શું કહેશે ? વિપક્ષો પપ્પુની પીઠ થાબડે છે ત્યારે સ્પીકર તેમનો કાન પકડશે? વિપક્ષી નેતાઓ સંસદની ગરિમા અને પ્રતિષ્ઠાની મજાક ઉડાવી રહ્યા છે, માત્ર સનાતન ધર્મની નહીં! પણ આ બધું હવે ન્યૂ નોર્મલ છે ! જંતરમંતર ખાતે કેટલાક વિદ્યાર્થીઓએ અસભ્ય ચેનચાળા કર્યા અને વડાપ્રધાન મોદીને તથા એમના સ્વ. માતુને ગાળાગાળી ભાંડવામાં કોઈ બાકી રાખ્યું નહીં અને મોદીએ સૌને માફ કર્યા કે અવળે રસ્તે ચડેલા છોકરાઓને કોર્ટના ધક્કા ખવડાવવાનો અર્થ નથી. આવી ભલમનસાઈ નબળાઈમાં ખપે છે અને સામાન્ય લોકો તેમના સત્તાભૂખ્યા નેતાઓને ફોલો કરીને અપ-ચારમાં સામેલ થઈ રહ્યા છે. સભાગૃહની અંદર તમાશો થાય ત્યારે સ્પીકર તે અટકાવી શકે. ઠપકો આપે - પણ બહાર - દરવાજા સામે આવાં નાટક ભજવાય ત્યારે માત્ર સલાહ અપાય! આ તમાશો ચાલે છે ત્યારે બીજી બાજુ - હિંસાનો ભોગ બનેલા પોલીસકર્મીઓના પરિવારો પત્રકાર પરિષદમાં માહિતી આપી રહ્યા હતા કે, ફરજ બજાવતા પોલીસ અધિકારીઓ હિંસાનો ભોગ બન્યા હતા. વિદ્યાર્થીઓના નેતાઓની માગણી સરકારે સ્વીકારી - કાનૂની કાર્યવાહી નહીં થાય! પણ પોલીસ ઉપર થયેલા દમનની ફરિયાદ સુપ્રીમ કોર્ટે સાંભળી છે અને કહ્યું છે કે, વિદ્યાર્થી હોય કે પોલીસ અમારા માટે સૌ સરખા છે. અસામાજિક તત્ત્વોની તપાસ અને સજા થવી જોઈએ...




### ૧૧ ઓગસ્ટને સ્વતંત્રતા દિવસ જાહેર કર્યો, ભારત માન્યતા આપશે?

## બલૂચિસ્તાને પોતાને આઝાદ જાહેર કર્યો

ઇસ્લામાબાદઃ બલૂચ રાષ્ટ્રવાદી સંગઠનોએ ૧૧ ઓગસ્ટને બલુચિસ્તાનનાં સ્વતંત્રતા દિવસ તરીકે ઉજવવાની જાહેરાત કરી છે અને વિશ્વના દેશોને બલુચિસ્તાનને સ્વતંત્ર તથા સાર્વભૌમ રાષ્ટ્ર તરીકે માન્યતા આપવા અપીલ કરી છે. આ જાહેરાત બાદ ભારત બલુચિસ્તાનને માન્યતા આપશે કે નહીં તે અંગે ચર્ચા શરૂ થઈ છે.

બલૂચ નેતા મીર યાર બલૂચે સમર્થકોને ૧૧ ઓગસ્ટે પોતાના ઘરો, બજારો, શૈક્ષણિક સંસ્થાઓ અને જાહેર સ્થળોએ બલુચિસ્તાનનો ધ્વજ ફરકાવવાનો આહ્વાન કર્યું છે. તેમણે જણાવ્યું કે આ દિવસનો હેતુ બલૂચ લોકોના ઐતિહાસિક દાવા અને રાષ્ટ્રીય ઓળખને ઉજાગર કરવાનો છે.

બલૂચ સંગઠનોનો દાવો છે કે ૧૧ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ કલાત રાજ્યએ પોતાની સ્વતંત્રતા જાહેર કરી હતી. તેમના જણાવ્યા મુજબ બાદમાં ૧૯૪૮માં પાકિસ્તાનમાં થયેલા વિલીનીકરણને તેઓ વિવાદાસ્પદ માને છે. બીજી તરફ, પાકિસ્તાનનો સત્તાવાર અભિગમ છે કે બલુચિસ્તાન તેનું અભિન્ન અંગ છે અને તેનું વિલીનીકરણ કાયદેસર હતું. બલૂચ સંગઠનોએ આંતરરાષ્ટ્રીય



સમુદાયને બલુચિસ્તાનની સ્વતંત્રતાને માન્યતા આપવા અને તેમના દાવાને સમર્થન આપવા અપીલ કરી છે. જોકે હાલમાં સંયુક્ત રાષ્ટ્ર સહિત વિશ્વના કોઈપણ મોટા દેશે બલુચિસ્તાનને સ્વતંત્ર દેશ તરીકે માન્યતા આપી નથી.

ભારત તરફથી પણ અત્યાર સુધી બલુચિસ્તાનને સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે માન્યતા આપવાની કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. તેથી ભારત માન્યતા આપશે તેવી અટકળોને હાલ કોઈ અધિકૃત આધાર મળતો નથી.

## ઈ૨૦ પેટ્રોલ મુદ્દે અરવિંદ કેજરીવાલ ધરણા પર બેઠા



(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૪ : ઈથેનોલ મિશ્રિત ઈ૨૦ પેટ્રોલના અમલીકરણને લઈને દેશની રાજધાની દિલ્હીમાં રાજકીય ગરમાવો જોવા મળ્યો. આમ આદમી પાર્ટી દ્વારા ઈ૨૦ પેટ્રોલના વિરોધમાં પ્રધાનમંત્રીના નિવાસસ્થાન તરફ કૂચ કરવામાં આવી હતી. જોકે, દિલ્હી પોલીસે ફિરોઝશાહ રોડ પર કાફલાને રોકી દેતા પૂર્વ મુખ્યમંત્રી અને AAPના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ પોતાના સાથી નેતાઓ અને કાર્યકરો સાથે રસ્તા પર જ ધરણા પર બેસી ગયા.

કેજરીવાલ સાથે પૂર્વ ઉપમુખ્યમંત્રી મનીષ સિસોદિયા, રાજ્યસભા સાંસદ સંજય સિંહ તેમજ મોટી સંખ્યામાં પક્ષના કાર્યકરો હાજર રહ્યા હતા. પોલીસે સુરક્ષા અને કાયદો-વ્યવસ્થાના કારણોસર કાફલાને આગળ વધવાની મંજૂરી આપી નહોતી. ત્યારબાદ વિરોધ પ્રદર્શન ધરણામાં ફેરવાયું હતું.

આમ આદમી પાર્ટીનો આરોપ છે કે સમગ્ર દેશમાં ઈ૨૦ પેટ્રોલને પ્રોત્સાહન આપવાનો નિર્ણય લાખો વાહનચાલકો અને સામાન્ય નાગરિકો પર વધારાનો આર્થિક બોજ ઊભો કરશે. પક્ષનું કહેવું છે કે ખાસ કરીને જૂના વાહનો પર ઈ૨૦ ઇંધણની અસર અંગે લોકોમાં ગંભીર ચિંતા છે અને સરકારે આ મુદ્દે પૂરતી ચર્ચા કર્યા વિના નિર્ણય લીધો છે.

ધરણા દરમિયાન અરવિંદ કેજરીવાલે દાવો કર્યો હતો કે તેઓ ૨.૩૦ લાખથી વધુ લોકોના હસ્તાક્ષરવાળી અરજી લઈને પ્રધાનમંત્રીને મળવા આવ્યા હતા. તેમના જણાવ્યા અનુસાર આ હસ્તાક્ષરો એવા નાગરિકોના છે, જેઓ ઈ૨૦ પેટ્રોલને ફરજિયાત બનાવવાના નિર્ણયનો વિરોધ કરે છે. તેમણે કહ્યું કે સરકાર લોકહિતમાં આ નિર્ણય પર ફરી વિચાર કરે અને વાહન માલિકોની ચિંતાઓ સાંભળે.

કેજરીવાલે વધુમાં આરોપ લગાવ્યો કે સરકાર સામાન્ય લોકોની ચિંતાઓને અવગણી રહી છે. તેમણે દાવો કર્યો કે ઈ૨૦ પેટ્રોલના અમલીકરણથી વાહનોના જાળવણી ખર્ચમાં વધારો થઈ શકે છે અને તેનો સૌથી વધુ પ્રભાવ મધ્યમ વર્ગ અને નાના વાહનચાલકો પર પડશે. જોકે, કેન્દ્ર સરકારનું કહેવું છે કે ઈ૨૦ ઈંધણથી ક્રૂડ ઓઈલની આયાતમાં ઘટાડો થશે, કાર્બન ઉત્સર્જન ઓછું થશે અને ઈથેનોલ આધારિત અર્થતંત્રને પ્રોત્સાહન મળશે.

## અમેરિકાની ટેરિફની ધમકી છતાં રશિયા ભારતનો સૌથી મોટો ક્રૂડ સપ્લાયર

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૪ : અમેરિકાની સંભવિત ટેરિફની ચેતવણી છતાં ભારતે જુલાઈ ૨૦૨૬ દરમિયાન રશિયા પાસેથી રેકોર્ડ સ્તરે ક્રૂડ ઓઈલની આયાત કરી છે.
અંદાજે દરરોજ ૫૦ લાખ બેરલની કુલ આયાતમાંથી ૨૭થી ૨૮ લાખ બેરલ ક્રૂડ રશિયાથી આવ્યું, જેના કારણે પ્રથમ વખત ભારતની કુલ ક્રૂડ આયાતમાં રશિયાનો હિસ્સો ૫૦ ટકાથી વધુ નોંધાયો છે.




આંકડાઓ મુજબ રશિયા ભારતનો સૌથી મોટો ક્રૂડ સપ્લાયર બની રહ્યો છે, જ્યારે યુએઈ અને સાઉદી અરેબિયા અનુક્રમે બીજા અને ત્રીજા ક્રમે રહ્યા છે. બંને દેશોનો સંયુક્ત પુરવઠો પણ રશિયાની સરખામણીએ ઓછો રહ્યો છે.આ વધારો એવા સમયે નોંધાયો છે જ્યારે અમેરિકા રશિયાથી તેલ ખરીદતા દેશો સામે વધારાના ટેરિફ સહિતના પગલાં પર વિચાર કરી રહ્યું છે. તેમ છતાં ભારતે પોતાની ઊર્જા સુરક્ષા અને આર્થિક હિતોને ધ્યાનમાં રાખીને ડિસ્કાઉન્ટેડ રશિયન ક્રૂડની ખરીદી ચાલુ રાખી છે.

ઊર્જા વિશ્લેષકોના મતે ભારતની ઊર્જા સ્ત્રોતોમાં વૈવિધ્ય લાવવાની નીતિ સફળ રહી છે.

રશિયા તરફથી મળતા ડિસ્કાઉન્ટેડ ક્રૂડને કારણે આયાત ખર્ચમાં રાહત મળી છે, જેનાથી રિફાઈનરીઓને સ્પર્ધાત્મક લાભ મળ્યો છે અને દેશના વેપાર તથા રાજકોષીય સંતુલન જાળવવામાં પણ મદદ મળી છે. પશ્ચિમ એશિયામાં ભૂરાજકીય અનિશ્ચિતતા વચ્ચે રશિયા ભારત માટે વિશ્વસનીય અને મહત્વપૂર્ણ ઊર્જા ભાગીદાર તરીકે વધુ મજબૂત બનીને ઉભર્યું છે.

## શેખ હસીનાના નવી દિલ્હીમાં થનારા વર્ચ્યુઅલ ભાષણ સામે બાંગ્લાદેશનો વાંધો

(સંપૂર્ણ સમાચાર સેવા)
ઢાકા, તા.૪ : બાંગ્લાદેશે ભારતના નવી દિલ્હીથી દેશનિકાલ કરાયેલા પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાના આયોજિત વર્ચ્યુઅલ સંબોધન પર પોતાની સ્થિતિ સ્પષ્ટ કરવા ભારતને અનુરોધ કર્યો છે. બાંગ્લાદેશે ચેતવણી આપી છે કે કોઈ ફરાર વ્યક્તિ દ્વારા રાજકીય પ્રવૃત્તિઓ ચલાવવાથી બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોને નુકસાન થઈ શકે છે. હસીના આગામી ૫ ઑગસ્ટે દિલ્હીમાં ફોરિન કરસ્પોન્ડન્ટ્સ ક્લબ દ્વારા યોજાનાર એક કાર્યક્રમમાં વીડિયો લિંક દ્વારા સંબોધન કરવાની છે. જે તેમની સરકારને પદભ્રષ્ટ કરનાર વિદ્યાર્થી આંદોલનની બીજી વર્ષગાંઠ નિમિત્તે યોજાઈ રહ્યો છે.આ મુદ્દો એવા સમયે સામે આવ્યો છે. જ્યારે ઢાકા ભારત પાસેથી શેખ હસીનાના પ્રત્યાર્પણની સતત માંગ કરી રહ્યું છે. ઑગસ્ટ ૨૦૨૪માં બાંગ્લાદેશ છોડ્યા પછી હસીના ભારતમાં જ આશરો લઈ રહી છે. તેમની સામે અનેક ગંભીર કેસો



નોંધાયેલા હોવા છતાં, તેમણે ડિસેમ્બરમાં બાંગ્લાદેશ પરત ફરવાની યોજના બનાવી છે. બાંગ્લાદેશના વિદેશ રાજ્યમંત્રી શમા ઓબેદ ઈસ્લામે જણાવ્યું હતું કે ભારત સાથેની પ્રગતિને અટકાવવા માંગતા નથી, પરંતુ ભારતે આ મામલે પોતાની સ્પષ્ટ સ્થિતિ દર્શાવવી આવશ્યક છે.

આયોજકોના જણાવ્યા મુજબ, ૭૮ વર્ષીય હસીના તેમના પુત્ર સાથે આ કાર્યક્રમને સંબોધિત કરશે. શમા ઓબેદે જણાવ્યું હતું કે બાંગ્લાદેશે ભારતીય ભૂમિ પરથી રાજકીય નિવેદનો આપતી હસીના અને અન્ય નેતાઓ સામે અગાઉ પણ ચિંતા વ્યક્ત કરી હતી. ફરાર આરોપી વ્યક્તિઓના નિવેદનોથી ભારત-બાંગ્લાદેશના સંબંધોને નુકસાન પહોંચવું જોઈએ નહીં. જોકે, તેમણે સ્વીકાર્યું કે આ કાર્યક્રમ ભારત સરકાર દ્વારા આયોજિત નથી, તેમ છતાં ઢાકા કૂટનીતિક માધ્યમો દ્વારા આ મામલો ગંભીરતાથી ઉઠાવશે.

શેખ હસીનાને સત્તા પરથી હટાવ્યા બાદ બંને દેશો વચ્ચે તણાવ રહ્યો છે, પરંતુ તાજેતરની નવી સરકાર આવ્યા બાદ સંબંધો સુધારવાના પ્રયાસો ચાલુ છે. હસીનાના શાસનના પતન બાદ બાંગ્લાદેશે પ્રત્યાર્પણની માંગ કરી હતી અને વર્ષ ૨૦૨૫માં માનવતા વિરુદ્ધના ગુનાઓમાં તેમને મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી હતી. આ દમનમાં અંદાજે ૧,૪૦૦ લોકોના મોત થયા હોવાનો અંદાજ છે. જોકે, હસીનાએ આ તમામ આરોપો અને ચુકાદાઓને રદબાતલ ગણાવીને ફગાવી દીધા છે.

## વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં અને વડાપ્રધાન માફ કરી રહ્યા છે : રાહુલ ગાંધી

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૪ : દિલ્હીમાં 'વાઈકો ઈન પાર્લામેન્ટ' પુસ્તક વિમોચન પ્રસંગે રાહુલ ગાંધીએ PM મોદી અને RSS પર આકરા પ્રહારો કર્યા. તેમણે PMના 'માફ કરવા'ના નિવેદન પર સવાલ ઉઠાવતા કહ્યું કે, PMને ભારતના ભવિષ્યને માફ કરવાનો અધિકાર કોણે આપ્યો? વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં છે અને શિક્ષણ વ્યવસ્થા યોગ્ય નથી, ત્યારે આવા નિવેદનો અયોગ્ય છે. રાહુલ ગાંધીએ સંઘની વિચારસરણીને પણ ખતરનાક ગણાવી.

દિલ્હીના કોન્સ્ટિટ્યુશન ક્લબ ઓફ ઈન્ડિયા ખાતે 'વાઈકો ઈન પાર્લામેન્ટ' નામના પુસ્તક વિમોચન કાર્યક્રમમાં લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર



મોદી અને RSS પર તીખા પ્રહારો કર્યા હતા. રાહુલ ગાંધીએ વડાપ્રધાનના તાજેતરના નિવેદન સામે સવાલો ઉઠાવતા દેશમાં શિક્ષણ અને વિદ્યાર્થીઓની સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

રાહુલ ગાંધીએ કાર્યક્રમ દરમિયાન કહ્યું કે, 'વડાપ્રધાન કહે છે કે હું તેમને માફ કરું છું. મને નથી ખબર કે તેઓ તેમને માફ કરવાવાળા કોણ છે. દેશ અત્યારે એક વિચિત્ર સમયમાંથી પસાર થઈ રહ્યો છે.

વિદ્યાર્થીઓ રસ્તા પર છે અને ખૂબ જ તકલીફમાં છે. તેઓ પરીક્ષાઓમાં નિષ્પક્ષતા અને એક એવી શિક્ષણ વ્યવસ્થાની માંગ કરી રહ્યા છે જે યોગ્ય રીતે કામ કરે, પરંતુ બીજી તરફ આપણા વડાપ્રધાન તેમને માફ કરી રહ્યા છે.'

પીએમ મોદીના નિવેદન સામે સવાલ ઉઠાવતા રાહુલ ગાંધીએ કહ્યું કે, 'તેમને આ વિચાર ક્યાંથી આવ્યો કે તેમને ભારતના ભવિષ્યને માફ કરવાનો હક છે, મને નથી ખબર, પરંતુ તેઓ એ જ કરવા માંગે છે.' આ સાથે જ તેમણે સંઘ પર નિશાનો સાધતા કહ્યું કે, વડાપ્રધાનની સોચ, તેમના સાથીઓ અને ખાસ કરીને RSSની વિચારસરણી પાછળ એક ખૂબ જ ખતરનાક વિચાર રહેલો છે.

## અમૃતસરમાં ISI સમર્થિત આતંકી મોડ્યુલનો પર્દાફાશ

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમૃતસર, તા.૪ : પંજાબને અશાંત બનાવવાના કથિત કાવતરાને નિષ્ફળ બનાવતા અમૃતસર કમિશનરેટ પોલીસે પાકિસ્તાનની ગુપ્તચર એજન્સીઁજૈં સાથે જોડાયેલા હોવાનું શંકાસ્પદ એક આતંકી મોડ્યુલનો પર્દાફાશ કર્યો છે. આ કાર્યવાહી દરમિયાન પોલીસે કુલ ૯ આરોપીઓની ધરપકડ કરી છે, જેમાં ૪ સગીરો પણ સામેલ છે. પોલીસે આરોપીઓ પાસેથી ગેરકાયદે હથિયારો, જીવંત કારતૂસ અને પેટ્રોલ બોમ્બ બનાવવા માટે ઉપયોગમાં લેવાતી સામગ્રી જપ્ત કરી છે.

પોલીસના જણાવ્યા અનુસાર, ધરપકડ કરાયેલા આરોપીઓ પાસેથી ૩ ગેરકાયદે પિસ્તોલ, ૯ જીવંત કારતૂસ અને પેટ્રોલથી ભરેલી ૪ બોટલો મળી આવી છે. તપાસમાં પ્રાથમિક રીતે સામે આવ્યું છે કે આ બોટલોનો ઉપયોગ પેટ્રોલ બોમ્બ તરીકે કરવાની યોજના હતી. સુરક્ષા એજન્સીઓનું માનવું છે કે આરોપીઓ સંવેદનશીલ વિસ્તારોમાં હુમલા કરીને રાજ્યમાં અશાંતિ ફેલાવવાનો પ્રયાસ કરી રહ્યા હતા.

પ્રાથમિક પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું છે કે આરોપીઓ વિદેશમાં બેઠેલાઁજૈં સાથે સંકળાયેલા હેન્ડલરોના સંપર્કમાં હતા. પોલીસના દાવા મુજબ, સોશિયલ મીડિયા અને અન્ય ડિજિટલ માધ્યમો દ્વારા તેમની સાથે સંપર્ક સાધવામાં આવતો હતો અને નાણાં તેમજ અન્ય લાલચ આપીને તેમને ગેરકાયદે પ્રવૃત્તિઓ માટે પ્રેરિત કરવામાં આવતા હતા.

તપાસ દરમિયાન વધુ એક ચોંકાવનારો ખુલાસો થયો છે. પોલીસના જણાવ્યા મુજબ આરોપીઓએ રેલવે ટ્રેક અને અન્ય સંવેદનશીલ વિસ્તારો પર નજર રાખવા માટે ઝઝ્રફ કેમેરા લગાવ્યા હતા. આ કેમેરાઓ દ્વારા સુરક્ષા દળોની અવરજવર અને મહત્વપૂર્ણ સ્થળોની માહિતી એકત્ર કરવામાં આવતી હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે.

પોલીસે જણાવ્યું કે આરોપીઓને સુરક્ષા સંસ્થાઓની રેકી કરવી, ગેરકાયદે હથિયારો ભેગા કરવા અને રાજ્યમાં કાયદો-વ્યવસ્થાને ખોરવવાના કામ સોંપવામાં આવ્યા હતા. આ સમગ્ર નેટવર્ક પાછળ કાર્યરત અન્ય સ્થાનિક તેમજ વિદેશી સંપર્કોની ઓળખ કરવા માટે

## કર્ણાટકમાં મંત્રી મંડળ વિસ્તરણ થતાં જ કોંગ્રેસમાં ભડકો!

(સંપૂર્ણ સમાચાર સેવા)
કર્ણાટક, તા.૪ : કર્ણાટકમાં કોંગ્રેસ સરકારના મંત્રીમંડળ વિસ્તરણ થતાંની સાથે જ પક્ષની અંદરનો આંતરિક વિખવાદ ખુલ્લીને સામે આવી ગયો છે. મંત્રીપદની આશા રાખીને બેઠેલા ધારાસભ્યોની અવગણનાથી નારાજ થયેલા બે ધારાસભ્યોએ વિધાનસભાના સભ્યપદેથી રાજીનામું આપવાની જાહેરાત કરી દીધી છે, તો બીજી તરફ અનેક વરિષ્ઠ નેતાઓએ હાઈકમાન્ડ સામે મોરચો માંડી દીધો છે.મંત્રીમંડળ વિસ્તરણ દરમિયાન મંત્રીઓની યાદી બે વાર જાહેર કરવામાં આવી હતી. પ્રથમ યાદીમાં ભટકલના ધારાસભ્ય મનકલ વૈદ્યને સ્થાન આપવામાં આવ્યું હતું, પરંતુ છેલ્લી ઘડીએ તેમનું નામ બદલીને તેમના સ્થાને દાવણગેરેના ધારાસભ્ય એસ.એસ. મલ્લિકાર્જુનનું નામ ઉમેરાયું હતું. જ્યારે એસ.એલ.સી. ગાયત્રી શાંતેગૌડાનું નામ કાપીને એક પદ ખાલી છોડી દેવામાં આવ્યું છે. જોકે, ગાયત્રીની અવગણના અંગે પક્ષ દ્વારા કોઈ સત્તાવાર નિવેદન આપવામાં આવ્યું નથી, પરંતુ સૂત્રોના જણાવ્યા પ્રમાણે વરિષ્ઠ નેતાઓના દબાણને કારણે આ નિર્ણય લેવાયો છે.

સૌથી મોટો ઝટકો ત્રણ વખતથી ઈંડીના ધારાસભ્ય રહેલા યશવંતરાયગૌડા પાટીલે આપ્યો છે, જેમણે ડેપ્યુટી સ્પીકરને પોતાનું રાજીનામું સોંપી દીધું છે. તેમણે કહ્યું કે, હું કોંગ્રેસ પરિવાર સાથેના તમામ સંબંધો પૂરા કરી રહ્યો છું. ઉલ્લેખનીય છે કે, ઈંડી રાજ્યની એકમાત્ર એવી બેઠક છે જ્યાંથી આજ સુધી કોઈ મંત્રી બની શક્યું નથી.

સાગરના ધારાસભ્ય બેલૂર ગોપાલકૃષ્ણએ પણ રાજીનામાની જાહેરાત કરતા તીખો સવાલ કર્યો હતો. તેમણે પૂછ્યું કે, 'શું મંત્રીપદ માત્ર પૂર્વ મુખ્યમંત્રીઓ અને મંત્રીઓના સંતાનો માટે જ અનામત છે? જો સત્તા ભોગવી ચૂકેલા લોકોને જ વારંવાર તક મળશે, તો મારા જેવા ધારાસભ્યોનું ભવિષ્ય શું?' તેમણે આરોપ લગાવ્યો કે, 'મને મંત્રી બનાવવાનું આશ્વાસન આપવામાં આવ્યું હતું.

## ભારતમાં ઘણા વોટ્સએપ એકાઉન્ટ્સની 'સમીક્ષા' કરવામાં

(જી.એન.એસ) તા. ૪
નવી દિલ્હી, મેસેજિંગ એપ્લીકેશન WhatsApp દ્વારા અનેક યુઝર એકાઉન્ટ્સ, જેમાં ભારતમાં ઘણા બધાનો સમાવેશ થાય છે, ૨૪ કલાક સુધી સમીક્ષા હેઠળ રાખ્યા, જેનાથી બધી એપ સુવિધાઓની ઍક્સેસ અસ્થાયી રૂપે પ્રતિબંધિત થઈ ગઈ. આ અણધારી કાર્યવાહીથી અસરગ્રસ્ત વપરાશકર્તાઓએ તેમના એકાઉન્ટ્સને પૂર્વ સૂચના વિના અપ્રાપ્ય મળ્યા બાદ સોશિયલ મીડિયા પર ચિંતા વ્યક્ત કરી.

આ મુદ્દાના જવાબમાં, ઉરઙ્કંજઙ્ઢ પ્રવક્તાએ જણાવ્યું હતું કે કંપની તેની નીતિઓનું ઉલ્લંઘન કરી શકે તેવા એકાઉન્ટ્સને સસ્પેન્ડ કરીને તેના પ્લેટફોર્મનો દુરુપયોગ અટકાવવા માટે સતત કામ કરે છે."અમે હંમેશા અમારી સેવાનો દુરુપયોગ કરવાનો પ્રયાસ કરનારાઓથી આગળ રહેવા અને અન્ય વપરાશકર્તાઓને સુરક્ષિત રાખવા માટે એકાઉન્ટ્સ પર પ્રતિબંધ મૂકવા માટે કામ કરીએ છીએ. ક્યારેક અમને આ ભૂલ થાય છે અને જો અમે આવું કરીએ છીએ, તો અમે લોકોને ચેટિંગ પર પાછા લાવવા માટે શક્ય તેટલી ઝડપથી તેને સુધારવાનો પ્રયાસ કરીએ છીએ," પ્રવક્તાએ જણાવ્યું.

આ વિક્ષેપૈંજી રાત્રે ૮ વાગ્યાની આસપાસ સામે આવ્યો, જ્યારે વપરાશકર્તાઓએ જાણ કરવાનું શરૂ કર્યું કે તેમના એકાઉન્ટ્સ સમીક્ષા હેઠળ મૂકવામાં આવ્યા છે. એપ્લિકેશને એક સંદેશ પ્રદર્શિત કર્યો જેમાં જણાવવામાં આવ્યું હતું કે ઉરઙ્કંજઙ્ઢની સેવાની શરતોનું પાલન સુનિશ્ચિત કરવા માટે એકાઉન્ટ પ્રવૃત્તિ અને ઉપકરણ માહિતી તપાસવામાં આવી રહી છે, અને ઉમેર્યું હતું કે વપરાશકર્તાઓને સામાન્ય રીતે ૨૪ કલાકની અંદર પરિણામ પ્રાપ્ત થશે.

## ઈરાનમાં ભારતના રાજદૂત તરીકે વિશ્વેશ નેગીની નિમણૂક

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૪ : પશ્ચિમ એશિયામાં વધી રહેલા તણાવ અને હોર્મુઝ સ્ટ્રેટને લઈને સર્જાયેલી અનિશ્ચિતતા વચ્ચે ભારત સરકારે મહત્વપૂર્ણ રાજદ્વારી નિર્ણય લીધો છે. ભારતીય વિદેશ સેવા (IFS)ના ૨૦૦૨ બેચના વરિષ્ઠ અધિકારી વિશ્વેશ નેગીને ઈરાનમાં ભારતના નવા રાજદૂત તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. વિદેશ મંત્રાલયે તેમની નિમણૂકની સત્તાવાર જાહેરાત કરી છે. વિશ્વેશ નેગી ટૂંક સમયમાં તેહરાનમાં પોતાનો કાર્યભાર સંભાળશે અને હાલના રાજદૂત રુદ્ર ગૌરવ શ્રેષ્ઠનું સ્થાન લેશે.

વિશ્વેશ નેગી હાલમાં વિદેશ મંત્રાલયમાં સંયુક્ત સચિવ તરીકે ઈન્ડો-પેસિફિક ક્ષેત્ર સાથે ભારતના સંબંધોની જવાબદારી સંભાળી રહ્યા છે. આંતરરાષ્ટ્રીય કૂટનીતિ, સુરક્ષા અને વ્યૂહાત્મક સહયોગના ક્ષેત્રમાં તેમને લાંબો અને વ્યાપક અનુભવ છે. અગાઉ તેઓ રક્ષા મંત્રાલયમાં આંતરરાષ્ટ્રીય સહકાર વિભાગના સંયુક્ત સચિવ તરીકે ફરજ બજાવી ચૂક્યા છે, જ્યાં તેમણે સંરક્ષણ કૂટનીતિ, સૈન્ય સહયોગ અને અનેક દ્વિપક્ષીય ચર્ચાઓમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

## હોર્મુઝમાં ફરી હુમલો, તણાવ વધ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૪ : અમેરિકા અને ઈરાન વચ્ચે સંભવિત વાટાઘાટોને લઈને વિરોધાભાસી નિવેદનો વચ્ચે હોર્મુઝની ખાડીમાં ફરી એકવાર જહાજ પર હુમલાની ઘટના સામે આવતા મધ્ય પૂર્વમાં તણાવ વધુ ઘેરો બન્યો છે.
વૈશ્વિક કાચા તેલના વેપાર માટે અત્યંત મહત્વપૂર્ણ ગણાતી હોર્મુઝની ખાડીમાં સર્જાયેલી આ ઘટનાએ આંતરરાષ્ટ્રીય ઊર્જા પુરવઠા અને વૈશ્વિક બજારો અંગે નવી ચિંતા ઊભી કરી છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો છે કે અમેરિકા અને ઈરાન વચ્ચે વાટાઘાટો ચાલી રહી છે અને તેહરાન માટે સમજૂતી કરવાની આ "છેલ્લી તક" છે. ટ્રમ્પના જણાવ્યા અનુસાર, આ પ્રક્રિયા સાઉદી અરેબિયા, સંયુક્ત આરબ અમીરાત, કતાર અને અન્ય પ્રાદેશિક દેશોની વિનંતી બાદ આગળ વધી રહી છે.

જોકે, ઈરાને અમેરિકાના આ દાવાને સંપૂર્ણપણે નકારી કાઢ્યો છે. ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બઘાઈએ સ્પષ્ટ જણાવ્યું કે અમેરિકા સાથે કોઈ વાટાઘાટો ચાલી રહી નથી અને આવી કોઈ બેઠક પણ નક્કી કરવામાં આવી નથી. ઈરાને પોતાના વલણમાં કોઈ ફેરફાર ન હોવાનું જણાવ્યું છે.

આ દરમિયાન યુકે મેરિટાઈમ ટ્રેડ ઓપરેશન્સ(ેંદ્ભસ્)ના જણાવ્યા અનુસાર, ઓમાનના કિનારા નજીક હોર્મુઝની ખાડી વિસ્તારમાં એક કાર્ગો જહાજ અજ્ઞાત પ્રોજેક્ટાઈલથી નિશાન બન્યું હતું. ઘટનાની તપાસ ચાલી રહી છે.

## પાકિસ્તાનમાં ૩૦થી વધુ આતંકીઓના મોતનો દાવો

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૪ :પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબા સાથે જોડાયેલા એક ઓપરેટિવે જાહેર સભામાં દાવો કર્યો છે કે છેલ્લા ૩થી ૪ વર્ષમાં પાકિસ્તાનના અલગ-અલગ શહેરોમાં તેમના ૩૦ થી વધુ આતંકવાદીઓ માર્યા ગયા છે.

સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા એક વીડિયોમાં લશ્કરના ઓપરેટિવ રિઝવાન હનીફે દાવો કર્યો છે કે ભારતીય ગુપ્તચર એજન્સીઓએ "અજ્ઞાત હુમલાખોર મોડેલ" દ્વારા પાકિસ્તાનમાં ઘૂસીને આતંકીઓનો સફાયો કર્યો છે.

રિઝવાન હનીફે પોતાના સંબોધનમાં દાવો કર્યો છે કે લશ્કરના ઓપરેટિવ્સને પાકિસ્તાનના અનેક મુખ્ય શહેરોમાં નિશાન બનાવવામાં આવ્યા છે. જેમાં પેશાવર, કરાચી, રાવલપિંડી, મુઝફ્ફરાબાદ અને રાવલાકોટ જેવા વિસ્તારો સામેલ છે.છેલ્લા કેટલાક વર્ષોથી પાકિસ્તાનની ધરતી પર ભારત વિરોધી આતંકવાદી પ્રવૃત્તિઓમાં સામેલ આતંકીઓની અજાણ્યા બંદૂકધારીઓ દ્વારા હત્યા કરવામાં આવી રહી છે. આ ઘટનાઓને કારણે પાકિસ્તાન સરકારે અગાઉ પણ ભારત પર આરોપો લગાવ્યા હતા, જેને નવી દિલ્હીએ હંમેશાં સ્પષ્ટપણે ફગાવી દીધા છે. પરંતુ લશ્કરના ટોચના ઓપરેટિવ દ્વારા આટલી મોટી સંખ્યામાં આતંકીઓના મોતની આ પ્રથમ વખત જાહેર કબૂલાત કરવામાં આવી છે.

પોતાના સંબોધન દરમિયાન રિઝવાન હનીફે અન્ય ધર્મો અને તેમના અનુયાયીઓ સામે ભારે ઝેર ઓક્યું હતું. તેણે આતંકવાદીઓના મોતોને ધર્મ સાથે જોડવાનો પ્રયાસ કરતા દાવો કર્યો હતો કે તેમના લોકોનો "એકમાત્ર ગુનો" તેમનો ધાર્મિક વિશ્વાસ હતો. ભાષણના અંતે તેણે અમેરિકા અને ઇઝરાયેલનો ઉલ્લેખ કરીને ધાર્મિક કટ્ટરતા દર્શાવતા નિવેદનો આપ્યા હતા.




Wednesday 05, August 2026

# દમણગંગા ટાઇમ્સ

દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

## વલસાડના ફુટપાથો પરથી મૂકેલા સ્ટેચ્યુ અને બોર્ડ હટાવાયા




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૪ :** વલસાડ શહેરના મુખ્ય વેપારી વિસ્તારો જેવા કે એમ.જી. રોડ, આઝાદ ચોક, નાની ખત્રીવાડ અને સ્ટેડિયમ રોડ પર દુકાનદારો દ્વારા રસ્તા પર મૂકવામાં આવતા સ્ટેચ્યુ, જાહેરાતના બોર્ડ અને અન્ય સામાનને કારણે ટ્રાફિકની ગંભીર સમસ્યા સર્જાઈ રહી હતી. દુકાન બહારના દબાણોના લીધે વાહનચાલકોને રસ્તા પર જ વાહનો પાર્ક કરવાની ફરજ પડતી હતી, જે વલસાડ નગરપાલિકા અને ટ્રાફિક પોલીસ માટે લાંબા સમયથી માથાનો દુખાવો બની ગયું હતું. આજરોજ વલસાડ નગરપાલિકાની બાંધકામ શાખા અને એનક્રોચમેન્ટ ટીમ દ્વારા સંયુક્ત રીતે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. નગરપાલિકાની ટીમે ટાવર વિસ્તારથી લઈને ખત્રીવાડ સુધીના માર્ગ પર ઓચિંતું દબાણ હટાવ ઝુંબેશ શરૂ કરી હતી. કાર્યવાહી દરમિયાન રસ્તા પર અડચણરૂપ મુકાયેલા સ્ટેચ્યુ, સાઈનબોર્ડ અને અન્ય અસ્થાયી દબાણો જપ્ત કરી રસ્તો ખુલ્લો કરવામાં આવ્યો હતો. પાલિકાની આ અચાનક કાર્યવાહીથી વેપારીઓમાં થોડા સમય માટે દોડધામ મચી ગઈ હતી. નગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલી આ ઝુંબેશ બાદ સ્થાનિક વેપારીઓના મંડળ દ્વારા પાલિકાના ચીફ ઓફિસર ને મળીને રજૂઆત કરવામાં આવી હતી. વેપારીઓએ પોતાની સમસ્યાઓ અને વેપાર પર પડતી અસર અંગે ચર્ચા કરી યોગ્ય ઉકેલ લાવવા માંગ કરી હતી.

નગરપાલિકા તંત્ર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે માર્ગો પર ટ્રાફિક સુચારૂ રીતે ચાલે અને વાહનચાલકો તથા રાહદારીઓને તકલીફ ન પડે તે માટે આગામી દિવસોમાં પણ દબાણ હટાવ ઝુંબેશ ચાલુ રાખવામાં આવશે.

## ડુંગરા પોલીસે દિવસની ઘરફોડ ચોરીના ૨ રીઢા ચોર ઝડપાયા



**રોકડ અને ૨ મોબાઈલ સાથે મુદ્દામાલ કબજે, આરોપીઓ ૬ ગુનામાં સંડોવાયેલા છે**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૪ :** ડુંગરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલ દિવસની ઘરફોડ ચોરીના ગુનાનો ગણતરીના દિવસોમાં ભેદ ઉકેલીને ડુંગરા પોલીસ ટીમે બે રીઢા ચોર ઈસમોને મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા છે.

તા.૩૦/૦૭/૨૦૨૫ના રોજ બપોરે ૨ વાગ્યાથી ૨:૩૦ વાગ્યા દરમિયાન હરકોઈ વસાહત મો.છરવાડા, નૈનયા પ્રસાદાના ફ્લેટ નં.૨૦૪, બીજોમાળ, નેહા કોમ્પલેક્સ રામવાળી તા.વાપી જી.વલસાડના એક રૂમના મુખ્ય દરવાજાનો મારો તોડી કોઈ અજાણ્યા ચોર ઈસમે કોઈ સાધન વડે તોડી રૂમમાં પ્રવેશ કરી ફરિયાદીના બેડરૂમના ટેબલ ઉપર રાખેલ બેગમાંથી રોકડ રૂપિયા ૪૦,૦૦૦ની મતાની ચોરી કરી હતી. આ અંગે ડુંગરા પો.સ્ટે.માં ગુનો નોંધાયો હતો.

ઉપરોક્ત ઘરફોડ ચોરીના ગુનાનો ભેદ ઉકેલવા સુરત વિભાગના પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીર સિંહ અને વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજાના માર્ગદર્શન તથા નાયબ પોલીસ અધિક્ષક બી.એન.દવેની સૂચનાથી PI બી.એન.ગોહિલના માર્ગદર્શન હેઠળ ભ્લ્ત એ.આર. ચોટલીયા અને ડુંગરા સર્વેલન્સ સ્ટાફની અલગ અલગ ટીમ બનાવી તપાસ હાથ ધરવામાં આવી. આજુબાજુના CCTV ફૂટેજ અને ટેક્રિકલ એનાલીસના આધારે પોલીસને શકાસ્પદ ઈસમોના ફોટોગ્રાફ મળ્યા. તે દરમિયાન મળેલી બાતમીના આધારે ઉપરોક્ત ગુનામાં સંડોવાયેલા મોહમ્મદ શાહનવાઝ રજ્જહસન શેખ ઉ.વ.૨૦ રહે. છીરી, ગાલા મસાલા, લક્કી હોટલના પાસે, યાદવની ચાલ, રૂમ નં.૦૩, તા.વાપી અને તસ્લીમ ઉર્ફે ગોટા નસીમ ખાન ઉ.વ.૨૧ રહે. છીરી, ગાલા મસાલા, ક્રિષ્ણાપાર્ક, મંદિરની સામે, સુરેશની ચાલના પાછળ, પોતાના રૂમમાં, તા.વાપી જી.વલસાડને ડુંગરા ખાતેથી પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી.પૂછપરછમાં બંને આરોપીઓએ તા.૩૦/૦૭/૨૦૨૫ના દિવસે મો.છરવાડા ખાતે દિવસ દરમિયાન તાળું તોડી ઘરમાંથી રોકડની ચોરી કર્યાની કબૂલાત કરી છે. આરોપીઓનો ગુનાહિત ઈતિહાસ તપાસતા મોહમ્મદ શાહનવાઝ સામે ડુંગરા પો.સ્ટે.માં ૨ અને તસ્લીમ ગોટા સામે ૪ ગુના નોંધાયેલા હોવાનું ખુલ્યું છે. પોલીસે તેમની પાસેથી ૨ મોબાઈલ ફોન અને રોકડ રૂપિયા ૨૮,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.

## સેલવાસ કોલેજમાં 'વિકસિત ભારત યુવા કનેક્ટ' અને નશા મુક્તિ જાગૃતિ કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૦૪ :** ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ ગવર્મેન્ટ કોલેજ, સેલવાસ ખાતે 'વિકસિત ભારત યુવા કનેક્ટ' કાર્યક્રમ અંતર્ગત નશા મુક્તિ અને રાષ્ટ્ર નિર્માણને સમર્પિત વિશેષ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ યુવાનોને વિકસિત ભારતના નિર્માણમાં સક્રિય ભાગીદાર બનવા તેમજ નશામુક્ત જીવનશૈલી અપનાવવા પ્રેરિત કરવાનો હતો. કાર્યક્રમની શરૂઆત 'વંદે માતરમ'ના ગાનથી કરવામાં આવી હતી. ત્યારબાદ જિલ્લા યુવા અધિકારીઓ દ્વારા માય ભારત અંગે માહિતી આપી તેની વિવિધ પ્રવૃત્તિઓથી વિદ્યાર્થીઓને પરિચિત કરવામાં આવ્યા હતા. પ્રસંગે MY Bharat Song તેમજ Viksit Bharat Young Leaders Dialogue (VBYLD) એન્થમના વિડિયો પણ રજૂ કરવામાં આવ્યા હતા.

યુવાનોમાં પ્રેરણા જગાવવા માટે યુથ આઈકોન પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. ઉપરાંત નશા મુક્ત વોરિયર દ્વારા પ્રેરણાદાયી સંબોધન આપવામાં આવ્યું હતું અને નશાના દૂષ્પરિણામો અંગે જાગૃતિ લાવતો વિડિયો પણ પ્રદર્શિત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ અને ઉપસ્થિતોએ નશા મુક્ત ભારત તથા વિકસિત ભારતના નિર્માણમાં યોગદાન આપવાનો સામૂહિક સંકલ્પ લીધો હતો. આ કાર્યક્રમમાં કોલેજના આચાર્ય ભગવાન ઝા, શિક્ષણ અધિકારી તથા નશા મુક્ત ભારત અભિયાનના નોડલ અધિકારી બલવંત પાટીલ, ગૌરવ પટેલ, મહાવિદ્યાલયનો સ્ટાફ, એનએસએસના સ્વયંસેવકો તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનો સમાપન આભારવિધિ અને રાષ્ટ્રગાન સાથે કરવામાં આવ્યો હતો.

## ગણદેવીમાં દારૂ ભરેલ ટ્રક સાથે બે ઝડપાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા. ૦૪ :** ગણદેવી પોલીસ ટીમે મંગળવારે બાતમીના આધારે ગણદેવી એક્સપ્રેસ હાઈવે ટોલનાકા પાસેથી એક ટ્રકમાંથી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે ટ્રકમાં ગુપ્ત ખાનામાં છુપાવીને લઈ જવામાં આવતી વિદેશી દારૂની બોટલો અને ટીન બિયર મળી કુલ નંગ-૭૦૮ (કિંમત રૂ. ૨,૫૪,૮૮૦) જપ્ત કર્યા હતા. રૂ.૧૦ લાખની ટાટા ટ્રક નં. જીજે ૨૪ વી ૨૯૩૧, મોબાઈલ રૂ.૫ હજાર અને ટ્રાન્સપોર્ટ કંપની નો સામાન રૂ.૭,૩૧,૯૭૧ મળી કુલ રૂ.૧૯૯૧૮૫૧ નો મુદ્દામાલ કબ્જે લીધો હતો. અને આરોપીઓ રાકેશજી ગોપાલજી ઠાકોર (૨૫) અને રણજીતજી ગણેશજી ઠાકોર (૩૦) (બંને રહે. નેદરા ગામ, સિદ્ધપુર, પાટણ)ની ધરપકડ કરી હતી. તેમજ

જથ્થો મંગાવનાર અને ભરી આપનાર શખ્સો ઈમરાન મહેબૂબખાન વિહારી રહે. સિધ્ધપુર પાટણ અને અન્ય વિરુદ્ધ પણ પ્રોહિબિશનનો ગુનો નોંધી વધુ તપાસ ગણદેવી પોલીસ કરી રહી છે.

## વાપીથી ગાંજા સાથે ઝડપાયેલા આરોપીને ૧૦ દિવસના રિમાન્ડ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૪ :** વાપી ગીતાનગર જૂનાફટક તરફ જતા રોડ ઉપરથી ગઈ કાલે વલસાડ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની પોલીસે પૂર્વ બાતમી આધારે સંજય મારવાડી હાલ રહે.. બાલાજી મંદિર રોડ, સેલવાસ મૂળ રહે બાલી ગામ, જિલ્લો પાલી રાજસ્થાનને ૫ થેલા સાથે ઝડપી પાડ્યો હતો, તપાસ કરતાં થેલા માંથી ૪૨.૧૮૦ ગ્રામ ગાંજો કિંમત રૂપિયા ૨૧ લાખનો જથ્થો મળી આવ્યો હતો.

પોલીસે તેની ધરપકડ કરી એનડીપીએસ એક્ટ હેઠળ વાપી ટાઉન પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરી ધરપકડ કરી આજે વાપી કોર્ટમાં રજૂ કરવામાં આવતા કોર્ટે ૧૦ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હોવાનું જાણવા મળ્યું છે.

## ડુંગરામાં સગીરને માર મારી હાથ ભાંગી નાખ્યો

### લખોટી રમવા બાબતે બિલ્ડિંગમાં રહેતા ઈસમે બે સગીરને ઢીક મુક્કીનો માર માર્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૪ : ડુંગરા કોલોની પરી**વાર એપાર્ટમેન્ટમાં લપોટી રમવા બાબતે થયેલા ઝઘડામાં એક વ્યક્તિએ બે સગીર ભાઈઓને માર મારતા એકના હાથનું હાડકું ફ્રેક્ચર થયું હોવાની ફરિયાદ ડુંગરા પોલીસમાં નોંધાઈ છે.

ફરિયાદી સોહેલ ઈબ્રાહર ખાન રહે. ડુંગરા કોલોની પરીવાર એપાર્ટમેન્ટ સી-બિલ્ડિંગ, વાપીએ જણાવ્યું કે તા.૨૫/૦૭/૨૦૨૬ના રોજ સાંજે ૪ વાગ્યાના સુમારે તેમનો ૧૩ વર્ષનો દીકરો અરબાજ બિલ્ડિંગ નીચે અન્ય છોકરાઓ સાથે લપોટી રમતો હતો. તે જ સમયે બી-બિલ્ડિંગમાં રહેતા આસીફ અલી અંસારીએ અરબાજને લપોટી ન રમવાની ના પાડી અને આગળ રમશે તો મારી નાખવાની ધમકી આપી હતી.

ત્યારબાદ પણ અરબાજ અન્ય બાળકો સાથે રમતો હતો ત્યારે આસીફ અલી અંસારીએ આવીને તેને જમણા હાથના ખભા, માથાની ડાબી બાજુ અને કાન ઉપર ઢીક મુક્કીનો માર માર્યો હતો. વચ્ચે છોડાવવા ગયેલા નાના ભાઈ સોયબ ઉ.વ.૧૧ને પણ તેણે માર માર્યો હતો. ઘટના બાદ સારવાર માટે અરબાજને વાપીની સેલ્બી હોસ્પિટલ અને બાદમાં નમો હોસ્પિટલ સેલવાસમાં દાખલ કરવામાં આવ્યો. જ્યાં ફરજ પરના ડોક્ટરે જમણા હાથના ખભામાં ફ્રેક્ચર થયું હોવાનું જણાવ્યું હતું.

આ મામલે ફરિયાદી સોહેલ ખાને આસીફ અલી અંસારી વિરુદ્ધ મારામારી અને ગાળો આપવાની ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## બીલીમોરામાં યુવાને ટ્રેન આગળ પડતુ મુકયુ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૦૪ :** બીલીમોરા નજીક તલોધ સિંગલ ફળીયા પાસે સોમવાર બપોરે એક યુવાન એ રણકપોર એક્સપ્રેસ ટ્રેન સામે સુઈ આપઘાત કરી લેતા ચકચાર મચી હતી. ટ્રેન ની ધસમસતી ઝડપ ને કારણે તેના શરીરના ફુરચે ફુરચા ઉડી જતા અરેરાટી વ્યાપી હતી. મૃતક નાં ખિસ્સામાંથી આધારકાર્ડ મળતા ઓળખ થઈ હતી. જોકે તેણે આ અંતિમ પગલું કયા સંજોગોમાં ભર્યું તે કારણ અકબંધ રહ્યું હતું. મૃતક બીલીમોરા નાં ગૌહરબાગ માં પત્ની અને બે વર્ષ ની પુત્રી સાથે રહેતો હતો. અને એક ખાનગી કંપની માં નોકરી કરતો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર વડોદરા જિલ્લા નાં સણીયાદ ગામનો વતની અને હાલ બીલીમોરા નાં ગૌહરબાગ માં સ્નેહલ હોસ્પિટલ સામે રહેતો પ્રવીણસિંહ બળવંતસિંહ ચૌહાણ (૩૯) ખાનગી કંપનીમાં મેન્ટેનન્સ વિભાગમાં નોકરી હતો. બીલીમોરા સ્ટેશન ની ઉતરે સિંગલ ફળિયા નજીક સુરત તરફ જતી બાંદ્રા-લાલગંજ રણકપુર સુપરફાસ્ટ ટ્રેન (૧૪૭૦૮) સામે પ્રવીણસિંહે ટ્રેક પર સુઈ જઈને આત્મહત્યા કરી હતી. ટ્રેનના ડ્રાઈવરે સતત હૉર્ન વગાડવા છતાં તેઓ ટ્રેક પરથી હટ્યા ન હતા, જેના પરિણામે ટ્રેન નીચે આવી જતાં તેમનું ઘટનાસ્થળે જ અત્યંત કરૂણ મોત નીપજ્યું હતું. બનાવ બાદ ટ્રેનના ડ્રાઈવરે બીલીમોરા રેલ્વે સ્ટેશન માસ્ટરને જાણ કરતા રેલ્વે પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી. મૃતકના પર્સમાંથી આધારકાર્ડ મળતા તેના આધારે તેમની ઓળખ શક્ય બની હતી. આપઘાત કરતા પહેલા પ્રવીણસિંહે પરિવારજનોને સવારે ચિંતાજનક મેસેજ કરી ફોન સ્વીચ ઓફ કરી દીધો હતો. જેથી પરિવારજનો વડોદરાથી તાત્કાલિક બીલીમોરા દોડી આવ્યા હતા. પ્રવિણસિંહ ચૌહાણ એ કયા કારણે આપઘાત કર્યો તેનું રહસ્ય ખુલ્યું નથી. હાલ આ બનાવ અંગે બીલીમોરા રેલ્વે આઉટ પોસ્ટના હેડ કોન્સ્ટેબલ ભાવસિંગભાઈ આગળની કાયદેસરની તપાસ ચલાવી રહ્યા છે.

## વાપી એનિમલ રેસક્યુ ટીમે ગટરમાંથી વાછરડાને ઉગાર્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૪ :** વાપી જીઆઈડીસી વિસ્તારમાં આવેલી ખુલ્લી વરસાદી પાણીની ગટરમાં ગાયનું નાનું વાછરડું પડી જતાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સ્થાનિક લોકોની સતર્કતાના કારણે સમયસર જાણ થતાં વાપી એનિમલ રેસ્ક્યૂ ટીમે સ્થળ પર પહોંચી ભારે જહેમત બાદ વાછરડાને સલામત રીતે બહાર કાઢ્યું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર, ગત રવિવારે સાંજના સમયે વાપી જીઆઈડીસીના સેકન્ડ ફેઝ વિસ્તારમાં આવેલી ખુલ્લી વરસાદી પાણીની ગટરમાં ગાયનું નાનું વાછરડું પડી ગયું હતું. ગટરના ઉપર કેટલાક સ્થળોએ સિમેન્ટ-કોંક્રીટના સ્લેબ હોવાથી વાછરડું અંદર આગળ સુધી પહોંચી ગયું હતું,

જેના કારણે તેને બહાર કાઢવાની કામગીરી મુશ્કેલ બની હતી. ઘટનાની જાણ સ્થાનિક લોકોએ વાપી એનિમલ રેસ્ક્યૂ ટીમને કરતાં ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. ટીમના સભ્યોએ જરૂરી સાધનોની મદદથી ભારે જહેમત બાદ વાછરડાને કોઈપણ ઈજા વિના સલામત રીતે બહાર



કાઢ્યું હતું. ઉલ્લેખનીય છે કે વાપી જીઆઈડીસી વિસ્તારમાં નવી બની રહેલી ગટર લાઈન અને વરસાદી પાણીની લાઈનના કામને કારણે અનેક સ્થળોએ ખુલ્લી ગટરો રહી ગઈ છે.


**ફ્લેટ વેચવાનો છે**

**વાપીમાં નેશનલ હાઈવે નજીક આવેલા પ્રતિષ્ઠિત રહેણાંક વિસ્તારની લીફ્ટ, જનરેટર સેટ સહિતની અદ્યતન સુવિધાઓ ધરાવતી વેલમેન્ટેઈન કો.ઓપ.હાઉસીંગ સોસાયટીમાં**

**2 BHK ફ્લેટ વેચવાનો છે**

**Area : 1240 Sq.ft.**

**Mo. :98259 90770**



## ડાંગના ૮ ગામોમાં મોબાઈલ નેટવર્ક ખોરવાયું

### કળમ ડુંગર પર ૧૧ દિવસથી બીએસએનએલ ટાવર ઠપ્પ થતાં જનજીવન અસ્તવ્યસ્ત,ઈમરજન્સી સેવાઓ ખોરવાતાં તંત્ર સામે આક્રોશ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૦૪ :** ડાંગ જિલ્લાના દુર્ગમ વિસ્તારમાં આવેલા કળમ ડુંગર પરનો BSNL ટાવર છેલ્લા ૧૧ દિવસથી અગમ્ય કારણોસર તદ્દન બંધ પડી જતા આસપાસના આઠ જેટલા ગામોનો બાહ્ય દુનિયા સાથેનો સંપર્ક તૂટી ગયો છે. મોબાઈલ નેટવર્ક અને કનેક્ટિવિટી પૂર્ણપણે ઠપ્પ થઈ જવાના કારણે સતી,વાંગણ,વાંવદા, કૂતરનાચ્યા, ગોળષ્ટા,સુંદા,ખાપરી અને કાસવદહાડ ગામના હજારો ગ્રામજનો ભારે મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. આધુનિક યુગમાં ડિજિટલ કનેક્ટિવિટીથી વંચિત બનેલા આ અંતરિયાળ ગામડાઓમાં રોજિંદા કામકાજથી લઈને તમામ પ્રકારના વ્યવહારો અટકી પડ્યા છે.નેટવર્ક વિહોણા બનેલા આ વિસ્તારમાં ઈમરજન્સી સેવાઓ સંપૂર્ણપણે ખોરવાઈ જતાં પરિસ્થિતિ અત્યંત ગંભીર અને ચિંતાજનક બની છે. આકસ્મિક બીમારી કે અકસ્માત સમયે ૧૦૮ એમ્બ્યુલન્સ, સુરક્ષા માટે ૧૦૦ નંબર પોલીસ હેલ્પલાઈન કે ૧૧૨ જેવી અતિ મહત્વની ઈમરજન્સી સેવાઓનો સંપર્ક થઈ શકતો ન હોવાથી ગ્રામજનોની સ્થિતિ અત્યંત દયનીય થઈ પડી છે.કનેક્ટિવિટીના અભાવે સગર્ભા મહિલાઓને સમયસર હોસ્પિટલ કે આરોગ્ય કેન્દ્ર સુધી પહોંચાડી શકાતી નથી, જેના કારણે ગામમાં જ બિનઅનુભવી હાથે સુવાવડ કરવાની નોબત આવી છે. આ પરિસ્થિતિને લીધે નવજાત શિશુઓ અને માતાઓના જીવ જોખમમાં મુકાઈ રહ્યા છે તથા યોગ્ય સારવાર સમયસર ન મળવાને કારણે દર્દીઓ ઘરે જ દમ તોડી રહ્યા હોવાના ગંભીર આરોપો પણ ઉઠ્યા છે.સૌથી શરમજનક બાબત એ છે કે છેલ્લા ૧૧-૧૧ દિવસથી આઠેય ગામોમાંથી એક પણ ઈમરજન્સી કોલ કે સામાન્ય કોલ તંત્ર સુધી ન પહોંચવા છતાં વહીવટી વિભાગ કે BSNL ટેલિકોમ વિભાગના જવાબદાર અધિકારીઓએ આ અંગે સ્થળ તપાસ કરવાની પણ તસ્દી લીધી નથી. તંત્રની આવી ઘોર ઉદાસીનતા, અસંવેદનશીલતા અને બેદરકારી સામે સ્થાનિક ગ્રામજનોમાં ભારે રોષ અને આક્રોશ વ્યાપી ગયો છે. જનજીવન અને આરોગ્ય સાથે થઈ રહેલા આ ખિલવાડને અટકાવવા માટે સ્થાનિકોએ તાત્કાલિક ધોરણે કળમ ડુંગર પર આવેલ BSNL ટાવર રિપેર કરી નેટવર્ક કનેક્ટિવિટી પુનઃસ્થાપિત કરવાની ઉગ્ર માંગણી કરી છે.

## પારડીમાં 'નારી વંદન ઉત્સવ' હેઠળ સ્વરોજગાર મેળો યોજાયો




(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૦૪ :** જિલ્લા વહીવટી તંત્ર, વલસાડના માર્ગદર્શન હેઠળ તથા ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ, ગાંધીનગરના સહયોગથી જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, વલસાડ અને જિલ્લા રોજગાર કચેરી, વલસાડ દ્વારા નારી વંદન ઉત્સવ અંતર્ગત જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલની અધ્યક્ષતામાં મહિલા સ્વાવલંબન દિવસ નિમિત્તે પારડી પ્રજાપતિ હોલ, પારડી ખાતે મહિલા રોજગાર/સ્વરોજગાર ભરતી મેળાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

આ ભરતી મેળામાં વિવિધ ઉદ્યોગો(કંપનીઓ)ના કુલ ૭ નોકરીદાતાઓ દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો. મેળામાં કુલ ૪૮૭ મહિલા ઉમેદવારો ઉપસ્થિત રહ્યા હતા, જેમાંથી ૨૫૧ મહિલા ઉમેદવારોની પ્રાથમિક પસંદગી સ્થળ પર જ ઈન્ટરવ્યૂ પ્રક્રિયા દ્વારા કરવામાં આવી હતી. જિલ્લા મહિલા અને બાળ અધિકારી, જિલ્લા પંચાયત પ્રમુખ, જિલ્લા રોજગાર અધિકારી, વલસાડ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિવિધ કંપનીઓ દ્વારા સ્થળ પર જ મહિલા ઉમેદવારોના ઈન્ટરવ્યૂ લેવામાં આવ્યા હતા અને રોજગાર માટેની આગળની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

## વાઘરેચ ટાઇડલ ડેમના પાળાઓ ભયાનક પૂરની સ્થિતિ માટે કારણભૂત હોવાની ચર્ચા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૦૪ :** બીલીમોરા નજીક વાઘરેચ ગામે કાવેરી નદી પર નવનિર્મિત ટાઇડલ ડેમ અને તેના રક્ષણાત્મક પાળાઓ સ્થાનિક નીચાણવાળા વિસ્તારો માટે વરદાનને બદલે અભિશાપ સાબિત થઈ રહ્યા છે. જેને પગલે મંગળવારે સ્થાનિક રહીશો દ્વારા પાલિકા સમક્ષ આ પાળાઓની નીતિ અને પૂર નિયંત્રણ અંગે યોગ્ય ઉકેલ લાવવા રજૂઆત કરવામાં આવી છે.



વાઘરેચ અને ગોંયદી-ભાઠલા સાઈડ નદીની બંને બાજુએ ૨૫ ફૂટથી વધુ ઊંચાઈના વિશાળ પાળાઓ બનાવવામાં આવ્યા છે. આ પાળાઓને કારણે અમુક ચોક્કસ ગામોને પૂર સામે રક્ષણ જરૂર મળ્યું છે, પરંતુ સામે પક્ષે બીલીમોરા શહેર અને આસપાસના નીચાણવાળા વિસ્તારો માટે ડૂબનું મોટું સંકટ ઊભું થયું છે. સ્થાનિક નાગરિકોના જણાવ્યા અનુસાર, છેલ્લા ૨૦૦ વર્ષના ઈતિહાસમાં આ વિસ્તારમાં ક્યારેય ઘરોમાં ૨ ફૂટથી વધુ પાણી પ્રવેશ્યા નહોતા. પરંતુ નદીના કુદરતી પ્રવાહ વિરુદ્ધ બનાવાયેલા આ ઊંચા પાળાઓને લીધે, નદીમાં પાણીનું સ્તર વધતાં જ પાણી અત્યંત વેગથી નીચાણવાળા વિસ્તારો તરફ વળે છે.

જ્યાં પાળા પૂરા થાય છે તે બીલીમોરા જમનાનગર સોસાયટી આગળથી નદીનું પાણી સૌથી પહેલાં ગાબડું પાડીને શહેરમાં પ્રવેશે છે. જેમાં જમનાનગર, શિવ શક્તિ, ચાંદની ચોક, શ્યામ નગર, રત્નાકર સોસાયટી અને શાંતિનગર ટાઉનશીપ મોખરે છે. વાઘરેચ નાઈકીવાડ, શામલા ફળિયા, મેમણ કોલોની, કુંભારવાડ, નાળિયેરી ચાલ, ઓરીયા મોરિયા, બાંગીયા ફળિયા તથા ભાઠા ફળિયા, રામજી મંદિર વિસ્તાર (દેસરા), દેસરા ભાઠા ફળિયા, ઉંડાચ ગામના અનેક ફળીયા, ચીખલી તાલુકાના ઘેકટી તેમજ કાવેરી-ખરેરા નદી નજીકના વિસ્તારો પ્રભાવિત થઈ રહ્યાં છે. ડેમ અને પાળાઓના કારણે પરિસ્થિતિ એટલી વિકટ બની છે કે સામાન્ય વરસાદમાં પણ ૩ થી ૪ ફૂટ પાણી ભરાઈ જાય છે. તાજેતરમાં આવેલા પૂર દરમિયાન તો અનેક ઘરોમાં ૭ થી ૧૨ ફૂટ સુધી પાણી ફરી વળતા લોકોના ઘરવખરી અને મિલકતોને ભારે આર્થિક નુકસાન પહોંચ્યું છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારોમાં ખેતીના પાકને પણ મોટો ફટકો પડ્યો છે. બીજી તરફ ડ્રેનેજ વિભાગ એ પાળાઓનું સમારકામ હાથ ધર્યું હતું. જમનાનગર પાસે શહેરનું કાવેરી નદીમાં પાણી ન જતું નથી. પરંતુ ત્યાંથી કાવેરી નદી નું પાણી દબાણ સાથે ઓરિયમોરા તરફ વહે છે.તે શહેરમાં ફરી વળે છે. આ ઉલટો પ્રવાહ રોકવા પાળા નું સમારકામ જરૂરી છે.

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**